પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

જુલાઈ, ૧૯૯૯
વર્ષ ૭૨મું

સળંગ અંક
૮૫૮


સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી : ધીરુ પરીખ



લોકશૈલીમાં પાળિયાજનનું એક દૃશ્ય

ચિત્રકારઃ બળવંત જોષી



કલાઈનો ઢોળ ચઢાવેલી માટીની ઇટાલિયન તાસક (ઇ.સ. ૧૫૨૪)

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745

પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સર્વલક્ષી સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક રહ્યા છો. આપ એ પણ જાણો છો કે 'કુમાર'ને પંચોતેર વર્ષ પૂરાં થશે. કલાગુરુ રવિશંકર રાવળે સ્થાપેલું અને પીઢ પત્રકાર બચુભાઈ રાવતે સંવર્ધેલું 'કુમાર' માસિક, વચ્ચે ત્રણેક વર્ષના વિરામ સિવાય, એકધારું સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય (ઇન્સાઇક્લોપીડિક) કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. અમને શ્રદ્ધા છે કે એનું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના વિશિષ્ટ અવસરે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ જો ગ્રાહક તરીકે બંધ હો તો આપનું લવાજમ રૂ.૧૦૦ (૩૦ જૂન ૧૯૯૯ સુધીમાં) મોકલી આપી આપનું ગ્રાહકપદ તાજું કરાવી લેશો. આપ જો ગ્રાહક તરીકે ચાલુ હો તો નવા વર્ષનું લવાજમ મોકલી આપી ગ્રાહકપદ તાજું રાખી આ સંસ્કારપત્રને પ્રોત્સાહક થશો.

પરદેશનું લવાજમ હવાઈમાર્ગે રૂ.૭૫૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. લવાજમનો ડ્રાફ્ટ / ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેક ઉપર રૂ.૧૫ = ૦૦ બૅન્ક - કમિશનના ઉમેરીને (રૂ.૧૦૦ + ૧૫ = ૧૧૫) લવાજમ મોકલશો. લવાજમ મની ઑર્ડરથી મોકલવું વધુ સરળ અને સસ્તું રહેશે.

આ અવસરે એક બીજી પણ ખાસ વિનતિ કે આપ એક નવા ગ્રાહક મેળવી આપી આપનો સદ્‌ભાવ સક્રિય રીતે પ્રકટ કરશો.

અમને શ્રદ્ધા છે કે અમારી આ અપીલનો આપના તરફથી સાનુકૂળ પ્રતિભાવ સાંપડી રહેશે.

આપના આગોતરા આભાર સાથે.

'કુમાર'નો ૭૫મા વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.
સ્થાનસમર્પિત આખું પાનું રૂ.૧૦૦૦/-, અડધું પાનું રૂ.૫૦૦/-
આ પાન પર જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.
આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'ના લવાજમમાં આ માસથી વધારો

છેલ્લાં બેએક વર્ષથી મુદ્રણસામગ્રી, મુદ્રણ, ટપાલદરો આદિમાં સતત વધારો થતો રહ્યો હોવા છતાં પણ અમે 'કુમાર'નું લવાજમ યથાવત્ રાખ્યું હતું. અને પૃષ્ઠસંખ્યા સતત વધારતા રહ્યા છીએ. પરન્તુ હવે ઉપરોક્ત સંજોગોમાં અમારે નાછૂટકે લવાજમમાં વધારો કરવો પડ્યો છે.

હવે જુલાઈ ૧૯૯૯થી 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ.૧૫૦-૦૦ રહેશે. જે ગ્રાહકોનું લવાજમ જુલાઈ ૧૯૯૯થી ડિસેમ્બર ૧૯૯૯ સુધીમાંના કોઈ પણ માસમાં પૂરું થતું હોય તેઓ જો જૂન ૩૦, ૧૯૯૯ સુધીમાં પોતાનું વાર્ષિક લવાજમ મોકલી આપશે તો તે રૂપિયા ૧૦૦ના જૂના લવાજમદરે સ્વીકારાશે. ૧લી જુલાઈ ૧૯૯૯થી નવા દરે લવાજમ રૂપિયા ૧૫૦ (દોઢસો) ભરવાનું રહેશે. હવેથી ત્રણ વર્ષનું લવાજમ રૂપિયા ૪૦૦ તથા પાંચ વર્ષનું લવાજમ રૂપિયા ૭૦૦ રાખવામાં આવ્યું છે. **૧લી જુલાઈ પછી જેમનું લવાજમ રૂ. ૧૦૦ મળશે તેમને આઠ માસ માટે ગ્રાહક ગણવામાં આવશે.**

અમારો આ લવાજમ વધારો સહુ ગ્રાહકો નિભાવી લેશે તેવી શ્રદ્ધા છે. 'કુમાર'ની ગુણવત્તા અને સ-રસતા દઢાવવા અમે સંકલ્પબદ્ધ છીએ.

સ્નેહાધીન
[signature]
તંત્રી : 'કુમાર'

હીરાલાલ હરિલાલ ભગવતી (ચૅરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૨મું અંક ૭

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

જુલાઈ ૧૯૯૯

અંકદર્શન

કુમાર સળંગ અંક ૮૫૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦, અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' -૮૫૫ના 'માધુકરી' વિભાગમાં વિજ્ઞાની ડૉ. કુમાર સી. પટેલના નામમાં ક્યાંક સરતચૂક થઈ હોય તેવું લાગે છે, કેમ કે જેમના વિષે આ વર્ણન લખવામાં આવ્યું છે તે વિજ્ઞાનક્ષેત્રે અને અન્ય બધે ડૉ. ચંદ્રકુમાર નારણજી પટેલ (C.K.N. Patel) તરીકે જાણીતા છે. તેઓશ્રી પોતાનો અભ્યાસ પૂરો કરી અમેરિકી સંઘ રાજ્યોની વિખ્યાત બેલ લૅબોરેટરીઝમાં જોડાયેલા અને ત્યાં જ તેમણે અંગારવાયુ લેઝરની શોધ કરેલી.

તેમણે શોધેલા લેઝરની વિશિષ્ટતા એ હતી કે તેની કાર્યક્ષમતા (efficiency) લગભગ કલ્પનાતીત હતી. જ્યારે અન્ય લેઝર તેને અપાતી ઊર્જાના ૧૦,૦૦૦મા ભાગથી માંડી ૫૦૦મા ભાગ જેટલી જ ઊર્જા લેઝર સ્વરૂપે આપતાં (એટલે કે ૦.૦૧ થી ૦.૨ પ્રતિશત) ત્યારે શ્રી પટેલે શોધેલ લેઝર તેને અપાતી ઊર્જાના ૩૩મા ભાગ (કાર્યક્ષમતા ૩૦ પ્રતિશત) જેટલી ઊર્જા લેઝર પ્રકાશરૂપે આપતું હતું!

લેઝર ઉપરાંત તેમણે અન્ય ક્ષેત્રો - અ-રૈખિક પ્રકાશશાસ્ત્ર (Non-Linear Optics), આણવિક વર્ણપટશાસ્ત્ર (Molecular Spectroscopy), પ્રદૂષણ નિયંત્રણ (Pollution Control), લેઝર શસ્ત્રક્રિયા (Laser Surgery)માં પણ નોંધપાત્ર સંશોધન કર્યું છે. અત્યાર સુધી (૧૯૯૮)માં તેઓએ ૧૭૦ સંશોધનપત્રો લખ્યા છે અને પાંત્રીશેક પેટન્ટો લીધેલ છે. જ્યાં તેઓ એક સંશોધક (Research Scientist) તરીકે જોડાયેલા તે બેલ લૅબોરેટરીઝના એક ડાઈરેક્ટરપદ સુધી પહોંચી ગયેલા.

પરંતુ આ બધે જ તેઓશ્રી (Dr.) C.K.N. Patel તરીકે જ જાણીતા છે. તેમનું નામ ડૉ. કુમાર સી. પટેલ તરીકે વાંચવા-સાંભળવામાં આવ્યું નથી. - દેવ ચાવડા (વડોદરા)

વંદન સહ જણાવવાનું કે ઘણા સમય પછી 'કુમાર' એપ્રિલ ૧૯૯૯નો અંક ગ્રા.નં. ૧૦૬૦૭ મારા મિત્ર શ્રી અશ્વિન ચૌહાણ પાસેથી વાંચવા મળ્યો. મને બાળપણથી 'કુમાર'ના અંકો વાંચવા મળેલ તેથી કલા અને સાહિત્ય વગેરેનો પ્રથમ પરિચય 'કુમાર' દ્વારા થયેલો. આ સમયના પ્રવાહમાં આપ ઉત્કૃષ્ઠ વાચન દૃઢતાથી રજૂ કરી રહ્યા છો તેનો અત્યંત આનંદ છે. શ્રી નૌતમભાઈ વખારિયા દ્વારા ઓશો રજનીશ ચરિત્ર ઉપરનો લેખ ખૂબ ગમ્યો. - જે.જે. વેકરિયા (રાજકોટ)

'કુમાર'નો મે ૧૯૯૯નો અંક આસ્વાદ્ય છે. આસનસ્થ બુદ્ધની પંચધાતુની મૂર્તિ, આનુષંગિક 'બુદ્ધના શિલ્પ સ્થાપત્યો', તંત્રીશ્રીનો 'તિબેટમાં બૌદ્ધ ધર્મ'નામનો અભ્યાસપૂર્ણ લેખ એક ચિત્ર ઊભું કરે છે. પ્રીતિ સેનગુપ્તાની તિબેટપ્રવાસની રોચક યાત્રા, જેમાં માર્કોપોલો અને એમના પોતાના પરિવારની કથા સરસ રીતે વણાઈને આપણી આગળ રજૂ થઈ છે. ખાસ કરીને બે વિશિષ્ટ વાદકોની વિદાય - યહૂદી મેન્યૂહિન અને સિદીકભાઈ જત, સ્વ. ખૂબ ગમ્યા. ડૉ. હસુ યાજ્ઞિકે સુરીન્દાવાદક શ્રી સિદીકભાઈ મીઠાભાઈ જતનું પારિવારિક જીવન અને એની સાથે આ અદ્ભુત પરંપરા અકબંધ જાળવવાનો પ્રયાસ સુંદર રીતે આલેખ્યો છે. 'કુમારે' આ કલાકારને યોગ્ય કલમથી શ્રદ્ધાંજલિ આપી છે, એનો પરમ આનંદ છે. 'સૂરજ સામે ધૂળ' એ નામની પુસ્તિકામાંનો પહેલો પ્રશ્ન અને ઉત્તર વાનગી તરીકે પીરસી એક સાચા વિશ્વાસને અનુમોદન આપ્યું છે. અભિનંદન. ડૉ. યાજ્ઞિકે છેલ્લા ફકરામાં હૃદય વિદારક દર્દ ઠાલવ્યું છે. એમને અભિનંદન. - દિનકર ભોજક (વિસનગર)

શ્રી હરિત પંડ્યાએ 'કુમાર' મે ૧૯૯૯માં કલાવાર્તામાં શ્રી નટુભાઈ પરીખનો પરિચય સરસ રીતે કરાવ્યો છે. તે વાંચી આનંદ થયો.

મૈસુરના દશેરા પ્રદર્શનના પ્રથમ વિજેતા તથા બીજાં અનેક પારિતોષિક-વિજેતા નટુભાઈ ગુજરાતના કલારસિકો માટે ગર્વ સમાન છે. શાંતિલાલ શાહે એમને ઉગતા સૂર્યના કલાકાર તરીકે અમસ્તા નથી ઓળખાવ્યા!

આપની કલાવાર્તામાં કલાકારોનો પ્રત્યક્ષ પરિચય શબ્દો દ્વારા કરાવો છો, જે વાંચી આનંદ થાય છે. - સુધીર દલાલ (અમદાવાદ)

માર્ચ, ૧૯૯૯માં 'ચંદ રોજ સ્વીટ્ઝર્લૅન્ડમાં' લેખ વાંચીને કેટલાક ભાઈઓને એ વિશે માહિતી જોઈતી હતી. હું પરદેશ હોવાથી એમને માહિતી મળી નહિ. સ્વીટ્ઝર્લૅન્ડ વિશે કોઈ પણ જાતની માહિતી જોઈતી હોય તો મારી સખી ડોરા સાથે સીધો પત્રવ્યવહાર કરવા વિનંતી.

ડોરાનું સરનામું : Dora Gerhard, Hasliberg, C.H. 6083 Hohfluh, Switzerland

ડોરાને લખતાં મારા નામનો 'તરુ' તરીકે નિર્દેશ કરવો.

- તરલિકા (તરુ) આચાર્ય (વલસાડ)

તમે રહ્યા છો ! / ગીતા પરીખ

(ગાન)

તમે રહ્યા છો પ્હાડ ઊંચેરા
ને કેડી હું નાની,
તમ ફરતી મુજ દોર પાતળી
વીંટાઈ જાયે છાની.

તમે રહ્યા છો આભ વિશાળા,
મલય-લહર હું ન્યારી,
ચંચલ ચરણે ઘૂમી રહું છું
દિશ દિશ પાંખ પસારી.

તમે રહ્યા છો સાગર ઘેરો,
બુન્દ ઝીણું - હું જાણું,
અંતર-તલમાં ઝીલી તમોને
એકરૂપ થઈ માણું.

તમે રહ્યા અસ્તિત્વ અને છું
હું ચેતન-ચિનગારી,
રગરગમાં પ્રસરી તમ સરજું
અનુભૂતિ અલગારી !

આદ્ય સહજ વાણી ભણી / ઉશનસ્

(શિખરિણી • સૉનેટ)

વળો વાણી મારી ! ફરીથી ઘરની વાટ; લઈએ
સમેટી, સંકેલી જટિલ અભિવ્યક્તિની સઘળી.
બિછાવી જાળો આ પ્રતીક, શણગારોની નકરી;
અહો, આવે વેશે ફરી વળી છ ક્યાં ક્યાંય જઈ એ!

હવે તો થાક્યો છું વજન ઘન આ આભરણનું
પ્રવાસે વેંઢારી; અવ બધું ઉશેટ્યાનું મન છે,
કરો નૌકા ખાલી, તટ નિકટ આવ્યાની ક્ષણ છે,
હવે ના ખંટાતું કશું ય તનપે આવરણનું.

સ્ફુર્યો'તો જે પ્હેલો પ્રથમ સ્ફુટ ઉદ્‌ગાર હિયથી,
ન'તું ત્યારે સામે જગત; જનની કેવળ હતી;
વને જાણે વંશપ્રસવ! ધરતી ફાડતી રતિ
પ્રચંડે આવેગે સ્ફુટ થઈ'તી ધારા અમિયથી;

જવું છે મારે તે પ્રથમ સ્વર ફૂટ્યાની ક્ષણમાં,
સ્ફુરે ઉદ્‌ગારો જ્યાં સહજ વણ કો વ્યાકરણમાં.

વેળુમાં વીરડો ગાળી... / લાલજી કાનપરિયા

(ગાન)

વેળુમાં વીરડો ગાળી સૈયર! હું નીરખી રહી
મનગમતા મુખને ભાળી સૈયર! હું નીરખી રહી.

ઝાડવાને ફૂટતી કૂંપળ જેવું કોઈ તાજું તાજું રે મલકાય,
નદિયુંના ખળખળતાં જળની જેવું કોઈ ઝાઝું ઝાઝું રે છલકાય,
સ્મરણોની મ્હેંક મ્હેંક ડાળી સૈયર ! હું નીરખી રહી.

જળને ઉલેચતાં એવું લાગે જાણે ખળભળતાં સાતે પાતાળ,
ઠાલી અમથી સાવ બેસું તો વીરડો મેલો થાવાની પડે ફાળ!
લોચનને અમથાં પલાળી સૈયર ! હું નીરખી રહી.

પાંખો ફફડાવીને સૂસવતું પંખી એક જાય છે આભની સોંસરું,
મનની મુરાદને મનમાં ભંડારીને પાણીની જેમ હું ઓસરું,
ઝબકીને જાગી સફાળી સૈયર ! હું નીરખી રહી.

જેઓ મથે છે કોઈને / મૌન બલોલી

(ગઝલ)

જેઓ મથે છે કોઈને પથ્થર બનાવવા,
ક્યાંથી મળે એને સમય જીવતર બનાવવા!
એની સફરનો અંત કદી આવતો નહીં,
જોઈ મને પાછો વળ્યો એ ઘર બનાવવા.
કલશોરનાં કિરણો અડ્યાં ને જાગવું પડ્યું,
કુબ્જાને એ જાણે અડ્યાં સુંદર બનાવવા!
ભીનાશના ભંડાર પર્વત વ્હેંચતો રહ્યો,
સંબંધ સૂકા ધરતીના સધ્ધર બનાવવા.
શા કારણે એ શુષ્ક બનવાનું પસંદ કરે,
રહેવું પડે ભીનાં-નવાં જલધર બનાવવાં.
ખંડેરમાં ઊંઘી ગયો 'ખામોશ' આજ પણ
રસ્તો ભૂલેલ રાહી માટે દર બનાવવા.

ભેખધારી / મનસુખવન ગોસ્વામી

(ગઝલ)

બની જાય અંતર અસલ ભેખધારી
લણે તો પરમની ફસલ ભેખધારી.
નથી કોઈ વાતે કશી હોંશિયારી
દીસે વાત-વાતે સરલ ભેખધારી.
સતત ઘૂંટતા જે શબદ ભાંગબુટ્ટી
ન ખાલી કદી હો ખરલ ભેખધારી.
બધે માર્ગમાં પાથર્યાં હોય ફૂલો
રહે તો'ય ભીતર અચલ ભેખધારી.
પ્રથમ, નાદના છે વિરામો નિરાળા
પછી મૌનની છે મજલ, ભેખધારી.
ભર્યાં છે જગતકારણે પ્રેમ, કરુણા
રહે આંખ એથી સજલ ભેખધારી.
'શિવાંચલ'; ૨, ગાંધીસ્મૃતિ, રોડ પેડક
રહે રાજકોટે ગઝલ ભેખધારી.

તમે રહ્યા છો : અમે અને તમેનો વિવિધ દૃષ્ટાન્તો દ્વારા તફાવત દર્શાવી તમેની મહાનતા પડછે અમેની અલ્પતાનો આધિભૌતિક સંકેત સુપેરે વ્યક્ત કરતું ગીત. **આદ્ય સહજ...** કવિએ આ સૉનેટમાં પોતાને એટલે કે માનવમાત્રને મળેલી વાક્‌નો જે ઉપયોગ થાય છે તેમાંથી છૂટી મૂળ વાક્-આદ્ય વાણી-તરફ જવાનો મનોરથ પાકટ વયયાત્રાની ક્ષણોએ પ્રકટ કર્યો છે. **વેળુમાં વીરડો ગાળી :** નાયિકાની પોતાની સૈયરને સંબોધીને કરાયેલા આ ઉક્તિકાવ્યમાં વિવિધ સ-રસ કલ્પનાઓ દ્વારા તે કાવ્યનાયિકાની છલોછલ પ્રીતિની પ્રતીતિ થાય છે. **જેઓ મથે છે....** આજનો ઈન્સાન જે રીતે જીવી રહ્યો છે તેમાં ઈન્સાનિયત-ની એબ વર્તાય છે ત્યારે કવિ અહીં ઈન્સાન બનવાની જિકર કરે છે. **ભેખધારી :** જો માનવને પરબ્રહ્મની રઢ લાગે તો આંતર ભેખ એ બાહ્ય ભેખ ધારણ કરવા કરતા કેવો ચડિયાતો છે તે દર્શાવતી ગઝલ. - ધી.પ.

જે ન પીગળે તેને આપણે પથ્થર કહીએ છીએ

સુધીર દેસાઈ

અંગ્રેજી ભાષાનો વિખ્યાત કવિ વિલિયમ બ્લેક 'ધ ડિવાઈન ઇમેજ'માં કહે છે,

'Where Mercy, Love and Pity dwell,
There God is dwelling too.'

'જ્યાં કરુણા, પ્રેમ અને દયા રહે છે, ત્યાં ઈશ્વર પણ રહે છે.'

ઈશ્વર બનવું આપણે માટે ઘણું અઘરું છે, અશક્ય નથી. કાશ્મીરી શૈવ સંપ્રદાયમાં કહ્યું છે, 'શિવો ભૂત્વા શિવં યજેત્' શિવ થઈને શિવની પૂજા કરવાની છે. જે ગુણો આપણને ઈશ્વર બનવા તરફ દોરી જાય તે જ ગુણો પહેલાં આપણને માણસ બનાવે અને અંતે ઈશ્વર બનાવે.

સામાન્ય માનવી મરી જાય પછી બહુ જલદી ભુલાઈ જતો હોય છે. પણ મહાન માણસો એમના મૃત્યુ પછી પણ ઘણા સમય સુધી યાદ રહેતા હોય છે. ઈશ્વર અમર છે એનું આ એક કારણ છે. એનામાં ઉત્તમ ગુણો ઉત્તમ રીતે સંપૂર્ણતયા વિકસેલા હોય છે.

દેખીતા નાના કામમાં રહેલી મહાનતા આ મહાપુરુષોમાં સહજતાથી પ્રકટ થઈ જતી હોય છે. જ્યારે આ નાનાં કાર્યો આ મોટા માણસોનાં આપણે વાંચીએ છીએ ત્યારે એટલું જ વિચારવાનું છે કે આપણે હોઈએ તો શું કરીએ આ પરિસ્થિતિમાં? આપણને તરત જ આપણું મન કહી દેશે કે આપણે સાચે રસ્તે છીએ કે ખોટે રસ્તે.

અમેરિકામાં સિવિલ વૉર વખતે અમેરિકાના પ્રેસિડન્ટ અબ્રાહમ લિંકન ઘણી વખત ઘાયલ સૈનિકોની ખબર કાઢવા હૉસ્પિટલોમાં પહોંચી જતા હતા. એક વખત જ્યારે હૉસ્પિટલમાં ઘાયલ સૈનિકોની ખબર જોવા ગયા ત્યારે ડૉક્ટરોએ એક સૈનિકને બતાવીને કહ્યું કે એ થોડા સમયનો જ મહેમાન છે.

લિંકને એ સૈનિકની પાસે જઈને કહ્યું, 'ભાઈ! હું તમારે માટે કંઈ કરી શકું?

સૈનિકે લિંકનને ઓળખ્યો નહીં. એણે મહાપ્રયત્ને ધીમા અવાજમાં કહ્યું, 'મારે મારી માને પત્ર લખવો છે તમે લખી આપશો?'

તરત જ એ સૈનિક જે બોલતો ગયો એ બધું લિંકને કાગળ ઉપર લખવા માંડ્યું :

'મારી વ્હાલી મા! હું જ્યારે મારી ફરજ બજાવતો હતો ત્યારે ગંભીર રીતે ઘવાયો છું, મને લાગે છે કે હું બચીશ નહીં. મારે માટે તું બહુ કલ્પાંત ના કરીશ. મેરી અને જ્હોનને મારા તરફથી ચુંબન આપજે. ઈશ્વર તારા ઉપર અને પાપા ઉપર કૃપા વરસાવે.'

સૈનિક ઘણો નબળો પડી ગયો હતો. એટલે વધુ ન લખાવી શક્યો. લિંકને પોતે જ સહી કરી, પેલા યુવાન સૈનિકને બદલે, 'તમારા પુત્રને માટે લખનાર અબ્રાહમ લિંકન.'

યુવાન સૈનિકે પત્ર માંગ્યો વાંચવા માટે. અને જ્યારે એણે જોયું કે અમેરિકાના પ્રેસિડન્ટ અબ્રાહમ લિંકને એને માટે પત્ર લખ્યો હતો ત્યારે દિગ્મૂઢ થઈ ગયો. એણે ધીમેથી પૂછ્યું : 'શું તમે ખરેખર પ્રેસિડન્ટ છો?'

'હા, હું જ છું.' લિંકને શાંતિથી કહ્યું. પછી લિંકને ફરી પૂછ્યું, 'હવે બીજું કાંઈ હું કરી શકું? શી ઇચ્છા છે?'

'મહેરબાની કરી તમે મારો હાથ તમારા હાથમાં પકડશો? મને અંત સમયે એનાથી ઘણી રાહત થશે. મને એ પરમ શાંતિ સુધી લઈ જશે.' યુવાન સૈનિકે કહ્યું.

પ્રેસિડન્ટ અબ્રાહમ લિંકને એનો હાથ પ્રેમથી પોતાના હાથમાં લીધો અને ઉષ્માથી ભરી ભરી એની સાથે વાત કરવા માંડી જ્યાં સુધી એ મૃત્યુ ન પામ્યો. આ હજારો સૈનિકોમાંનો એક સૈનિક હતો. એનો કોઈ સગો કે વહાલો ન હતો. અને છતાં આખાયે રાષ્ટ્રની સૌથી મોટી વ્યક્તિ એક અદના માનવી માટે આટલું કરે એ કેટલી મોટી વાત!

આપણે આપણા સગાંવહાલાંને માટે પણ આટલું નથી કરતા. સગાંની વાત જવા દો. મા-બાપ જેમણે આપણને જન્મ આપ્યો છે, જેમણે આપણા બાળપણમાં આપણે માટે કેટલી બધી તકલીફો ઉઠાવી હશે એમને માટે ય કંઈ પણ કરતાં ખમચાપણ થાય છે ત્યારે રાષ્ટ્રના વડાની પાસે એક સામાન્ય સૈનિક માટે આટલો સમય છે!

આપણું મન તરત જ કહે, 'આવા તો કેટલાયે સૈનિકો મરે યુદ્ધમાં. એમ કંઈ બધા માટે આમ સમય કેવી રીતે અપાય!!'

પણ આવો પ્રસંગ વારંવાર કોઈના જીવનમાં આવતો જ નથી. અને તે વખતે ઉપર પ્રમાણે વિચારી આપણે ચાલ્યા જ જઈએ. માતા-પિતાના ઘડપણ વખતે તેમને આપણે સાચવી નથી શકતા. આપણી પાસે સમય નથી! આ પરિસ્થિતિ વિશે એક કવિએ કહ્યું છે :

પીપળ પાન ખરંત, હસતી કુંપળિયાં
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપલિયાં.

જે પોતાના મા-બાપને સમય ન આપી શકે તે અજાણ્યા માણસને તો શું સમય ફાળવે? અને છતાં રાષ્ટ્રનો વડો આવા પ્રસંગે સમય ફાળવી શકે છે.

ઈશ્વર ત્યારે કદાચ કહેતો હશે, 'જો તમારી પાસે સમય ન હોય તો મારી પાસે પણ તમને પશુમાંથી માનવ બનાવવાનો સમય નથી.'

જ્હોન ડ્રાઈડન 'એલેક્ઝાન્ડરર્સ ફીસ્ટ'માં કહે છે,

'Pity melts the mind to love'

'દયા આપણી બુદ્ધિને પીગળાવે છે પ્રેમ કરવા.'

અને જે ન પીગળે તેને આપણે પથ્થર કહીએ છીએ. □



સંનિષ્ઠ અને વરિષ્ઠ એવા આજીવન શિક્ષણકાર

રમણલાલ હીરાલાલ કાપડિયા

મેહુલ ત્રિવેદી

શ્રી રમણભાઈ કાપડિયા સાહેબનું નામ મુખેથી નીકળતાની સાથે જ એમના હાથ નીચે ભણી ચૂકેલ કોઈ પણ વિદ્યાર્થી, એમના હાથ નીચે ભણીને શાળામાં ભણાવી ચૂકેલ કોઈ પણ શિક્ષક તથા એમના પરિચયમાં આવેલ એમના કોઈ પણ મિત્ર અથવા સ્નેહીજન આ બધાયના સ્મૃતિપટ ઉપર માથે કાળી ટોપી, હસતા ચહેરામાં રહેલી આંખો ઉપર સોનેરી ફ્રેમના ચશ્મા, હાથમાં બે-ત્રણ પુસ્તકો, સ્યૂટ અને બૂટ ધારણ કરેલી એમની નખશિખ તસવીર જીવંત ના થઈ ઊઠે એવું ભાગ્યે જ બને.

અભ્યાસના અઠંગ આરાધક, વૃદ્ધાવસ્થામાં પણ તરવરાટના તેજીલા તોખાર, શાળા-સંચાલનના સબળ સ્વામી, પ્રામાણિકતાના પૂજારી જેવી અનેકવિધ વિશેષતાઓથી ઓપતા આ વિચક્ષણ અને વિલક્ષણ વ્યક્તિત્વનો જન્મ ઈ.સ. ૧૯૧૯ની ૨૫ ફેબ્રુઆરીના દિવસે ખંભાત પાસેના વત્રા ગામમાં વિશા શ્રીમાળી જૈન પરિવારમાં થયો હતો. બાપદાદાના વખતથી ચાલ્યા આવતા કાપડના વ્યવસાયને પિતાશ્રી હીરાલાલભાઈ કાપડિયાએ વારસામાં અપનાવવાને બદલે શિક્ષણનો વ્યવસાય અપનાવ્યો હતો. તે દિવસોમાં શ્રી હીરાલાલભાઈ કાપડિયા તે વખતની અમદાવાદની પ્રોપ્રાયટરી હાઈ સ્કૂલ અને અત્યારની દીવાન બલ્લુભાઈ શાળામાં અંગ્રેજી અને સંસ્કૃતના ઉત્તમ કોટિના શિક્ષક તરીકે પ્રતિષ્ઠા પામ્યા હતા. રમણભાઈનાં માતુશ્રી જાસૂદબહેન ઉર્ફે ચંપાબહેન એમને બે વર્ષના મૂકીને અવસાન પામ્યાં હતાં. પુત્રવત્સલ શિક્ષક પિતા શ્રી હીરાલાલભાઈએ રમણભાઈને માતાની ખોટ બિલકુલ ન સાલે એટલા માટે પોતાના સૌથી નાના સાળી અને રમણભાઈના માસી શ્રી વિમળાબહેનની સાથે પુનર્લગ્ન કર્યું હતું.

પ્રોપ્રાયટરી હાઈ સ્કૂલમાંથી છૂટા થઈને શ્રી હીરાલાલભાઈએ એમના જેવા અન્ય ત્રણ મિત્રોને સાથે લઈ ઈ.સ. ૧૯૨૬ની ૬ઠ્ઠી એપ્રિલના દિવસે 'ધી ન્યૂ હાઈ સ્કૂલ'ની સ્થાપના કરી. આ વર્ષોમાં જ શ્રી રમણભાઈની વત્રામાં પ્રાથમિક કેળવણીની શરૂઆત થઈ ચૂકી હતી. ધી ન્યૂ હાઈસ્કૂલની સ્થાપના કર્યા બાદ શ્રી હીરાલાલભાઈ શ્રી રમણભાઈને એમના મોસાળ વત્રામાંથી અમદાવાદ તેડી લાવ્યા. ઈ.સ. ૧૯૨૭માં તે વખતે ૮ વર્ષની ઉંમરે પહોંચેલા શ્રી રમણભાઈનો કાલુપુરમાં આવેલા સુવિખ્યાત સ્વામીનારાયણ મંદિર પાસે આવેલી દાદાસાહેબની પોળ ખાતેની કાલુપુર મ્યુનિસિપલ શાળામાં ધોરણ ત્રણ અને ચારનો અભ્યાસ શરૂ થયો. ઈ.સ. ૧૯૨૯માં ધી ન્યૂ હાઈ સ્કૂલમાં અત્યારના પાંચમા અને તે વખતના ફર્સ્ટ ગણાતા ધોરણમાં દાખલ થયા. આ દિવસોમાં શ્રી રમણભાઈ ઉપર મોસાળ તરફથી મળેલી વાત્સલ્યસભર સંસ્કારકેળવણીની અને પિતાશ્રી હીરાલાલભાઈની નિષ્ઠાભરી શિક્ષણપ્રીતિની ઘેરી અસરો પડી, જેના પરિણામ સ્વરૂપે એ પછીનાં વર્ષોમાં એમની વિદ્યાર્થી અવસ્થામાં વધુ ને વધુ તેજસ્વિતા ચમકવા માંડી. અભ્યાસ પ્રત્યેની ઊંડી ધગશ, ન્યાયપ્રિયતા અને ગુરુજનો પ્રત્યે વિનયભાવના જેવા અનેક ઉમદા ગુણો એમના વર્તનમાં અહીંથી જ પ્રકટવા માંડ્યા. અંગ્રેજી અને ગણિત આ બંને વિષયો પ્રત્યે એમને અનહદ પ્રીતિ હતી. ૧૯૩૬માં એમણે મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરી. તે વખતે આખીયે શાળામાં અંગ્રેજીમાં તે બીજા નંબરે આવ્યા હતા. ત્યાર બાદ સ્નાતક કક્ષાનો આગળનો અભ્યાસ એમણે ગુજરાત કૉલેજમાં શરૂ કર્યો. ૧૯૩૮માં ઈન્ટરના વર્ષમાં ગણિતના વિષયમાં એમણે ૧૧૧ ગુણ મેળવીને ગુજરાત કૉલેજના ઈન્ટર વર્ગના ૪૦૦ વિદ્યાર્થીઓમાં બીજું સ્થાન મેળવ્યું. અંગ્રેજી સાથે ગણિત વિષય લેવાની કૉલેજમાં શક્યતા ન હોવાથી અંગ્રેજી અને સંસ્કૃત વિષયો લઈને એમણે બી.એ.નો અભ્યાસ આરંભ્યો.

આ દરમિયાન એમને આ બંને વિષયોમાં પારંગત એવા શિક્ષક પિતાશ્રી હીરાલાલભાઈનો, સંસ્કૃતના અભ્યાસી અને શિક્ષક કાકાશ્રી વાડીભાઈ અને શ્રી અમૃતભાઈ સાહેબ વગેરે



પિતાશ્રી હીરાલાલ બાપુલાલ કાપડિયા



જન્મદાત્રી માતા જાસૂદબહેન



સંસ્કારધાત્રિ માતા વિમળાબહેન


સૌની વિદ્વત્તાનો સારો એવો લાભ મળ્યો. ઈ.સ. ૧૯૩૮માં ૧૦ વર્ષની વયે એમના વતન ખંભાતમાં એમણે શાન્તબહેન સાથે લગ્ન કરીને સંસારવાટિકામાં પ્રવેશ કર્યો હતો. વિદ્યાર્થી તરીકે જિજ્ઞાસુ, શિસ્તપાલક અને અભ્યાસનિષ્ઠ રમણભાઈએ ગૃહસ્થી તરીકે સહિષ્ણુ, સ્નેહાળ અને કર્તવ્યપરાયણ બનીને દામ્પત્યજીવનમાં પ્રસન્નતાનો પરિમલ ફેલાવ્યો. પછીનાં વર્ષોમાં તે બે પુત્રો અને બે પુત્રીઓના પિતા બન્યા. વિદ્વત્તા અને વાત્સલ્યભરી સંસ્કારિતાને લીધે તે પરિવારના વડીલ તરીકે સૌનાં અંતઃકરણમાં આદરણીય બની રહ્યા.

બીજુ બાજુ, દામ્પત્યજીવનની સમાંતર વહેતા અભ્યાસ-પ્રવાહમાં ખલેલ ન પહોંચે એ રીતે યોગ્ય સમતુલા સાધીને એમણે વિદ્યાસાધનાને આગળ ધપાવી. બી.એ.ના અભ્યાસ દરમિયાન કૉલેજના વિદ્વાન પ્રોફેસરો દાવરસાહેબ, એસ.એમ. ભાંડારકર અને જે.એસ. કોમીસરિયટ સાહેબની વિદ્વત્તા અને મૂલ્યનિષ્ઠ જીવનનો શ્રી રમણભાઈ ઉપર ઊંડો પ્રભાવ પડ્યો હતો. સહાધ્યાયી મિત્રો સાથે અભ્યાસચર્ચા, કૉલેજમાં કોઈ કોઈ વાર જુદા જુદા વિદ્વાન વ્યાખ્યાતાઓનાં યોજાતાં વ્યાખ્યાનોનું શ્રવણ, કૉલેજની લાઇબ્રેરીમાં નિયમિત વાચન વગેરે વિદ્યાર્થી તરીકેની એમની મુખ્ય પ્રવૃત્તિઓ હતી, જેના પરિણામે ૧૯૪૦માં શ્રી રમણભાઈ અંગ્રેજી અને સંસ્કૃત વિષયો સાથે બી.એ. થયા. તે જમાનામાં અને એ વર્ષમાં અંગ્રેજી ઑનર્સ મેળવનાર ફક્ત બે જ વિદ્યાર્થીઓ હતા. એમાંના એક હતા શ્રી રમણભાઈ. આ જ વર્ષે ધી ન્યૂ હાઈ સ્કૂલમાં એમણે અંગ્રજી અને ગણિત વગેરે વિષયો ભણાવવાની શરૂઆત કરીને શિક્ષક તરીકેની કારકિર્દીનો આરંભ કર્યો. પરંતુ પિતાશ્રીએ સ્થાપેલી અને જમાવેલી તૈયાર જગ્યા ઉપર એ રીતે એકદમ બેસી જવા કરતા વધુ અભ્યાસ કરીને શિક્ષક તરીકે પોતાના ઘડતર દ્વારા વધુ અનુભવ તથા જાતમહેનતથી સારું કામ કરીને, પિતાજીના સાચા સહયોગી એવા વારસદાર તરીકે પુરવાર થઈને એમની સંસ્થાને વધુ વિકસાવવાનું એમણે પસંદ કર્યું. તેથી જ શિક્ષક તરીકેની જરૂરી લાયકાત કેળવવા માટે એમણે ઈ.સ. ૧૯૪૨માં વડોદરાની સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનિંગ કૉલેજમાં બી.ટી.નો અભ્યાસ ચાલુ કર્યો. અહીંયાં પણ આચાર્ય મેનન, પ્રોફેસર મુખર્જી, છત્રે અને કે.એસ. યાજ્ઞિક જેવા વિદ્વાન શિક્ષણશાસ્ત્રીઓનાં માર્ગદર્શનની પ્રભાવક અસરને લીધે શ્રી રમણભાઈમાં શિક્ષક તરીકેની અનેક વિશેષતાઓ વિકસી. નક્કી કરેલા વિષયોના કોઈ ને કોઈ એકમ અંગે પાઠ આપવાનો હોય તે વખતે એની પૂર્વતૈયારીઓ રૂપે એ વિશેનો ઝીણવટભર્યો અભ્યાસ, પદ્ધતિસરનું વ્યવસ્થિત આયોજન, રજૂઆત અંગેની જરૂરી તમામ સજ્જતા વગેરે ટેવોને લીધે એમના તમામ પાઠોને સારી સફળતા મળતી. ઈ.સ. ૧૯૪૩માં અંગ્રેજી અને ગુજરાતી વિષય સાથે એમણે બી.ટી.ની પરીક્ષા પસાર કરી.

૧૯૪૦થી શરૂ કરેલા શિક્ષણકાર્યનો બી.ટી.ના અભ્યાસને કારણે સ્થગિત થયેલો પ્રવાહ પુનઃ ૧૯૪૩થી આગળ વધ્યો. અંગ્રેજીમાં 'Tales from Shakespeare' તથા અંગ્રેજી કવિતા ઉપરાંત અંગ્રેજી વ્યાકરણને પોતાની આગવી શિક્ષણપદ્ધતિથી સરળ બનાવી વિદ્યાર્થીઓના મગજમાં ઊંડે સુધી ઊતરે અને એમને રસ પડે એટલી ઉત્તમ રીતે ભણાવતા. એમના મધુર કંઠે બોલાતી અંગ્રેજી વાણી અને સાથે સાથે એવો જ મીઠાશયુક્ત માનભર્યો વિદ્યાર્થીઓ પ્રત્યેનો વર્તાવ તથા વિષયમાં ગળાડૂબ થઈને ભણાવવાની એમની મનોવૃત્તિ આ બધી શિક્ષક તરીકેની એમની વિશેષતાઓ માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહિ, શાળાના તે વખતના અન્ય શિક્ષકો માટે પણ પ્રેરણારૂપ બનતી. ઓછા સમયમાં ઉત્તમ અધ્યાપન કૌશલ્યો વડે વિદ્યાર્થીઓને ભણાવીને પછી એમની જાતે જ એમને ઉત્તમ રીતે ભણવા માટેનો ઉત્સાહ પ્રકટાવવો એ શ્રી રમણભાઈ સાહેબનો શિક્ષક તરીકેનો આદર્શ હતો. આચાર્ય અને સંચાલક તરીકે શ્રી હીરાલાલભાઈ કાપડિયા અને શ્રી જોગલેકર સાહેબની નિષ્ઠા અને કુશળતાભરી કાર્ય-



જીવનપરોઢે



તેજોમય તારુણ્યે



સ્નાતક-પદવીપ્રાપ્તિની પળે

પદ્ધતિઓની અનેક ઉમદા અસરો તેઓના અનુગામી તરીકે શ્રી રમણભાઈ સાહેબે ઝીલી હતી. અન્ય અનુભવી અને કાબેલ આચાર્યો અને સંચાલકોનું પણ એમણે માર્ગદર્શન મેળવ્યું હતું. ઈ.સ. ૧૯૪૩માં એમણે શાળામાં હેડમાસ્તર તરીકેની કામગીરી શરૂ કરી. તે પછીના વર્ષોમાં એમણે આચાર્ય અને સંચાલક તરીકેનું સુકાન સંભાળ્યું.

શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા શાળાના સંદર્ભે ગમે તેવી નાની કે મોટી મુશ્કેલી ઊભી થાય, શૈક્ષણિક કાર્યવાહી દરમિયાન કોઈ પણ કારણસર કોઈના દ્વારા નાની કે મોટી ગૂંચો ઊભી થાય ત્યારે અસાધારણ સંયમ, ધૈર્ય અને યથોચિત વિવેક દાખવીને તે નિરાકરણ લાવતા, જેને લીધે એમના દ્વારા કોઈના પ્રત્યે પણ કશો જ અન્યાય કે પક્ષપાત થતો નહિ. ઉપરથી શૈક્ષણિક મૂલ્યો સચવાતાં અને શાળાનાં હિતો જળવાતાં. શ્રી રમણભાઈ દરેકની પાસેથી કામ લેતી વખતે કામ અંગેનાં સારાંનરસાં બંનેય પાસાંઓની જોઈચકાસીને ખાતરી કર્યા બાદ દરેકની મર્યાદાઓની તટસ્થપણે વિવેકપૂર્ણ ટીકા કરતા તો સાથેસાથે દરેકના કાર્યની વિશેષતાની સદ્‌ભાવપૂર્વક પ્રશંસા પણ કરતા. ઉપરાંત ક્યારે કોના પ્રત્યે કેટલી કડકાઈ અને નરમાશ આચરવી એ બાબતનો અદ્‌ભુત વિવેક પણ એમનામાં હતો. એમના સ્વભાવમાં રહેલી આ વિશિષ્ટ લાક્ષણિકતાને લીધે એમના હાથ નીચે કામ કરતા શિક્ષકો અને અન્ય બિનશૈક્ષણિક કર્મચારીઓને ચીવટ, ઉત્સાહ અને નિષ્ઠાથી પોતાનું કાર્ય કરવાની એમની પાસેથી પ્રેરણા અને બળ મળતાં.

આચાર્ય અને સંચાલક હોવા છતાંય શૈક્ષણિક કાર્યવાહીને વિક્ષેપકર તથા શૈક્ષણિક વિકાસને ખતરારૂપ નીવડનારાં આંતરબાહ્ય પરિબળોનો સામનો કરીને આવનારી વિકટ પરિસ્થિતિઓનું નિવારણ કરવામાં પોતાના વ્યક્તિગત નિર્ણયને જ આખરી નિર્ણય તરીકે એમણે ક્યારેય અપનાવ્યો નહોતો. આવે વખતે તમામ શિક્ષકોની અને જરૂર પડે તો શાળાની વિદ્યાર્થી સમિતિના અગ્રણીઓની મીટિંગ બોલાવીને દરેકના અભિપ્રાયો અને સૂચનો મેળવતાં. એને ધ્યાનમાં લઈને શાળાના તથા બધાયના હિત માટે યોગ્ય ઉકેલ લાવતા. આ રીતે લોકશાહી મૂલ્યોની પ્રતિષ્ઠા કરવામાં શ્રી રમણભાઈ સાહેબ હંમેશાં તત્પર રહેતા.

શાળાના સ્થાપનાકાળથી ચાલી આવતી પ્રત્યેક શિક્ષક માટે ગણવેશરૂપે ટોપી પહેરવાની આચારસંહિતા ૭૦ના દાયકાના નવી પેઢીના શિક્ષકોને પસંદ પડી નહિ. લગભગ મોટા ભાગના શિક્ષકો ટોપી પહેરવાની આ રીતરસમ તૂટે એ માટે એકમત ઉપર આવ્યા. સૌએ એક થઈને સંચાલકશ્રીને રૂબરૂ મળીને એ માટે પ્રયત્ન પણ કર્યો. શિસ્તના આગ્રહી અને પરંપરાપ્રેમી શ્રી રમણભાઈ પ્રારંભમાં ટોપીની આ પ્રણાલિકાને તોડવા રાજી ન હતા. પરંતુ પોતાના આ વલણ સામેનો બધા શિક્ષકોનો મક્કમપણે ઉગ્ર વિરોધ જાણીને તથા આ અંગેની ચર્ચા પછી એની પાછળનાં તથ્યોનો ખ્યાલ કરીને એમણે ટોપી પહેરવાના નિયમને મરજિયાત બનાવ્યો. તે વખતે એમના મનમાં કોઈના પ્રત્યે સહેજ પણ કડવાશ નહોતી, પરંતુ ખેલદીલીપૂર્વક સમાધાન સાધવાની વિશુદ્ધ ભાવના હતી.

નવનિર્માણના આંદોલનમાં શાળાના મોટા ભાગના વિદ્યાર્થીઓ સક્રિય રસ લેતા હતા. પરિણામે દિવાળી વેકેશન પૂરું થાય તે પછી એસ.એસ.સી.ની પ્રિલિમિનરિ પરીક્ષાનો બહિષ્કાર કરવા માટે મોટા ભાગના વિદ્યાર્થીઓ મક્કમ હતા. પરીક્ષાના પ્રથમ



પત્ની શ્રીમતી શાન્તાબહેન

દિવસે આ જ લાગણી લઈને વિદ્યાર્થીઓ શાળામાં આવ્યા હતા. પરીક્ષા લેવાશે કે નહિ લેવાય? આ પ્રશ્ન દરેકના મનમાં કુતૂહલ જગાવતો હતો. આવા ડામાડોળ અને તનાવ-યુક્ત વાતાવરણમાં શ્રી રમણભાઈએ સ્વ-સ્થતા ધારણ કરીને વિદ્યાર્થી અગ્રણીઓ તથા અમુક શિક્ષકોને ઑફિસમાં બોલાવીને આ બાબતે દરેકના મત અને અભિપ્રાય જાણ્યા. તે પછી એમણે પરીક્ષા ન લેવાનો નિર્ણય કર્યો. આ પ્રસંગ પણ શ્રી રમણભાઈની લોકશાહી મૂલ્યોની ઇજ્જત કરનારા ઉદારમતવાદી આચાર્ય તથા સંચાલક તરીકેની પ્રતીતિ કરાવે છે.

નિયમિતતા, શિસ્ત અને સમાનતા વગેરે સિદ્ધાંતો એમનામાં એટલા દઢપણે આરોપાયા હતા કે એ માટે કોઈ પણ ભોગે કોઈની પણ સાથે કશી બાંધછોડ કરતા નહિ. બપોરે ૧૦.૪૦ વાગે રોજ નિયમિત શાળામાં આવીને એમનું સ્થાન લે એટલે લે જ. એમની આ નિયમિતતા ધી ન્યૂ હાઈ સ્કૂલના વર્તમાન શિક્ષકો અને ભૂતપૂર્વ શિક્ષકો આજે પણ આદરભાવે યાદ કરે છે. એક મુસ્લિમ વિદ્યાર્થીના વાલી અને એમના સમાજના કહેવાતા અગ્રણી એવા એક સદ્‌ગૃહસ્થે શાળામાં આવીને શ્રી રમણભાઈને મળીને એવું સૂચન કર્યું કે આપની શાળા મુસ્લિમ વિસ્તારમાં ચાલે છે તેથી મુસ્લિમ વિદ્યાર્થીઓના પ્રવેશ માટે અમુક બેઠકો અનામત હોવી જોઈએ. આ સૂચન સાંભળીને શ્રી રમણભાઈએ નમ્રતા અને ઉગ્રતાની મિશ્રિત લાગણી પોતાની વાણીમાં લાવીને કહ્યું : 'આપણે બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાક દેશમાં રહીએ છીએ. આથી આ શાળામાં વર્ષોથી બિનસાંપ્રદા-યિકતાનાં મૂલ્યોને આધારે વિદ્યાર્થીઓના પ્રવેશની નીતિ ચાલતી આવી છે, અને ચાલશે. મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે હું અમુક બેઠકો અનામત રાખું તો કાલ ઊઠીને હિંદુ વિદ્યાર્થીઓ, ખ્રિસ્તી વિદ્યાર્થીઓ અને અન્ય ધર્મોના વિદ્યાર્થીઓના વાલીઓ પણ મારી પાસેથી આ અપેક્ષા રાખે. આપ શું વાત કરો છો?'

શિક્ષક, આચાર્ય અને સંચાલક તરીકેની એમની આ તમામ પ્રકારની ઉત્કૃષ્ટ કામગીરીને લીધે તે જમાનામાં દરેક વર્ષે શાળાનું એસ.એસ.સી.નું પરિણામ ૯૫ થી ૧૦૦ ટકા જેટલું આવતું હતું. સમસ્ત ગુજરાતમાં અને અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓમાં ધી ન્યૂ હાઈ સ્કૂલના વિદ્યાર્થીઓ આગવું સ્થાન મેળવીને શાળાની ગૌરવ-પતાકા શિક્ષણજગતના ગગનમાં ફરકાવતા. શાળામાં ભણીને વત્તેઓછે અંસે સારું પરિણામ મેળવી ચૂકેલા અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજે શિક્ષણ, સાહિત્ય, કલા, પત્રકારત્વ, રાજકારણ, આરોગ્ય જેવા અનેક ક્ષેત્રોમાં સ્થિર થઈ આગળ વધીને શાળાનું નામ ઉજાળે છે. શ્રી યશવંતભાઈ શુક્લ, શ્રી કાંતિલાલ ધીયા, ડૉ. એચ.સી. મહેતા, હાસ્યસાહિત્યકાર શ્રી વિનોદ ભટ્ટ, ગુજરાતી ફિલ્મોના ખ્યાતનામ અભિનેતા શ્રી અરવિંદ રાઠોડ, ગુજરાત સમાચારના મૅનેજિંગ તંત્રીશ્રી શ્રેયાંસભાઈ શાહ જેવા અનેક એનાં જ્વલંત ઉદાહરણો છે. કેટલાક વિદ્યાર્થીઓ ગુજરાત-બહાર સ્થિર થયા છે, તો કેટલાક વિદેશમાં સ્થાયી થયા છે; જેને લીધે શાળાની પ્રસિદ્ધિ માત્ર શહેર પૂરતી મર્યાદિત ન રહેતા રાષ્ટ્રથી માંડીને વિદેશો સુધી પહોંચી છે.

પિતાશ્રી એચ.બી. કાપડિયા સાહેબના પુનિત પગલે એમના અનુસંધાનરૂપે શાળામાં શિક્ષક, આચાર્ય અને સંચાલક તરીકેની ઉત્તમ કામગીરી બજાવવાની સાથે સાથે પોતાના લઘુબંધુઓ અને એક સુપુત્રને પણ એમણે અભ્યાસમાં રસ લેતા કરીને શિક્ષણના ક્ષેત્રમાં જ સારી રીતે કામ કરતા કર્યા હતા, જેમાંના સ્વ. શ્રી નવનીતભાઈ કાપડિયા સાહેબ ધી ન્યૂ હાઈ સ્કૂલની માતૃસંસ્થા ધી એચ.બી.કે. ન્યૂ હાઈ સ્કૂલમાં આચાર્ય અને સંચાલક તરીકે વર્ષો સુધી કામગીરી કરીને લગભગ દસેક વર્ષ પહેલા મૃત્યુ પામ્યા. શ્રી રમણભાઈ સાહેબના સુપુત્ર શ્રી રજનીભાઈ કાપડિયા હાલમાં ધી ન્યૂ હાઈ સ્કૂલની બીજી માતૃસંસ્થા ધી ન્યૂ મિડલ હાઈ સ્કૂલના આચાર્ય અને સંચાલક તરીકે અને પોતાના બીજા લઘુબંધુ શ્રી હસમુખભાઈ કાપડિયા હાલમાં ધી ન્યૂ હાઈ સ્કૂલના આચાર્ય અને સંચાલક તરીકે કામગીરી બજાવી રહ્યા છે. આમ, શ્રી રમણભાઈ સાહેબે પોતાની આધ્યાત્મિક અને પરમાર્થપ્રચુર જીવનરીતિ પોતાનાં કાર્યોમાં અમલી બનાવી પોતાનાં કુટુંબીજનોને પણ શિક્ષણ પ્રતિ અભિમુખ બનાવ્યાં.

ઈ.સ. ૧૯૪૮માં અમદાવાદ આચાર્યસંઘના મંત્રીપદે ચૂંટાઈ આવનાર સૌપ્રથમ યુવાન આચાર્ય તરીકે શ્રી રમણભાઈ હતા. ઈ.સ. ૧૯૪૮થી ૧૯૫૫ સુધી એમણે મંત્રી તરીકે ઉત્તમ કામગીરી બજાવીને તે સમયના અનેક ધુરંધર વયોવૃદ્ધ શિક્ષણકારોનો વિશ્વાસ અને આદર સંપાદિત કર્યો હતો. પછીનાં વર્ષોમાં બે વખત આચાર્યસંઘના પ્રમુખ તરીકે તે ચૂંટાઈ આવ્યા હતા. પ્રમુખપદની મોટી જવાબદારી એમણે ઉત્તમ વહીવટક્ષમતા, નિષ્ઠા અને કઠોર પરિશ્રમ દ્વારા અદા કરી હતી. આચાર્યો અને શિક્ષકો વચ્ચેના સંબંધોને લગતા અનેક જટિલ પ્રશ્નો હલ કરવા જેવું કઠિન કામ એમણે પાર પાડી બતાવ્યું હતું. અંગ્રેજી ભાષા ઉપર સારું પ્રભુત્વ હાંસલ કરી શકાય એ હેતુથી વિદ્યાર્થીઓના સ્તરને અનુરૂપ અંગ્રેજી પાઠ્ય પુસ્તકો તૈયાર કરવાની આવશ્યકતા જણ[illegible] રમણભાઈ સાહેબે

અન્ય વિદ્વાનોના સહયોગમાં 'Easy English Reader', 'Easy English Grammar' અને 'Work-Books' જેવાં પુસ્તકો લખ્યાં હતાં. આ પુસ્તકોમાં એમની અંગ્રેજી ભાષા ઉપરની પકડ, વિષયની વિદ્વત્તાભરી યોગ્ય માવજત અને વિદ્યાર્થીઓની કક્ષાને અનુરૂપ સરળતા ખરેખર ઊડીને આંખે વળગે એવી છે.

સાચા વિદ્વાન, સંસ્કારસમૃદ્ધ અને મૂલ્યનિષ્ઠ સપૂતો ધર્મ, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ભાવનાને વશવર્તીને પોતાનું કાર્ય ખરેખર જેમના માટે છે, તેઓનું તે દ્વારા સારું કલ્યાણ થાય અને એ લોકો પોતાનાં કાર્યોની ઇજ્જત અથવા કદર કરે એ જ એમને મન મોટો પુરસ્કાર અને સન્માન હોય છે. એમની ષષ્ટિપૂર્તિ પ્રસંગે તે સમયના ચાલુ વિદ્યાર્થીઓ, ચાલુ શિક્ષકો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ શિક્ષકોએ પોતપોતાનાં જુદાં જુદાં પ્રેમપ્રતીકો એમને સ્નેહભાવે અર્પણ કરીને શ્રી રમણભાઈ સાહેબ પ્રત્યેની કદરદાની અને ઋણ વ્યક્ત કર્યાં હતાં.

ઉંમર વધવાની સાથે શ્રી રમણભાઈ સાહેબની તબિયત ઢીલી પડવા છતાં પણ નિવૃત્તિ પછી શાળાને તે પોતાની ઉત્તમ સેવાઓ આપતા રહ્યા. પુષ્કળ ડાયબિટીઝ હોવાથી આવી પરિસ્થિતિમાં નિયમિત દવાઓ લઈને શરીરને થોડોક મૃદુ વ્યાયામ આપીને પણ શાળામાં એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને ઑફિસ પાસેના વર્ગમાં નીચે બોલાવીને તે ભણાવતા.

તા. ૧૧મી માર્ચ ૧૯૮૪. એસ.એસ.સી.ની પરીક્ષાનો આગલો દિવસ હતો. શાળા એસ.એસ.સી. પરીક્ષાનું કેન્દ્ર હોવાથી પરીક્ષાકાર્યની વ્યવસ્થા માટે શાળામાં એમણે શિક્ષકોની મીટિંગ બોલાવી હતી. પરીક્ષાકાર્યની વ્યવસ્થાની સમજૂતીની સાથે એમણે જરૂર લાગે ત્યાં માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું. એ જ દિવસે રાત્રે એમના એક સ્નેહીને મળીને ઘરે પાછા ફર્યા. તે પછી અચાનક હાર્ટએટેક આવતા એ જ મધરાતે શ્રી રમણભાઈ સાહેબનું અવસાન થયું. જીવનના અંતિમ દિવસ સુધી પણ તે શિક્ષણકાર તરીકે કાર્યરત રહીને આમ અચાનક જ ચાલ્યા ગયા. ઈ.સ. ૧૯૯૭માં ધી ન્યૂ હાઈ સ્કૂલ શાળા પરિવારે એમનો અમૃતમહોત્સવ ઊજવીને આ પરમ સારસ્વત પ્રતિભાને શ્રદ્ધાંજલિ આપીને એમનું મરણોત્તર સન્માન કર્યું. વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકિયું જ્ઞાન જ નહિ, પરંતુ એની સાથે ઉચ્ચ જીવનઘડતર અંગેનાં ઉત્તમ મૂલ્યો અને વિચારો પૂરા પાડનાર આદર્શ શિક્ષક, ભારે સંખ્યા ધરાવતી વિશાળ શાળાના ધણી હોવા છતાંય ધણીપણાનો લેશમાત્ર પણ ભાર રાખ્યા વિના આખીયે શાળાને વિશાળ પરિવાર માનીને સૌની પાસેથી એમના સ્વજન એવા વડીલ તરીકે કામ લેતા મિલનસાર આચાર્ય અને શાળાનાં તમામ કાર્યોનું અદ્ભુત સુસંકલન સાધનાર સફળ અને સક્ષમ સંચાલક એવા શ્રી રમણભાઈ સાહેબનું સ્થાન શિક્ષણના આદર્શ તરીકે સૌ વિદ્યાનુરાગી જિજ્ઞાસુ અને મૂલ્યોને વરેલા શિક્ષણપ્રેમી લોકોનાં હૃદયમાં ચિરસ્મરણીય રહેશે. □

લઘુકથા

શરાફત અલી

હરબન્સ પટેલ

હનિમૂન માટે ઉદેપુર પસંદ કર્યું, અને પહોંચી ગયાં. રાત્રે હોટેલમાં ઠરીઠામ થયાં પછી એક ટાંગાવાળા જોડે નક્કી કરી રાખ્યું હતું કે સવારે વહેલો લેવા આવી જાય. અમે બેઉ વહેલી સવારે તૈયાર થઈ ચ્હા-નાસ્તો પતાવતાં હતાં ને એ આવી પહોંચ્યો. હસમુખો છોકરો હતો. ગાલ પર સફરજન જેવી લાલાશ હતી. શ્વેત વર્ણ. ટાંગોય ખાસ્સો શણગારેલો હતો. અમે બેઉ એમાં ગોઠવાયાં.

સિટીપૅલેસ, સહેલિયોંકી બાડી, માર્કેટ પ્લેસ - એમ બધું બતાવતો ગયો. બપોરે સારી જગ્યાએ જમ્યાં, પછી થોડો આરામ. સાંજે પાંચ વાગ્યે એ નક્કી કર્યા મુજબ લેક પૅલેસ પર લઈ જવા આવી પહોંચ્યો. અમે બીજા રાઉન્ડમાં જવા ટાંગામાં ગોઠવાયાં, થનગનાટ કરતો શણગારેલો ઘોડો દોડતો હતો. ટાંગાવાળો ગુજરાતી મિશ્રિત હિન્દી-રાજસ્થાનીમાં બોલ્યા કરતો હતો. જબાનનો બહુ મીઠ્ઠો હતો. ખાસ તો 'ભાભીજી, ભાભીજી' કહી માધવીને ઉદ્દેશી વધારે બોલ્યા કરતો. વચ્ચે વચ્ચે મને ય 'સાહબ, સાહબ', કે 'ભાઈસાહબ' કહી વાત કરી લેતો. રસ્તા પરના ઉદેપુરવાસીઓ નવા હનિમૂન કપલને અલપ-ઝલપ જોઈ મલકાતા. એમના માટે આવાં પ્રવાસીઓની નવાઈ ન્હોતી.

સરોવર આવી ગયું. ટાંગામાંથી ઊતરી લેક પેલેસ જવા આધીરાઈપૂર્વક અમે બોટમાં ગોઠવાયાં. પૅલેસના બગીચામાં ફોટોગ્રાફરો અમને ઘેરી વળ્યા ત્યારે અમને અમારો મોંઘો કૅમેરા સાંભર્યો. બાસ્કેટ તો માધવી ટાંગામાં જ ભૂલીને આવી હતી. એમાં કૅમેરાની સાથે એનું પર્સ પણ હતું, જેમાં મોટી રકમ અને ચાર સોનાની બંગીયોય હતી, અને અમને તો ટાંગાવાળાનાં નામ-સરનામાની ય કશી ખબર નહોતી!

અમારા ચહેરા ફિક્કા પડી ગયા. હોશકોશ ઊડી ગયા. વળતી બોટમાં કિનારે આવ્યાં તો મીઠું મીઠું હસતો ટાંગાવાળો છોકરો ટાંગામાં બેઠો હતો. અમને જોયાં એટલે દોડતો જઈ બે લીલાં નાળિયેર લઈ આવ્યો ને અમને આપતાં માધવી ભણી જોઈ હસતાં હસતાં બોલ્યો, 'ભાભીજી! આપ તો બાસ્કેટ ટાંગે મેં ભૂલ ગઈ, કૅમેરા ઔર પર્સ... યે ઠીક નહીં. ખ્યાલ રખના ચાહિયે. મેં એનું નામ પૂછી લીધું. એણે કહ્યું : 'શરાફત-અલી. પણ સાહબ લોગ મુઝે સીર્ફ શરાફત કહકે પુકારતે હૈં, આપ કે હોટલ કે પીછે હી રહતા હૂં.'

ને ફરી પાછો એ હસી પડ્યો. એના શ્વેતવર્ણ ગાલ પર સફરજન જેવી લાલાશ અને ગાલમાં પડતાં ખંજન હું જોઈ રહ્યો. □

વિક્રમ કે વિભ્રમ ?

—— અશોક હર્ષ ——

હોટેલમાં અમે ચાર જણ એક જ મેજ પર પોતપોતાને ભાવતી વાનગીઓ મગાવી રહ્યા હતા. પરંતુ અમારામાંનો એક જણ બીજી કશી વાનગી મંગાવવાને બદલે એની ડિશમાંની બટાટાની કાતરી ધીમે ધીમે ખાઈ રહ્યો હતો. એનાં સંકોચાયેલાં ભવાં પરથી અને એક કાતરી ખાતાં પણ એને થતાં વિલંબ પરથી એ કશાક ઊંડા વિચારમાં હોય તેમ લાગતું હતું. મારી સામે બેઠેલા રમણીકે કુતૂહલવશ તેને વાતમાં ઉતારવા પ્રયત્ન કર્યો, પણ પેલાએ જવાબમાં માત્ર 'હં' 'હં' કર્યે રાખ્યું.

એના આ એકાક્ષરી ઉત્તર વચ્ચે જ મેં અને રમણીકે છેલ્લે આઈસક્રીમ મગાવ્યો. રમણીકે બંને કોણીઓ મેજ પર ટેકવી તે ખાવાનું શરૂ કરતાં જ પેલો એકદમ બોલી ઊઠ્યો : 'મને લાગે છે કે તમારે જલદીથી અહીંથી ભાગવું પડશે. હમણાં જ તમારા ગોદામમાં આગ લાગી હોવાનો સંદેશો તમને આવી પહોંચશે.'

રમણીક તો આ સાંભળી સ્તબ્ધ જ થઈ ગયો. પણ તે વધુ કંઈ પૂછવા જાય તે પહેલાં તો પેલો ઊભો થઈ ગયો અને હાથ-મોં ધોઈ પોતાનું બિલ ચૂકવી હોટેલની બહાર નીકળી ગયો. પણ તેની આગાહી સાચી પડી. રમણીકને સંદેશો આવી પહોંચ્યો અને અરધા કલાકમાં જ તે પોતાના ગોદામ પર જઈ પહોંચવા વડોદરા ઊપડી ગયો.

બીજા દિવસે સાંજે કાંકરિયા બાજુ ફરવા નીકળતાં મેં પેલાને નગીનાવાડીની પાળ પર બેઠેલો જોયો. એનો વધારે પરિચય મેળવવા હું એની જોડે જ જઈને બેઠો. આગલા દિવસની એની સાચી પડેલી આગાહીની વાત મેં એને કરી અને એને મળેલી આવી કુદરતી બક્ષિશ બદલ એને અભિનંદન આપ્યા.

'બક્ષિશ?!? આને તમે બક્ષિશ કહો છો? શાપ છે! મારા મનમાં ઓચિંતુ સૂઝી આવે છે અને મારી એ સૂઝ સોએ સો ટકા સાચી પડે છે.'

'હરેક વખતે?'

'હરેક વખતે, એટલે તો હું એ સૂઝને આશીર્વાદને બદલે શાપ માનું છું. શાપ ન માનતો હોત તો મારું વતન પોરબંદર છોડી આ પરાયા ગામમાં આમ રઝળતો હોત? મેં અમારા ડૉક્ટરને આ શાપથી છોડાવવા વાત કરી તો તેણે મને હવાફેરની સલાહ આપી. મને જોઈને હું બીમાર હોઉં એવું તમને લાગે છે ખરું?

'જરાય નહીં, અહીં શાંતિ મળતાં તમારી અત્યારની અકળામણ પણ ઓછી થશે.'

'મને નથી લાગતું કે એ દૂર થાય. ડૉક્ટરોને એમાં કશી ખબર પડતી નથી. એટલે મને લાગે છે કે ભવિષ્યની આ સૂઝનો બોજ મારે કાયમ વેંઢારવો પડશે.'

'ભવિષ્યની સૂઝ? એ કંઈ રોગ તો ન જ ગણાય.' હું બોલ્યો.

'ન ગણાય? ઠીક છે; પણ તેને મનોવૈષમ્ય તો ગણી શકાય ને?'

'પણ એ ઉદ્‌ભવે છે શામાંથી?'

આજે જે ફેશનેબલ અને છેલ્લામાં છેલ્લી ફરિયાદ પ્રચલિત છે એમાંથી, એટલે કે જ્ઞાનતંતુઓના થાકમાંથી. કામના વધુ પડતા બોજાથી મગજના જ્ઞાનતંતુઓ ઉત્તેજિત ને ઉત્તેજિત રહ્યા કરે છે. ભૂતકાળના ઋષિમુનિઓનું આર્ષદર્શન આવા કોઈ રોગનું પરિણામ હતું કે કેમ એ તો કોણ જાણે! પણ હું તો રોગગ્રસ્ત જ છું.'

'તમે જેને રોગ કહો છો એ ખરેખર એક વિસ્મય છે. આ વિસ્મય પહેલવહેલું ક્યારે ઉદ્‌ભવ્યું તેનો કંઈ ખ્યાલ તમે આપી શકો તેમ છો?'

'ઓહ, તદન સામાન્ય વાત છે. એક વખત શરીર અને મનથી હદ ઉપરાંત હું એટલો તો થાકેલો હતો કે ન તો ઊંઘ આવતી હતી કે ન તો સ્થિર મગજે કશું વિચારી શકતો હતો. આ દ્વિવિધ થાક દરમિયાન રસ્તે ચાલતાં એક જણે વાતવાતમાં મને કહ્યું કે, 'આજના જેવો ઉઘાડ આખું અઠવાડિયું ચાલુ રહે તો સારું' અને સહસા મારા મોંએથી સરી પડ્યું, 'એ ચાલુ રહેવાનો નથી; ત્રણ વાગ્યે જ વાદળો ઘેરાઈ જઈને પાછો વરસાદ શરૂ થઈ જશે'. આ શબ્દો મારા મોંએથી કેવી રીત સરી પડ્યા તેનું મનેય આશ્ચર્ય ઓછું નહોતું, પણ ખરેખર મારા ભાખ્યા મુજબ ત્રણ વાગ્યે મુશળધાર વરસાદ તૂટી પડ્યો!

હું આનંદ, ભય અને આશ્ચર્યની ત્રિવિધ લાગણી અનુભવવા લાગ્યો. મને પહેલાં તો એ કાગનું બેસવું અને તાડનું પડવું જેવો યોગાનુયોગ લાગ્યો, પણ સમયે મારી એ માન્યતા ખોટી પાડી.'

'ખરેખર અદ્‌ભુત સિદ્ધિ ગણાય!' મેં કહ્યું.

'તમને એ સિદ્ધિ લાગે છે કે જે ભવિષ્યમાં બનનારી ભયાનક ઘટનાઓ પણ આપણી આંખ સામે ખડી કરી દે છે? એ બનવા પામે ત્યાં સુધી તેનો ભાર મનમાં ને મનમાં વેંઢાર્યા કરવાની વેદનાની ખબર તો તમને પોતાને એવી સિદ્ધિ વરેલી હોય તો જ પડે. જાણે દૂરથી એક્સપ્રેસ ટ્રેન ધસતી આવતી હોય, નજીક ને નજીક આવતાં મોટી ને મોટી થતી જતી હોય અને તમને ચગદીને ચાલી જતી હોય.'

'શું કહો છો?'

'સાચું કહું છું. હા, આ રોગ સાથે કેટલાક ભૌતિક લાભ પણ સંકળાયેલા છે ખરા, પરંતુ મારે એવા કશા લાભની જરૂર નથી. પૈસા? મારી પાસે તે એટલા પ્રમાણમાં છે કે તે શામાં ખરચવા એ પ્રશ્ન છે. મારે હેઠા જીવે આ જિંદગીનો આનંદ માણવો છે, પરંતુ મારા પોતાના ભાવિની મને પડતી સૂઝ મને નિરાંતે જીવવા દે તેમ નથી. એકાદ દુઃસ્વપ્નની જેમ મને તે વળગી રહે છે. એટલે તો બીજાઓને મારી આ સૂઝથી ચોંકવતો અને ચિંતાવશ કરતો રહ્યો છું. આજથી ત્રણ વર્ષ પછીની આજની જ તારીખે તમારું શું થવાનું છે એ હું તમને અત્યારે કહી દઉં તો તમારાં ત્રણ વર્ષ કેવાં વીતવાનાં? તમને અત્યારે નથી કહી બતાવતો એટલો મારો પાડ માનો.'

હું જાણે તેની વાતને ઉડાવી દેતો હોઉં તેમ એક વ્યંગભર્યા સ્મિત સાથે ઊભો થઈ ગયો. પણ એ મનઃસ્થિતિ ક્ષણિક જ નીવડી. કંઈક અજંપાપૂર્વક પાછો બેઠો કે થોડોઘણો અંદાજ તો બનનારી ઘટનાનો તે આપે!

એ વ્યંગભર્યું હસતો ઊભો થઈ ચાલતો થઈ ગયો. પણ મારા મનમાં ત્રણ વર્ષ પછી બનનારી એણે કહેલી ઘટનાની વાત ઘુમરાતી જ રહી. મને તે દિવસે ખાવાનું પણ ન ભાવ્યું. 'હું તમને અત્યારે નથી કહી બતાવતો એટલો મારો પાડ માનો', એમ એણે કહેલું, તે ઘટના કેવીક હશે? મેં તેને ગમે ત્યાં પકડી પાડી એની પાસેથી ખુલાસો માગવાનું વિચાર્યું, પણ પછી એ પ્રયત્ન પડતો મૂકી મનને મનાવી લીધું કે મૂર્ખ થા મા, આ નરી બનાવટ પણ હોય. પરંતુ સૂવાની તૈયારી કરતી વખતે વાતવાતમાં તે બોલી ગયાનું મને યાદ આવ્યું કે મધરાતની ટ્રેનમાં તે અહીંથી ઊપડી જવાનો હતો, એટલે તરત પાછો કપડાં ચડાવી હું એ જ ટ્રેન પકડવા સ્ટેશને પહોંચી ગયો.

ટ્રેનમાં એના ડબ્બામાં પ્રવેશતાં જ તે મારી સામે જોઈને હસ્યો, 'તમે એકાએક ઊપડી જવાનું નક્કી કર્યું તેનું કારણ કોઈ માઠા સમાચાર તો નથી ને?' મેં પૂછ્યું. જવાબમાં એ માત્ર હસ્યો. એને પૂછવાનો પ્રશ્ન અનેક વાર જીભે આવી ગયો, પણ બહાર ન નીકળ્યો. છેવટે ભારે હિંમતપૂર્વક હું પૂછી જ બેઠો!

'ઓહ, એ જ તે?' તે આંખો ટમટમાવતો બોલ્યો, 'તમે મારી વાત હજુ ભૂલ્યા લાગતા નથી. એ ભૂલી જ જાઓ, દોસ્ત, અને મારી વાત સાંભળો કે હવે હું શું કરવા માગું છું. તમને પણ એમાં મજા પડશે. મારા એક મિત્રના પત્ર પરથી જાણવા મળ્યું છે કે, એક જબરો સટોડિયો અહીં ખેલો કરવા આવી પહોંચ્યો છે. તમે જાણો છો તેમ એની અત્યારની સ્થિતિ નહિ પણ તેનું ભવિષ્ય હું જાણી શકું તેમ છું. જો તે અમુક વલણ નહીં અપનાવે તો તે ખુવાર થઈ જવાનો છે. હું એને એ ભવિષ્ય કહીશ પણ એણે કયું વલણ અપનાવવું તે નહિ કહું.'

'તમારી રમત જબરી છે.' મેં કહ્યું.

'રમત? બેએક મહિના પહેલાં મને પોતાને સાત વરસ પછી શું થઈ જવાનું છે તેની જાણ થઈ જવા પામી છે અને તે બનીને જ રહેવાનું છે. બે મહિનાથી મારા મગજમાં એનું જ ચક્કર ચાલ્યા કરે છે. તમને એ મને મળેલી બક્ષિશ લાગે છે. પણ મારું તો લોહી એ પાછળ સુકાઈ ગયું છે. એવો માંદલો હું ક્યારેય દેખાતો નહોતો. મારા મનની કડવાશ પણ એણે વધારી દીધી છે. મારી પોતાની સાથે ઘટનારી ઘટનાને ભૂલવા માટે જ મેં બીજાઓ માટે આ રમત શરૂ કરી છે.'

એણે બોલ્યા કર્યું ને મેં સાંભળ્યા કર્યું. મને થયું, મારા ભવિષ્યની સ્પષ્ટતા કરવા એને કહું કે પછી આગલા સ્ટેશને ઊતરી જાઉં કે પછી એનો ટોટો જ પીસી નાખું? પણ ના, સાત વરસ પછીની એના જીવનમાં ઘટનારી ઘટનાની એણે કરેલી વાત પરથી લાગે છે કે સાત વરસ સુધી એ મરવાનો નથી. એટલે જ એને હું સાંભળતો જ રહ્યો અને ઊતર્યા પછી જે હોટેલમાં તે ઊતર્યો એ જ હોટેલમાં મેં પણ ઉતારો કર્યો. ઊતરતી વખતે હોટેલના મજૂરને તે એમ કહેતો રહ્યો હતો કે, 'આજની રાત અહીં રોકાઈને આવતી કાલની રાતે હું પાછો ઊપડી જવાનો છું.'

ત્યાર બાદ કેટલાય સમય સુધી એનો પત્તો જ ન લાગ્યો. વર્ષો બાદ રાજધાની એક્સપ્રેસમાં એનો ભેટો થઈ ગયો. એણે મારા કાંડા પર હાથ મૂકી થરકતા અવાજે કહ્યું : 'મને ઓળખ્યો?'

મેં ધારીધારીને એના તરફ જોયા પછી કહ્યું, 'ચોક્કસ વળી, હવે તો મારું શું થવાનું તે કહો? આજે ૧૯ માર્ચ થઈ. બરાબર એક વર્ષ બાકી રહ્યું.'

એણે મૂંગા રહી કપાળે હાથ મૂક્યો જાણે, કશુંક યાદ કરવા મથતો ન હોય? બાદ પોતાનો હાથ ફરી મારા કાંડા પર મૂકતો તે બોલ્યો, ' હું એ રોગગ્રસ્ત સ્થિતિમાં હતો તે સમયનું કશું જ મને હવે યાદ નથી. હું હવે તદ્દન સાજો-નરવો થઈ ગયો છું. તમને અમુક સમયે કશુંક બનવાનું કહ્યાનું મને યાદ નથી.'

'પ્રયાસ તો કરી જુઓ.' મેં કહ્યું. એણે પ્રયાસ કરી જોયો, પણ વ્યર્થ. આંખમાં આંસુ સાથે તે કંઈક ધ્રૂજતો બોલ્યો, એ બધું વાહિયાત જ સમજી લો. કેવળ મારી મનોભ્રમણા. એમ કરો, તમે મારી સાથે રહો. ક્યાંક કશુંક યાદ આવી જાય તો તમને કહી શકાય.

એની યાદદાસ્ત તાજી થવાની રાહ જોતો હું તેની સાથે જ રહ્યો છું. મારા ભવિષ્યની ચિંતાએ મને માત્ર ચોવીસ વર્ષની ઉંમરે વૃદ્ધ બનાવી દીધો છે. હું માંદો-સાજો રહેવા માંડ્યો છું. એ કેવળ મારા કાંડા પર હાથ મૂકીને બેસી રહે છે. □

તિબેટ-પ્રવાસની નવી લેખમાળા

સંમુખ સાગરમઠ-૩

— પ્રીતિ સેનગુપ્તા —



આજે પણ તિબેટમાં પ્રવાસ કરવાની કઠિનાઈઓ ઓછી નથી. તેની જાણ ત્યાં ફરતાં ફરતાં અમને થતી ગઈ. સાથે જ, તિબેટના સંમોહનનો, તથા એની સાંપ્રત કરુણતાનો અનુભવ પણ થતો ગયો. અમે મુખ્યત્વે તિબેટના એ ભાગમાં સફર કરવાનાં હતાં જેની ફળદ્રુપ ઉપત્યકાઓની આસપાસ પ્રાચીન કાળમાં તિબેટી સંસ્કૃતિ અને સમાજ વિકસ્યાં હતાં. એ જ ભાગમાં ચીની સત્તાનો અત્યાચારી પંજો છેલ્લા પાંચ-છ દસકાઓથી એવો પડ્યો છે કે તિબેટનું સત્ત્વ ગૂંગળાતું, હણાતું ગયું છે.

એ વિજ્ઞાની હકીકત તો આપણે જાણીએ છીએ કે કરોડો વર્ષ પહેલાં, જ્યાં દરિયો હતો ત્યાં, હિમાલય પર્વતો અને તિબેટનો ઊંચો પ્રદેશ ઉપર ધસી આવ્યા. ત્યાંની પ્રજા ક્યાંથી આવી, એને વિષે ઘણા પ્રશ્નો થતા રહ્યા છે. સામાન્ય રીતે એમ મનાય છે કે, અઢી-ત્રણ હજાર વર્ષ પહેલાં, ચીની નહીં તેવી વિચરતી જાતિઓ ત્યાં જઈ ચડી અને સ્થાયી થઈ. તો તિબેટ નામ કઈ રીતે પડ્યું, એને માટે અભ્યાસીઓ હજી ચર્ચાઓ અને અનુમાનો કરતા રહે છે.

તિબેટી પ્રજા પોતાના દેશને 'બોદ' કહે છે, જે મધ્ય-તિબેટની તળ-ભાષામાં 'પો' તરીકે ઉચ્ચારાય છે. ચીની લોકોની જીભે 'બોદ'નું 'ફાન' - કે 'બ્વાન' બન્યું, ને આઠમી સદીમાં

દસ્તાવેજ

તિબેટનો વિચાર કરીએ ત્યારે જાણે મનથી ઊંચું જોવું પડે. દુનિયાનો ઊંચામાં ઊંચો દેશ છેને! એના પર્વતો તો ઊંચા જ, પણ એનાં ખીણ ને મેદાનો પણ ઊંચાં. બધું જ દસ-અગિયાર હજાર ફીટ ઊંચું, અને તેથી પણ વધારે ઊંચું. સાદી ભાષામાં એ 'દુનિયાનું છાપરું' કહેવાતું આવ્યું છે. પણ મને થાય, અતિદૂરવર્તી, લગભગ અસન્નિહિત, દુનિયાના સૌથી અગમ્ય એવા પ્રદેશના વર્ણન માટે તો અલંકૃત શબ્દો જ જોઈએ. 'મહોચ્ચ ગિરિ-શૃંખલાના હિમ-મંડિત આસન પર વિરાજમાન પ્રદેશ' - કે એવા કંઈક! અસાધારણ સ્થાનો પ્રત્યે મારી વૃત્તિ કંઈક એવી જ થઈ જાય છે!

એની દક્ષિણે ઉચ્ચ-કર્કશ હિમાલયની અતૂટ ગિરિ-પંક્તિ છે, જેને અઢેલીને નેપાળ, સિકિમ, ભુતાન, ઉત્તર આસામ, ઉત્તર મ્યાનમાર અને ચીનનું યુન્નાન પરગણું રહેલાં છે. પશ્ચિમે, આ જ પંક્તિ વળતી જાય છે કાશ્મીર, લડાખ અને કારાકોરમ તરફ. ઉત્તરે અને પૂર્વમાં તો ચીનનો સત્તાવાર વિસ્તાર. બધી બાજુથી તિબેટ જાણે કેદ છે, બદ્ધ છે. બીજાં સ્થાનો અને સંસ્કૃતિઓ સાથે સહજ સંબંધ એને માટે ક્યારેય શક્ય જ ન હતો. કેવળ પર્વતીય પરિસર જ નહીં, પણ લાંબામાં લાંબાં અંતર અને વચ્ચે આવતાં કેટલાયે ઉજ્જડ રણ જેવા ભૂ-ભાગ પણ કારણભૂત ખરા જ. પચાસેક વર્ષ પહેલાં સુધી લ્હાસા (તિબેટનું પાટનગર)થી બેજિંગ (ચીનનું પાટનગર) જતાં આઠ મહિના થતા. માર્કો પોલોના જમાનાની જેમ જ તો!



તિબેટના એક મઠના ચોગાનમાં રમતગમત

એ લોકો એને 'તુ-ફાન' કહેતા થયા - 'તુ-ફા' નામની તુર્ક-મૉન્ગોલ મિશ્રિત એક જાતિના નામ સાથે ભૂલભૂલમાં ભેળવી દઈને. આ 'તૂ-ફા' જાતિ વળી, 'તુપ્પાત' જેવા મૂળ નામે ઓળખાતી હતી તે પ્રાચીન તુર્કી ગ્રંથોમાં જોવા મળ્યું છે. તુપ્પાત, તુપુત, તુબ્બેત, તિબ્બત - એવાં રૂપાંતરો કાળક્રમે થતાં ગયાં. માર્કો પોલોએ એનું નામ ચૌદમી સદીમાં 'તેબેથ' તરીકે નોંધ્યું છે. ઓગણીસમી અને વીસમી સદીની યુરોપી પ્રજા દ્વારા છેવટે એ બોલવામાં સહેલું એવું 'તિબેત' કે 'તિબેટ' બન્યું. આ જ નામથી આજે દુનિયા એને ઓળખે છે.

અત્યારે એમ લાગે છે કે ચીનની સત્તા અને ભૂમિ માટેના લોભને કારણે ચીન અને ભારત વચ્ચેની ભયાનક રાજકારણીય રમતમાં તિબેટ એક અસહાય પ્યાદું બની ગયેલું છે. ૧૯૫૦ના દસકામાં ચીને એનું સ્વાતંત્ર્ય છીનવી લીધું. ઉત્તર-પૂર્વના આપણા પ્રદેશો પર ચીન તરાપ ના મારે તે માટે ભારત સરકારને, પ્રત્યેક દિવસે, તિબેટની સાથેની સરહદની સુરક્ષાની પાછળ લાખો રૂપિયા ખર્ચવા પડે છે. બહુ-શત વર્ષો પહેલાં એવો પણ કાળ હતો જ્યારે વિશ્વની બે મહાન સંસ્કૃતિઓના પ્રણેતા દેશો - ચીન અને ભારત - ને તિબેટ બાબતે કશી જાણકારી પણ નહોતી.

એ કાળે તિબેટ પર સમર્થ રાજાઓનું શાસન હતું. સાતમી સદી ઇતિહાસમાં ઘણી અગત્યની લાગે છે, કારણ કે એ દરમિયાન ચીન અને ભારતને તિબેટનો પરિચય થયો, બૌદ્ધ ધર્મનો પ્રવેશ તિબેટમાં થયો, લ્હાસાની ગ્રીષ્મ-પાટનગર તરીકે સ્થાપના થઈ અને ઠેર ઠેર ધાર્મિક સંસ્થાન બંધાયાં. એ પછી રાજ્યસત્તા અને ધર્મસત્તા વચ્ચે ગજગ્રાહ શરૂ થયા ને સત્તરમી સદી સુધી ચાલ્યા જ્યારે પાંચમા દલાઈ લામા તિબેટના સમગ્ર તંત્રના અધિષ્ઠાતા બન્યા. એ પછીના કેટલાક દલાઈ લામા આગેવાન તરીકે અસરકારક નહોતા, પણ તેરમાં દલાઈ લામા રાષ્ટ્રવીર બન્યા. એમની સાથે તિબેટ વીસમી સદીમાં પ્રવેશ્યું. આગલી સદીમાં વિદેશીઓ માટે તિબેટે પોતાનાં દ્વાર બંધ કરી દીધેલાં, પણ હવે ચીન, રશિયા, ભારત સુધી પહોંચી ગયેલા ઇંગ્લંડ વગેરેનુ દબાણ તિબેટ પર થવા માંડ્યું. ૧૯૧૩ના અરસામાં તો ચીન એને 'ચીનનો પોતાનો સંકલિત ભાગ' કહેવા લાગી ગયું હતું. તિબેટ જોર-શોરથી એ વિચારનો, એ શબ્દોનો વિરોધ કરતું હતું. મૉન્ગોલ, ને પછી માંચુ સૈન્યો વર્ષોથી તિબેટને હડપ કરી જવા મથતા આવ્યાં હતાં. સમય એવો આવ્યો કે કશી સમજૂતી પર આવવા માટે વિદેશીઓને વચ્ચે રાખવા પડ્યા. બ્રિટિશ મધ્યસ્થી સાથે છ મહિના સુધી વિચારણા થતી રહી. અંતે, કેટલાક મુદ્દાઓવાળો જટિલ પ્રસ્તાવ તૈયાર થયો. એ મુજબ, ટૂંકમાં, તિબેટ સ્વાયત્ત રાજ્ય હોય અને ચીનનું એના પર અધિરાજત્વ હોય, એમ થયું.



લ્હાસાના જોઆંગ મંદિરનાં શિખર અને પર્વતો



દલાઈ લામા

તિબેટ તો હજાર વર્ષથી સ્વતંત્ર દેશ હતો. આ પ્રસ્તાવ દ્વારા ગુમાવવાનું તો એને જ હતું. છતાં એના સ્વીકાર માટે એ તૈયાર હતું; પણ ચીન? એણે જરા પણ મચક ના આપી. પછી અલગ રીતે તિબેટ અને ભારત સાથે બીજો એક દસ્તાવેજ થયો જેની અંદર બ્રિટિશ સરકારે તિબેટની સ્વાયત્તતા સ્વીકારી, પણ ચીનનું અધિરાજત્વ (suzerainty) ના સ્વીકાર્યું - જ્યાં સુધી ચીન દસ્તાવેજ પર સહી ના કરે ત્યાં સુધી. એ સહી એણે ક્યારેય ના કરી.

તેરમા દલાઈ લામાને સતત સરહદો પરનાં છમકલાંનું ધ્યાન રાખવું પડ્યું. વળી, 'ગેલુક' - એટલે કે 'સદાચારી પંછ' - તરીકે આજે પણ ઓળખાતા બૌદ્ધ ધર્મમાર્ગના અનુયાયીઓ અમુક સુધારા અને પરિવર્તન પણ ઇચ્છતા હતા. ભારતની જેમ તિબેટને પણ આધુનિકતાનો, પશ્ચિમી જગતનો સ્વાદ ચખાડ્યો હતો બ્રિટિશ રાજ્યે; અને ચીની હુમલાની સામે સુરક્ષાની બાંહેધરી પણ તિબેટને બ્રિટિશ રાજ્યે જ આપેલી, પણ સિમલા-કરારનાં પાંત્રીસેક વર્ષમાં તો એ સત્તા ભારતમાંથી જતી રહી અને ચીનમાં સખત સામ્યવાદી શાસન સ્થપાયું જેનો ઇરાદો રાજાશાહી હતો. તિબેટના ભાગ્યની આ પહેલી કરુણતા.

૧૯૩૩માં, પોતાના મૃત્યુ પહેલાં, તેરમા દલાઈ લામાએ પ્રજાને ગંભીર ચેતવણી આપી હતી કે ભવિષ્યનાં વર્ષ અનેક જોખમથી ભરેલાં હોવાનાં. પણ સંગઠિત રહેવાને બદલે અંદરોઅંદર વિખવાદો વધ્યા. એ નાજુક સમયે અસ્થિરતાના

(અનુસંધાન પૃ. ૩૯૦)

સૂર્યનું ખગ્રાસ ગ્રહણ



હીરક વલય



બેઈલીના મણકા

પ્રહ્લાદ છ. પટેલ

વિરાટ વિશ્વમાં કેટલીય ઘટનાઓ બને છે, પણ ઘણી ઓછી ઘટનાઓની માહિતી આપણા સુધી પહોંચે છે. સૌર મંડળમાં થતાં ગ્રહણ, યુતિ, વિસ્ફોટ વગેરેનો અભ્યાસ હવે શક્ય છે, પણ દૂર અંતરિક્ષમાં વિસ્ફોટ અને મહાવિસ્ફોટ જેવી કેટલીય વિરલ ઘટનાઓ બને છે જેની માહિતી ઉપલબ્ધ થતી નથી; જો કે તે મેળવવા વૈજ્ઞાનિક અને ખગોળીય પ્રયાસો ચાલું છે.

ગ્રહણ એ આપણી આસપાસના ખગોળીય અવકાશમાં બનતી પ્રકાશીય (optical) ઘટના છે. આ ઘટના દરમિયાન આકાશમાં ઘૂમતા ખગોળીય પદાર્થો ઉપર અંધકાર છવાઈ જાય છે અને થોડાક સમય માટે તે અદીપ્ત (dark) બને છે. સૂર્ય જેવો પિંડ સ્વપ્રકાશિત અથવા પરપ્રકાશિત પદાર્થ સામે થઈને બીજો કોઈ ખગોળીય પદાર્થ પસાર થાય છે ત્યારે ગ્રહણ થાય છે. કેટલીક વખત કાળું ડિબાંગ મોટું વાદળ સૂર્ય અને પૃથ્વી વચ્ચે થઈને પસાર થાય છે ત્યારે વાદળનો પડછાયો ઝડપથી પસાર થવાની ઘટનાથી સૌ કોઈ પરિચિત છે. તે જ રીતે, સૂર્ય અને પૃથ્વી વચ્ચે થઈને ચંદ્ર પસાર થતાં તેનો પડછાયો ઝડપથી પૃથ્વીની સપાટી ઉપર થઈને પસાર થાય છે ત્યારે સૂર્યગ્રહણ થાય છે. જુઓ આકૃતિ ક્રમાંક ૧. સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વી આવતાં ચંદ્રગ્રહણ થાય છે.


સૂર્યગ્રહણ ચાર પ્રકારનાં હોય છે : (૧) કંકણાકાર ગ્રહણ, (૨) ખગ્રાસ ગ્રહણ, (૩) કંકણાકાર ખગ્રાસ ગ્રહણ અને (૪) ખંડ-ગ્રાસ ગ્રહણ.

આકૃતિ ૧માં દર્શાવ્યા પ્રમાણે ગ્રહણનું અવલોકન કરનાર વ્યક્તિ સંપૂર્ણતાના વર્તુળમાં હોય તો તેને સૂર્યનું ખગ્રાસ ગ્રહણ દેખાશે, જ્યારે તે આંશિ- કતાના વર્તુળમાં હોય તો તેને ખંડગ્રહણ દેખાશે.

સૂર્યગ્રહણ દર- મિયાન ચાર સ્પર્શ મહત્ત્વના બને છે : (૧) ચંદ્રનો પડછાયો ગોળ તકતી આકારનો હોય છે. ચંદ્રના પડછાયાની તકતીની ધાર સૂર્યની ધારને સ્પર્શે તે. (૨) ચંદ્ર જેમ આગળ વધે છે તેમ તેના પડછાયાની તકતીનો વધુ ને વધુ ભાગ સૂર્યને ઢાંકે છે અને ખંડ કે ખગ્રાસ ગ્રહણ બને તે. (૩) સંપૂર્ણ અથવા કંકણાકાર ગ્રહણની વિરામ અવસ્થા અને (૪) ચંદ્રના પડછાયાની તકતી સૂર્યની તકતીને આખરે છોડે તે.

પહેલાથી ચોથા સ્પર્શ વચ્ચેનો સમયગાળો ૪ કલાકથી થોડોક વધારે હોય છે.


થોડાક સમય બાદ એટલે કે સંવત ૨૦૫૫ના આષાઢ વદ ૩૦ (દિને દિવાસો અને ઑગસ્ટ ૧૧, ૧૯૯૯)નું સૂર્ય ખગ્રાસ ગ્રહણ કલિકાલ સંવત્સર ૫૧૦૧ (બાવનમી સદી)નું પ્રથમ તથા ઈસુની આ સદીનું અંતિમ અને રોમાંચક હશે. બાવનમી સદીના પ્રભાતે થનાર આ પ્રથમ સૂર્ય ખગ્રાસ ગ્રહણ બપોર



આકૃતિ - ૧

ગુજરાતમાં નીચેના સ્થળોએ ગ્રહણનો આરંભ તથા મોક્ષ સંપૂર્ણ સમય જોઈ શકાશે.

સ્થળ	ખંડગ્રાસ આરંભ ક.મિ.સે.	ખગ્રાસ આરંભ ક.મિ.સે.	પરમગ્રાસ ક.મિ.સે.	બિંબાકાર	ખગ્રાસમોક્ષ ક.મિ.સે.	સૂર્યાસ્ત ક.મિ.સે.
આણંદ	૧૬-૫૬-૨૯	૧૮-૦૦-૪૮	૧૮-૦૧-૧૫	૧.૦૧૮	૧૮-૦૧-૪૨	૧૮-૫૯-૧૭
વડોદરા	૧૬-૫૬-૫૮	૧૮-૦૧-૦૩	૧૮-૦૧-૩૫	૧.૦૧૮	૧૮-૦૨-૦૭	૧૮-૫૯-૩૦
ભૂજ	૧૬-૫૩-૦૦	૧૭-૫૯-૧૫	૧૭-૫૯-૩૭	૧.૦૧૯	૧૮-૦૦-૦૦	૧૮-૫૯-૦૪
બોરસદ	૧૬-૫૬-૩૨	૧૮-૦૦-૪૮	૧૮-૦૧-૨૧	૧.૦૧૮	૧૮-૦૧-૫૩	૧૮-૫૯-૨૪
ધોળકા	૧૬-૫૫-૫૦	૧૮-૦૦-૨૭	૧૮-૦૦-૫૪	૧.૦૧૯	૧૮-૦૧-૨૨	૧૮-૫૯-૧૧
ખંભાત	૧૬-૫૬-૩૨	૧૮-૦૦-૫૭	૧૮-૦૧-૨૯	૧.૦૧૮	૧૮-૦૨-૦૦	૧૮-૫૯-૩૭
ખેડા	૧૬-૫૬-૦૦	૧૮-૦૦-૪૦	૧૮-૦૦-૫૬	૧.૦૧૮	૧૮-૦૧-૧૧	૧૮-૫૯-૦૬
જાળિયા	૧૬-૫૪-૨૪	૧૭-૫૯-૩૭	૧૮-૦૦-૦૯	૧.૦૧૯	૧૮-૦૦-૩૯	૧૮-૫૮-૫૫
નડિયાદ	૧૬-૫૬-૧૨	૧૮-૦૦-૪૭	૧૮-૦૧-૦૩	૧.૦૧૮	૧૮-૦૧-૧૮	૧૮-૫૯-૦૮
પાદરા	૧૬-૫૬-૫૮	૧૮-૦૧-૦૫	૧૮-૦૧-૩૮	૧.૦૧૮	૧૮-૦૨-૧૧	૧૮-૫૯-૩૫
પેટલાદ	૧૬-૫૬-૨૬	૧૮-૦૦-૪૫	૧૮-૦૧-૧૭	૧.૦૧૮	૧૮-૦૧-૪૯	૧૮-૫૯-૨૩
સુરેન્દ્રનગર	૧૬-૫૬-૧૮	૧૮-૦૦-૧૪	૧૮-૦૦-૪૭	૧.૦૧૯	૧૮-૦૧-૨૧	૧૮-૫૯-૨૨




મહાસાગર, મધ્ય યુરોપ, પશ્ચિમ એશિયા અને ભારતના મધ્ય ભાગોમાં થઈને પસાર થશે. બંગાળની ખાડી ઉપર તે સમાપ્ત થશે. આષાઢ વદ ૩૦ (ઑગસ્ટ ૧૧, ૧૯૯૯)ના ખગ્રાસ ગ્રહણના આરંભ અને મોક્ષનો સમય અનુક્રમે આકૃતિ ૨ અને આકૃતિ ૩માં દર્શાવ્યો છે.

ખગ્રાસ ગ્રહણ નિહાળવા માટે સૌરાષ્ટ્ર અને નજીકનો કચ્છનો વિસ્તાર ઉત્તમ છે. આ ગ્રહણ જોવા માટે સર્વશ્રેષ્ઠ જગાઓ તુર્કી અને રોમાનિયા છે.ખગ્રાસ સૂર્યગ્રહણ પ્રકૃતિનું પ્રભાવી દર્શન કરાવે છે. સંપૂર્ણ ગ્રહણ ટાણે સૂર્ય ઉપર અંધકાર બરાબરનો છવાઈ જાય છે. તે સમયે સૂર્યની ફરતે સુંદર પ્રભામંડળ (halo) રચાય છે. આ પ્રભામંડળ સૂર્યનું બાહ્ય વાતાવરણ છે. તેને કિરીટ (corona) કહે છે. આ સાથે આકાશ નીલરંગી પણ અદીપ્ત હોય છે. કેટલાક તેજસ્વી તારા અને ગ્રહો ખગ્રાસ ગ્રહણના સમયે દેખાય છે. દિવસે તારા જોવા મળે તે કંઈ ઓછું રોમાંચક છે? આ બધાનું નિરીક્ષણ એક અમૂલ્ય તક છે. ચંદ્ર જેમ પૂર્વ તરફ આગળ ધપે છે તેમ પછી શરૂ થઈને સાયંકાળે પૂર્ણ થશે તેથી તેની સાથે સંકળાયેલી ઘટનાઓનો અભ્યાસ કરવો મુશ્કેલ બનશે. આવાં ખગ્રાસ સૂર્યગ્રહણ નજીકના ભવિષ્યમાં નીચેના સમયે અને સ્થળે જોવા મળશે.

જૂન ૨૧, ૨૦૦૧ જેઠ, અમાસ, ગુરુવાર	આટલાંટિક મહાસાગર દક્ષિણ આફ્રિકા, મડાગાસ્કર
ડિસેમ્બર ૧૪, ૨૦૦૧ કાર્તિક, અમાસ, મંગળવાર	દક્ષિણ આફ્રિકા, હિંદી મહાસાગર ઑસ્ટ્રેલિયા
નવેમ્બર ૨૩, ૨૦૦૩ કાર્તિક, અમાસ, રવિવાર	ઑસ્ટ્રેલિયા

આગામી ખગ્રાસ ગ્રહણનો દિવસ અષાઢ (ઑગસ્ટ) મહિનામાં આવે છે. તે ચોમાસાની ઋતુ હોઈ તે સમયે આકાશ સામાન્યતઃ વાદળછાયું હશે. તે છતાં, મધ્ય ભારતના કેટલાક વિસ્તારમાં આકાશ વાદળમુક્ત હોવાની શક્યતા છે. આબોહવા-વિજ્ઞાન પ્રમાણે રોજ સરેરાશ ૪ થી ૫ કલાક સૂર્યપ્રકાશ મળે છે. સંપૂર્ણતાનો પથ વાયવ્ય (ઉત્તર-પશ્ચિમ)માં મળે છે. અને અગ્નિ (દક્ષિણ-પૂર્વ) દિશામાં તે સમયગાળો ક્રમશઃ ઘટે છે.

આ દિવસે ચંદ્રનો પડછાયો આટલાંટિક



સૂર્ય ફરીથી દેખાવા લાગે છે. સૂર્ય લગભગ ૭ મિનિટ અને ૪૦ સેકન્ડ માટે સંપૂર્ણ અદીપ્ત રહે છે. તેમાંય આકૃતિ ૪માં દર્શાવ્યા પ્રમાણે હીરક વલય (diamond ring)ની અસાધારણ ઘટના પ્રત્યક્ષ નિહાળતાં સૌ કોઈને તે હેરત પમાડે તેવી છે. બેઈલીના મણકા પણ એવી જ બીજી વિસ્મયકારક અને મનોહર ઘટના છે. આ ઘટનાઓનું કારણ ચંદ્રની સપાટીની અનિયમિત ધાર છે. ચંદ્રની ધાર ઉપર જ્યાં ખાંચો હોય ત્યાંથી સૂર્યપ્રકાશ આરપાર નીકળે છે માટે તે ભાગ હીરાની જેમ ચમકે છે. આવું હીરકવલય કેટલીક વખત સંપૂર્ણતાના અંતે તો કેટલીક વખત તેના આરંભે જોવા મળે છે. ખગ્રાસ સૂર્યગ્રહણ સાથે સંકળાયેલી ઘટનાઓ વિજ્ઞાનીઓના સવાલોના જવાબ આપે છે તો કેટલાક કવિઓની કલ્પનાવૃત્તિને ઉત્તેજે છે.

ખગ્રાસ ગ્રહણના ટાણે તૈયાર થતા કિરીટનો અભ્યાસ ઉત્તમ તક છે. કિરીટના તાપમાન અને અન્ય પ્રાચલોના માપન (અભ્યાસ)થી સૂર્ય અને તેની આસપાસના વાતાવરણનો તાગ મળે છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને સાપેક્ષતાના સિદ્ધાંતને આધારે પ્રતિપાદિત કર્યું હતું કે દૂર દૂરના તારામાંથી આવતા પ્રકાશનું કિરણ સૂર્ય પાસે થઈને પસાર થતાં ગુરુત્વાકર્ષણના બળને લીધે સ્હેજ વાંકું વળે છે. આવા વાંકા વળતા કિરણનો ફોટોગ્રાફ તો માત્ર સૂર્યના ખગ્રાસ ગ્રહણને ટાણે જ શક્ય બને છે. સૂર્યના પ્રબળ ગુરુત્વાકર્ષણ બળને લીધે વાંકા વળતા પ્રકાશના કિરણનો ૧૯૯૯ની સાલના સૂર્યના ખગ્રાસ ગ્રહણ સમયે લીધેલો ફોટોગ્રાફ આઈન્સ્ટાઈનના ઉપર્યુક્ત સિદ્ધાંતને સબળ ટેકો આપે છે. પ્રકાશના કિરણનો વળાંક, અલબત્ત, ઘણો જ ઓછો હોય છે.

યુગ્મ-તારા (binary stars) એકબીજાની આસપાસ પરિભ્રમણ કરતા હોય છે. એક તારાની પાછળ બીજો તારો આવે ત્યારે બીજો તારો દેખાતો બંધ થાય છે એટલે કે તેનું ગ્રહણ થાય છે. આ રીતે યુગ્મ-તારાઓની બાબતે થતા ગ્રહણને આધારે ખગોળવિદો દૂરના તારાના આકાર અને કદ નક્કી કરવા સફળ થયા છે. ડેન્માર્કના ખગોળવિદ રોમરે ગુરુના ગ્રહણની મદદથી પ્રકાશની ઝડપ નક્કી કરી.

કુદરતની આવી અદ્વિતીય ઘટના જોવા માટે કેટલીક ખાસ તકેદારીઓ રાખવી અનિવાર્ય છે. સૂર્યમાંથી પ્રબળ પારજાંબલી, દૃશ્ય અને અધોરક્ત કિરણોનું ઉત્સર્જન થતું હોય છે. સૂર્યની સામે સીધેસીધું જોવાથી આંખોને ભારે નુકસાન થાય છે. ખગ્રાસ ગ્રહણ ટાણે પણ એવું જ બને છે માટે ગ્રહણનું અવલોકન કરતી વેળાએ પ્રબળ કિરણોનું પૂરતા પ્રમાણમાં શોષણ કરે તેવા ફિલ્ટરનો ઉપયોગ કરવો પડે. પિનહોલ કૅમેરા, ટેલિસ્કોપ કે બાઈનોક્યુલર વડે પણ આવા ખગ્રાસ ગ્રહણનો અભ્યાસ થઈ શકે છે. સનગ્લાસ, કલર ફિલ્મ, ફોટો-ફિલ્મનો ઉપયોગ હિતાવહ નથી.

ગ્રહણ પરત્વે ઘણી બધી અંધશ્રદ્ધાઓ પ્રવર્તે છે, પણ વૈજ્ઞાનિક રીતે વિચારતાં તેમાં કોઈ તથ્ય નથી. ગ્રહણ પ્રત્યે સાવધાન રહેવું ઇચ્છનીય છે, પણ વધુ પડતા પ્રત્યાઘાતી બનવાની જરૂર નથી. રોજબરોજનાં કામકાજ થંભાવી દેવાં, કચેરીઓ બંધ રાખવી, વાહનવ્યવહાર બંધ કરી દેવો અને ઘરનાં બારીબારણાં બંધ રાખવાં જેટલા આત્યંતિક બનવાની હરગીજ જરૂર નથી. ઘરના ખૂણે લપાઈને કુદરતની આવી વિરલ ઘટનાને જોવાની તક ગુમાવવી જોઈએ નહીં, બલકે પૂરેપૂરા સંરક્ષાત્મક પગલાં સાથે તેનો સંપૂર્ણ લાભ લેવો જોઈએ. ☐

અનુસંધાન] સાગરમઠ [પૃ. ૩૮૭થી

સંજોગોનું ઊભા થવું, તે બીજી કરુણતા.

ઉત્તર-પૂર્વ તિબેટના ખેડૂત કુટુંબમાં ૧૯૩૫માં એક પુત્રનો જન્મ થયો. એનું નામ પડ્યું તેન્ઝિન ગ્યાત્સો. બે વર્ષની ઉંમરે એમને તેરમા દલાઈ લામાના અવતાર તરીકે પ્રમાણવામાં આવ્યા અને લ્હાસા લઈ જઈ સિંહાસને બેસાડવામાં આવ્યા. ૧૯૫૦માં વિધિસર એમને તિબેટના રાજનૈતિક વડા તરીકે અધિકૃત કરવામાં આવ્યા. ખાસ તો એ ચીને કરેલા હુમલાના સામનાના અર્થમાં, કે એના જવાબમાં, થયેલું.

શાંતિપૂર્ણ વર્તાવ માટેનાં ચીનનાં ખોટાં વચનોમાં તિબેટની પ્રજા ફસાઈ, અને ૧૯૫૧માં છેક લ્હાસાની અંદર ચીની સૈન્ય સાવ સહેલાઈથી પહોંચી ગયું. ચીની સરકારે ઇરાદો તો તિબેટી જીવન સુધારવાનો બતાવ્યો, પણ પ્રજાજનોનો અમુક વર્ગ સંદેહશીલ રહ્યો. તિબેટના પૂર્વ અને કેન્દ્ર વિભાગોમાં રીતસરના બળવા શરૂ થયા. ક્રુદ્ધ થયેલી ચીની સરકારના લશ્કરી વડાએ ૧૯૫૯માં ચૌદમા દલાઈ લામાને, કૅન્ટોનમેન્ટમાં મનોરંજન કાર્યક્રમ જોવા આવવા આમંત્રણ આપ્યું. પણ તિબેટીઓને તો એમાં કાવતરાની ગંધ જ આવી. લ્હાસા, નૉર્બુલિન્ગ્કા નિવાસસ્થાનની બહાર અને અન્યત્ર લોકો વિરોધ દર્શાવતા દેખાવો કરવા માંડ્યાં.

ચીની લશ્કરે પ્રજા પર ગોળીબાર શરૂ કરી દીધા. ૧૯૫૯ના માર્ચની સત્તરમીની સાંજે દલાઈ લામા અને એમના અનુયાયીઓ જીવ મુઠ્ઠીમાં લઈને, દક્ષિણ દિશામાં, ભારત તરફ ભાગી છૂટ્યા. એમની પાછળ આશરે એક લાખ તિબેટીઓએ આપમેળે દેશવટો સ્વીકાર્યો. તિબેટના ધર્મ તેમજ જીવનના પરમ અગ્રણીને પરાણે ભોગવવું પડેલું આ નિષ્ક્રમણ તે છે તિબેટના લલાટે લખાયેલી ત્રીજી કરુણતા.

અમેરિકામાં એક વાર મને દલાઈ લામાનાં સદેહે દર્શન થયાં હતાં. એમની આંખોથી જે વિખૂટું પડી ગયેલું તે ધામ હું જોવા પામવાની હતી! એ સાથે જ, તિબેટના ક્રમભાગ્યનો ઘણો વધારે ચિતાર મળતો રહેવાનો હતો. લ્હાસાની પહેલી રાતે ખરેખર મને તાવ આવી જ ગયો. ખૂબ આંખો બળી, ખૂબ ઠંડી લાગી. આખી રાતમાં ત્રણ વાર ઊઠી ઊઠીને ઍસ્પિરિન લીધા કરેલી. સવારે સારું થઈ જશે, એવી આશા રાખેલી.

વિશ્વાસ તો મને હતો એક ધ્યાનપ્રદ વિચારસરણી પર, જેને લીધે હું માનતી હતી કે જ્વર દ્વારા મારામાંની નિષેધાત્મક પ્રતિરોધકતા નીકળી જઈ રહી હતી. ઓહ, સ્થાનની અંતરંગ શક્તિ કિંચિત્ શુદ્ધ કરીને મને અપનાવી રહી હતી. ☐

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૧૨

પ્રા. પ્રવીણ ન. શેઠ

કેટલાક નોંધપાત્ર ધર્મ-સાંસ્કૃતિક પ્રવાહો

૧

સામાન્યતઃ ભારતમાંથી આવતા ધર્મસંપ્રદાયોના વડાઓ અને સંતો પોતાના અનુયાયીઓને ધર્મબોધ અને પ્રસાર માટે માર્ગદર્શન આપે છે. એકમાત્ર ગાયત્રીની ઉપાસના અને તેનો પ્રસાર આવા કોઈ માધ્યમ વિના અહીં વિકસ્યો છે. અમેરિકામાં ઇલીનોયથી આર્કન્સાસ અને ન્યૂ યૉર્કથી કોલારાડો જેવા ને બે ડઝન કરતાં વધુ રાજ્યોમાં ગાયત્રી પરિવારનાં કેન્દ્રો ચાલે છે.

એ રસપ્રદ છે કે આ પ્રસારમાં એક મહિલા - શિકાગોનાં કુસુમબહેન-કેન્દ્રવર્તી ભૂમિકા ભજવે છે. એવી જ રસપ્રદ બીના એ છે કે ગાયત્રી ઉપાસનાને પુનર્જીવિત કરનાર હરદ્વારના આચાર્યશ્રી રામશર્માજીને કુમુમબહેન ક્યારેય પ્રત્યક્ષ સદેહે મળ્યા નથી. આટલાન્ટા વગેરે શહેરમાં ગાયત્રીપીઠ જેવાં ઉપાસનામંદિર પણ જોવાં મળે છે.

પશ્ચિમની સભ્યતાના પાવરહાઉસ જેવા અમેરિકામાં ગાયત્રી પરિવારને ઋષિસંસ્કૃતિનું કેન્દ્ર બનાવીને, ભૌતિક સમૃદ્ધિને સ્થાને આધ્યાત્મિક સમૃદ્ધિ વધારવા આ પરિવાર તાકે છે.

(૨) બીજી નોંધવાપાત્ર બાબત છે ફ્લોરિડા રાજ્યના પાટનગર ઓર્લાન્ડોમાં હિન્દુ યુનિવર્સિટી, અમેરિકા. ડૉ. મહેશ મહેતાની આગેવાની નીચે ફ્લોરિડા રાજ્યની માન્યતા મેળવીને હિન્દુત્વ અંગેના અભ્યાસક્રમો શરૂ કર્યા છે. અહીં હિન્દુ સ્ટુડન્ટ્સ કાઉન્સિલ ભારતનાં સાંસ્કૃતિક મૂલ્ય અને વૈચારિક પ્રણાલીને જાળવવામાં, હિન્દુઓને સંગઠિત કરવામાં તથા શિક્ષણ પ્રાપ્ત થાય, તે પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

(૩) વિરલ રામ-કબીર માર્ગીઓ : અમેરિકામાં રામ-કબીર ભક્ત સંપ્રદાય પણ ગાયત્રી પરિવારની જેમ જુદો તરી આવે છે. ૧૯૯૪માં લૉસ એન્જેલસના શ્રી રામ-કબીર મંદિરે પ્રકટ કરેલા આંકડા પ્રમાણે ભારતમાં આ સંપ્રદાયની વસતી ૪,૫૧૪ છે, તો અમેરિકામાં ૩,૪૦૧ જેટલી છે. વિશ્વના કુલ ૯૪૯૬ રામ-કબીરપંથીઓના ત્રીજા ભાગના એકલા અમેરિકામાં છે. તેમાંય આ સમાજનાં કુલ ૧૦૭૫ પરિવારોમાં કેલિફોર્નીઆમાં ૪૪૪ અને ટેકસાસમાં ૨૨૪ પરિવારો છે.

વિશ્વમાં ક્યાંય પણ હોય, રામ-કબીરપંથીઓ ઘરમાં અને સમૂહમાં ગુજરાતીમાં વાત કરે છે, ભજનો ગાય છે ને ગુજરાતની સંસ્કૃતિનો વારસો જાળવી રાખે છે. લગ્ન વગેરે સામાજિક રિવાજો અને વડીલોનો આદર આ બધું તેમને માટે લાક્ષણિક છે. પોતાના સહપંથી ભક્તોને મોટા ખર્ચ વેઠીને અમેરિકામાં ઠામ પાડવામાં રામ-કબીરપંથીઓ સહાયરૂપ બન્યા છે.

રામ-કબીર ભક્તો અમેરિકામાં ભારતીય બુનિયાદના અન્ય ધર્મસંપ્રદાયોની સરખામણીમાં સૌથી વધુ સંગઠિત છે. કારણ તે નાની સંખ્યાના સમાજમાં તેનો ફેલાવો છે. વળી, બીજા હિંદુ ધાર્મિક સંપ્રદાયોમાં અનેક અલગ નાતજાતના અનુયાયીઓ છે. ખુદ મુસ્લિમોમાં પણ કંઈક અંશે આ વર્તાય છે. તો ખ્રિસ્તીઓ કેટલીક વાર પેટાપંથ અને પ્રાદેશિક ધોરણે (કેરલ, ગુજરાતી) કામ કરે છે. જ્યારે બધા કબીરપંથીઓ માત્ર ભક્ત પાટીદારો (મુખ્યત્વે ખેડા અને સુરત-ભરૂચ જિલ્લાના) છે.

લૉસ એન્જેલસની દક્ષિણે ઑરેન્જ કાઉન્ટીના કબીરપંથી પશાભાઈ પટેલ, વલ્લભભાઈ ભક્ત આ પિરવારના પ્રતીક જેવા છે. લૉસ એન્જેલસમાં આટલી નાની સંખ્યામાં હોવા છતાં ૧૫ લાખ ડૉલરનું ભવ્ય વિશાળ કબીરમંદિરનું નિર્માણ રામ-કબીરપંથીઓએ કર્યું છે. મૂળ અને મુખ્યત્વે કારીગર વર્ગનાં આ લોકોએ પોતાની કારસેવાથી આ મંદિર ઊભું કર્યું છે. તેમના અહીં ઇજનેર, સ્થપતિ તરીકે ભણેલા, આગળ આવી ચૂકેલા કબીરપંથીઓનો લાભ પણ તેના નિર્માણમાં મળ્યો છે. તેમાં હિંદુ દેવદેવીઓ અને સાધુસંતોની પ્રતિમાઓ વચ્ચે કેન્દ્રસ્થાને મૂકેલી કબીરસાહેબની મૂર્તિથી જ તેને રામ-કબીર મંદિર તરીકે ઓળખવામાં મદદ થાય, નહી તો બીજા કોઈ વૈષ્ણવમંદિર જેવું પણ લાગે. આમ, ભારતના ધાર્મિક બહુત્વવાદનું આ પંથ દશ્યશ્રાવ્ય પ્રતીક છે.

મૂર્તિપૂજામાં ન માનતા કબીરસાહેબ અને આવું મંદિર! એટલે સ્વાભાવિક રીતે જ આ સમાજના કેટલાક ભાઈઓએ તેનો વિરોધ કર્યો. મતભેદો વધી પડ્યા. અલગ ચોકો થશે? પરન્તુ વધુ મત મૂર્તિ સ્થાપવાની તરફેણમાં પડતાં વિરોધ કરનારા માની ગયા. પેલી એકનસિયા સમાજની પ્રણાલી અસરકારક પુરવાર થઈ. વલ્લભભાઈ ભક્ત કહે છે,

'ખરેખર તો આ મંદિર એક નિમિત્ત છે. અસલમાં તે અમારા સમાજનું કૉમ્યૂનિટી સેન્ટર છે. અહીં વારતહેવારે પ્રસંગોએ અમારો આખો સમાજ એકઠો થાય છે. લગ્નવિવાહ, ભોજનસમારંભો પણ અહીં જ યોજાય છે.' નવી અને જૂની પેઢી વચ્ચેનું અંતર નહીંવત્ કરવામાં આ સમાજ હજુ સુધી અદ્ભુત રીતે સફળ રહ્યો છે.

(૪) 'વૃંદાવન' - 'વ્રજભૂમિ' વિરોધાભાસ : ધર્મપ્રવૃત્તિઓની બાબતમાં ભારતીયોએ અમેરિકામાં પણ પોતાની મંદિરભૂમિ અને પરિચિત પરિવેશની નાનીમોટી પ્રતિકૃતિઓ ઊભી કરી દીધી છે. દોઢ-બે દસકા પહેલાં 'હરે રામ, હરે કૃષ્ણ' પંથી

ગોરાઓએ પશ્ચિમ વર્જિનીઆમાં 'વૃન્દાવન' નામનું એક પ્રભાવશાળી મંદિરસંકુલ ઊભું કર્યું, તે ભારતીયો માટે ખાસ આકર્ષણરૂપ બન્યું હતું. લાકડાનું જૂનું વૈષ્ણવ મંદિર, એવા જ સાજઅસબાબ, હવેલી સંગીતનો માહોલ, હીરારત્નોના કળાયેલ મોર, સુંદર ગુલાબબાગ, સંકુલના ભોજનગૃહમાં શાકાહારી વાનગીઓ - આ બધું શરૂઆતમાં ખાસ કરીને વૈષ્ણવોને અમેરિકામાં પણ જાત્રા કરી આવ્યાનો આનંદ આપતું. પરન્તુ એમાં મોટા જૂના હિન્દુ મંદિરનો માહોલ હોય, તેવું ઘણાને લાગ્યું નહીં. તળપદા પર્યાવરણને બીજી રીતે આબેહૂબ વૈષ્ણવ મંદિર લાગતું 'વૃંદાવન'નો પરિવેશ આકાર આપી શક્યો નહીં. ૧૯૮૮માં હું એનાથી પ્રભાવિત થયો, પણ મને લાગ્યું કે તળપદો માહોલ નહીં સમજાવી શકાય તેવું કશું નૈતિક-આધ્યાત્મિક તત્ત્વ, તેમાં ખૂટતું હતું. ત્યાં કેસરી રંગના વસ્ત્રધારી, માથે ટાલ સાથે ચોટલી અને હાથમાં મંજીરાં વગાડીને કીર્તનમાં ઓતપ્રોત થતા દેખાતાં છતાં તેઓ વધુ તો કુતૂહલ જન્માવતા હતા. દોઢ દસકા પહેલાં વૈષ્ણવોના તીર્થધામ અને ફંડપ્રદાન માટે અમેરિકામાં એ સૌથી મહત્ત્વનું ધર્મકેન્દ્ર હતું. વળી, તેની સંપત્તિ અને સંચાલન અંગે તેના ગોરા ચાલકોમાં જૂથો પડી ગયા. તેને કારણે વૃંદાવનના અંતેવાસીની હત્યા પણ થઈ. આવા કારણોસર તે વગોવાતું ગયું.

પણ ભારતમાં જેમ હિન્દુ ધર્મ સામે અનેક ટીકાત્મક કે વિરોધી કે પ્રતિસ્પર્ધી ધર્મઆંદોલનો થયાં કે ધાર્મિક વિચારશાખાઓ ઊભી થઈ, પણ કાળક્રમે હિન્દુધર્મ તેના મૂળ તાત્ત્વિક રૂપે એવા પડકારોને ઝીલીને ઊપસી આવ્યો, તેમ અમેરિકાની પૂર્વપટ્ટીના ભાગમાં અહીં વસેલા ભારતીઓએ સ્વામીનારાયણ મંદિરો સહિત હિન્દુ મંદિરો અને તેની સાથે સંકળાયેલ પ્રવૃત્તિઓ શરૂ કરી. તેમાંય પેન્સિલવેનીઆમાં વિશાળ ભૂમિમાં 'વ્રજભૂમિ'નું સંકુલ ઊભું કરીને પરોક્ષ રીતે હિન્દુ ધર્મને 'હાઈજેક' કરવા તાકતા 'હરે કૃષ્ણ' પંથીઓને ઉત્તર આપી દીધો. વિશ્વમાં સૌથી વિશાળ ભૂમિપટ પર ઊભું થયેલ હિન્દુ મંદિર એવી 'વ્રજભૂમિ' ભારતના જૂના, પરંપરાગત મોટા મંદિરની યાદ આપે તેવો તળપદો પરિવેશ અને નિજી મંદિરનો આત્મીયભાવ થાય તેવો તેનો માહોલ છે. મંગલાથી માંડીને શયનદર્શન, ઉત્સવોની ભારતીય ઢબે ઉજવણી, હવેલી સંગીત અને ભજનો તો ખરાં જ. તેના ફૂલશણગારની પ્રવૃત્તિમાં કંઈ કેટલાંય ભાઈબહેનો ભાગ લેતાં હોય. આ મંદિરસંકુલની ધર્મસાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ગોવિંદભાઈ શાહ, પ્રમોદ અમીન, એચ.આર. શાહ, નવનીત શાહ જેવા ગુજરાતી ભાઈઓનો સિંહ ફાળો છે. નવી પેઢીને પેન્સિલવેનીઆ કે ન્યૂ યૉર્ક (ક્વીન્સ) દર્શનાર્થે જવું નહીં પડે, તે માટે બાર-પંદર હજાર વૈષ્ણવોની વસતીવાળા ન્યૂ જર્સી રાજ્યમાં પંકજ શેઠ, જશવંત શાહ, ડૉ. જયંત બારાઈ, હીનાબેન શાહ વગેરેએ બાર લાખ ડૉલરનું પાર્લિનયા, દ્વારકાધીશ મંદિર બંધાવ્યું. આ માટે શેરવીલ ટાઉન સ્થાનિક સત્તાતંત્રના વિરોધનો સામનો કરી, અદાલતી કાર્યવાહીમાંથી સફળ થવા માટે તેઓ ઝઝૂમ્યા. અહીં પણ બધાં પ્રકારનાં દર્શન અને ભોગના લાભ વૈષ્ણવોને મળે છે. ડૉ. નવીન મહેતા જૈન હોવા છતાં એમણે આ મંદિર માટે ઘણી મોટી રકમનો ફાળો આપ્યો છે. મંદિરમાં ગુજરાતી ભાષાના સ્વૈચ્છિક વર્ગો સેવાભાવે ચાલે છે. 'આ મંદિરને લીધે મારી બાર વર્ષની પુત્રી અને આઠ વર્ષના પુત્રને તેમનો સાંસ્કૃતિક વારસો સમજાશે' એમ એક વૈષ્ણવે કહ્યું. ગોરાઓના 'વૃંદાવન'થી જુદો એવો વ્રજભૂમિ અને દ્વારકાધીશ મંદિરે સાંસ્કૃતિક આત્મઓળખના સંગોપન માટે નિજી મોડેલ અમેરિકાની ભૂમિ પર આપી જાણ્યો છે.

(૫) 'જય મેલડી મા !' અલબત્ત, અહીં જ કેટલીક વિચિત્ર ધર્મલક્ષી ઘટનાઓ પણ જોવા મળે છે! અમેરિકામાં છપાતા એક ગુજરાતી વર્તમાનપત્રમાં અડધા પાનાની જાહેરાતમાં મોટા અક્ષરોમાં 'જય મેલડી મા!' એવું વાંચવા ય મળે. ભોગીલાલ પંચાલને 'પૂજ્ય માડી' બિરુદ અપાયું. તેમના ફોટોગ્રાફ સાથે સેંકડો ડૉલરની આ જાહેરખબર હતી. તેમના અમેરિકામાં યોજાતા ભરચક કાર્યક્રમોની તેમાં વિગત હતી. 'પૂજ્ય માડી' પોતાના અનુયાયીઓને દર્શન-આશીર્વાદનો લાભ આપવા અહીં પધરામણી કરી. ગણેશપુરીના મુક્તાનંદજીના આશ્રમ (સાન ફ્રાન્સિસ્કો) અને પરમહંસ યોગાનંદ (રેનેસાં સેન્ટર, લૉસ એન્જેલસ)ના નાગરી શૈલી (સોફિસ્ટિકેટેડ)નાં વિચારકેન્દ્રી અધ્યાત્મવર્તુળોથી જુદી એવી નાનીમોટી સત્સંગ પ્રવૃત્તિઓ પણ અહીં જોવા મળે છે, તેનું આ એક દૃષ્ટાંત છે. અહીં પ્રકટ થતા દરેક ભારતીય ઍથ્નિક પત્રમાં ધાર્મિક કાર્યક્રમોને લગતી જાહેરાતો અને કાર્યક્રમોના સચિત્ર હેવાલો નિયમિત જોઈ શકાય. એપ્રિલ ૧૯૯૯માં 'ઇન્ડિયા વેસ્ટ' (સાન લેનાનર્ડો)માં તો સાધુ વાસવાણીજીના અમેરિકાના કાર્યક્રમ અંગે એક જ અંકમાં ચૌદ પાનાંની જાહેરાત હતી! જાહેરાતમાં પણ વાસવાણીજીના માનવકલ્યાણ માટેના જીવન, જીવનદૃષ્ટિ અને કાર્યનું સુરુચિપૂર્ણ આલેખન કેવી રીતે થઈ શકે, તેનો તે સુંદર નમૂનો છે.

(૬) બીજું એક લક્ષણ, પ્રો. મધુસૂદન કાપડિયા કહે છે તેમ, ભારતની જેમ અમેરિકામાં પણ કેટલાક ધર્મગુરુઓ એક પ્રકારની લૂંટ ચલાવીને જે પ્રદૂષણ ફેલાવી રહ્યા છે, તે છે. ભારતથી અહીં જાતજાતના ધર્મપુરુષો, કથાકારો, સંતો અને બાપુઓ આવે છે. અહીં ઉનાળો બેઠો કે ધર્મગુરુઓ ને કથાકારોના ધર્મલાભ આપવા માટેના પ્રવાસો યોજાય છે. મધુભાઈ કહે છે તેમ, 'આ ધર્મગુરુઓ, બાપુઓ અમેરિકામાં ડૉલરના ઝાડ દેખી ગયા છે અને તેથી એ ઝાડ ખંખેરવા તેઓ વારંવાર અહીં દોડી આવે છે. ધનિક ભક્તોના ફાળાનો ઉપયોગ

ભારતમાંનાં પોતાનાં ટ્રસ્ટ-મંદિરોને સાધનસંપન્ન કરવા ઉપરાંત, કેટલાક અમેરિકામાં પણ પોતાનાં નવા કેન્દ્રો સ્થાપે છે.

આ માટે તેમના ભક્તો કે પ્રશંસકોની જવાબદારી કદાચ વધુ છે. આમ, શિક્ષિત અને આધુનિક સભ્યતાની અગ્રભૂમિ એવા આ દેશમાં તેઓ આવા કથાકારો-ધર્મગુરુઓને પોષે છે. સાચાં-ખોટાં કે અતિરેકભર્યાં ધર્મકેન્દ્રી લક્ષણો અહીં પણ ભારતીયોમાં જોવા મળે છે! કેટલીક વાર તો ભારતમાં નહીં વર્તાતા હોય, તેવા વહેમને દોરાધાગાવૃત્તિ, ખર્ચાળ અને ભાવવેડા જેવી ધાર્મિક પ્રવૃત્તિઓ વ્યક્તિગત અને સમૂહગત રૂપમાં જોવા મળે છે. અહીં ઉછરેલ બીજી પેઢી પર આની વિફલદાયી કે અવળી અસર પડે છે.

સમીક્ષા

• અમેરિકા સહિક સુધરેલાં આધુનિકતમ અને ટેક્નોભૌતિક રીતે ખૂબ વિકસેલાં સમાજોમાં પણ ધર્મનું વ્યાપક પ્રવર્તન જોવા મળે છે. અહીં ચારપંચમાંશ કરતાં વિશેષ લોકો ઈશ્વરને માને છે. અમેરિકાનાં દક્ષિણનાં રાજ્યોમાં લૉન્ગ ડ્રાઈવ કરો તો થોડા થોડા અંતરે ને સમયે વિવિધ ડિઝાઈનનાં ચર્ચ નજરે પડતાં જાય. કરોડો ડૉલરો વિવિધ ખ્રિસ્તી સંપ્રદાયની પ્રવૃત્તિ માટે અહીં સુલભ છે. પહેલાંની સામ્યવાદી વ્યવસ્થામાં પણ પૉલૅન્ડ, આલ્બેનિયા, યુગોસ્લાવીઆ ને સોવિયેત સંઘના કેટલાક પ્રદેશોમાં ધર્મને નિર્મૂળ કે નિષ્ક્રિય કરી શકાયો નહોતો. તો ઘણા મહત્ત્વના ધર્મોની જન્મભૂમિ એવા ભારતીયો અમેરિકામાં પણ પોતાની રીતે ધર્મને સાચવે, તે સ્વાભાવિક છે. વળી, અહીં ધર્મ ભારતીય સંસ્કૃતિને સાચવવા અને ભાષાકીય-પ્રાદેશિક વૈવિધ્ય ધરાવનાર ભારતીયોને સાંસ્કૃતિક દોરથી ગૂંથવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

• પહેલી પેઢી માટે એ હેતુપૂર્ણ બન્યો છે, તો સીનિઅર સિટીઝન્સની પેઢી માટે એ એમનો ખાલીપો પૂરવાને માનસિક ટૉનિકરૂપ પુરવાર થયો છે. મંદિરની પ્રવૃત્તિ, તહેવારો વગેરેમાં તેઓ સારો સમય આપે છે.

• બીજી પેઢી માટે ધર્મસંપ્રદાયો ઉપરાંત ને કેટલીક વાર વિશેષ તો આવાં કેન્દ્રો ભારતીય આત્મઓળખને નવેસરથી સમજવા અને સંસ્કૃતિનાં મૂળ તત્ત્વોને આત્મસાત કરવા માટેના સાંસ્કૃતિક એન્ટેના બન્યા છે.

• ગુજરાતી, ગુરમુખી, તમિળ, કન્નડ, હિન્દી વગેરે ભાષાનો પરિચય આપવા માટે મંદિરો અને ધર્મસાંસ્કૃતિક આંદોલનો વિધાયક કાર્ય (ભલે અલ્પ પ્રમાણમાં) કરે છે. મંદિરોમાં અનેક માર્ગનાં દેવદેવીઓની મૂર્તિઓ અને ભજનોમાં ઉત્તરદક્ષિણ ભારતનાં અનેક દેવદેવીઓને લગતી સ્તુતિ અને ગીતો 'વિવિધતામાં એકતા' તેમજ 'દેવો ઘણા છતાં એક' (One among Many) એવા વૈચારિક એકતાના તત્ત્વને ગૂંથતા રહે છે.

• ભારતના ભાતીગળ સમાજની બહુત્વવાદી (પ્લુરાલિસ્ટિક) સંસ્કૃતિને અહીં પણ ધર્મનું પાલન પોષણ મળે છે. અમેરિકા જેવી ખુલ્લી, લોકશાહી અને બહુત્વવાદી સમાજવ્યવસ્થામાં આથી ભારતીય ધાર્મિક પરંપરાને પૂરો અવકાશ મળ્યો છે.

• એ સાથે, વિવિધ સંપ્રદાયો (સ્વામીનારાયણ, અનુપમ મિશન, રામ-કબીર ભક્તો, સાંઈબાબા વર્તુળ, વગેરે) નાનામોટા સાંસ્કૃતિક ઉપસમાજોની હસ્તી અને વ્યવહારને પોષે છે.

અહીં મહત્ત્વનું કાર્ય સામાજિક પ્રકારનું છે. વિવિધ ભાષા-પ્રદેશમાંથી આવતા ભારતીયો એક જ મંદિરમાં મળે. પ્રાર્થના-કીર્તન કરે. ભોજન કરે. જરૂરિયાતવાળી વ્યક્તિને શક્ય હોય તો સહાય કરે. એકમેકના અનુભવોની આપલે કરે, વગેરે - આ કારણોસર કેટલાંક બિનધાર્મિક સંગઠનોની જેમ સામાજિક કાર્ય પણ કરે છે.

• આ સાથે ધર્મવેડા, શ્રદ્ધા કે વિવેક વિનાના વહેમ-ગ્રહદશામાં સરી પડેલી માનસિકતા અને દોરાધાગા જેવું કરી આપતા પરંપરાગત બ્રાહ્મણો, ભારતથી નિમંત્રણ આપીને બોલાવાતા સંતો પણ ખરા. સાથે વધુ તો વિદ્વાન ઉપરાંત ચીલાચાલુ કીર્તન-કથાકારો, સાધુઓની વધતી વણજાર, એમની પાછળ થતાં ધૂમ ખર્ચ, સમય કાઢવો અને ફંડફાળાની પ્રવૃત્તિ - આ બધું પણ નોંધવા જેવું. ગણેશદૂધસ્નાનની વાત વ્યાપક રીતે અહીંનાં ભારતીયોએ પણ માની લઈને, પકડી લીધી હતી. પણ આ બધું ધર્મસાંસ્કૃતિક મધ્યપ્રવાહનો ભાગ નથી, પણ તેની કોર પર પ્રવર્તતી હોય તેવી વાસ્તવિકતા છે.

• ઘણા ભારતીયોને અહીંનાં મંદિરના પૂજારીઓ ભારતનાં મંદિરોના પૂજારીઓ કરતાં વધારે વિધિપુરઃસર આરતી અને બીજી બધી ધાર્મિક વિધિઓ કરાવે છે, એવું લખે છે. મંત્રોના ઉચ્ચારો અને શાસ્ત્રોક્ત વિધિઓ, મંદિરના માહોલને ભક્તિભાવથી ભીનું કરવામાં અમેરિકન મંદિરમાં જેવું 'ફીલ' થાય છે તેવું ભારતના ઘણા મંદિરોમાં જોવા મળ્યું નથી. પંડિતો-પૂજારીઓ મંદિરકેન્દ્રી વધુ રહે છે, કારણ ભારતની જેમ તેમને બૃહદ્ ભારતીય સમાજનાં દર્શનાર્થી-સભ્યો સાથે સીધો કે ધર્મેતર સંબંધ હોતો નથી. તેથી બધાં ભક્તો તેને માટે સરખા. જો કે, કેટલાંક ભાવિક ભારતીયો પોતાને ઘેર સત્યનારાયણની પૂજાથી માંડીને વિસ્તૃત ક્રિયાવિધિ અને હોમહવન કરાવવા માટે આવા પૂજારીઓને નિમંત્રણ આપે છે. ઘણાં મંદિરોમાં પૂજારીના પગાર સારા હોતા નથી. તેથી વ્યક્તિગત ઘરમાં પૂજાપાઠ, જ્યોતિષ જોવું, જપતપ આદિથી થોડી વધુ આવક મેળવી લે છે.

• ફ્લોરિડામાં એક હિન્દુમંદિર સ્થાપવાનું ત્યાંના સ્થાનિક ભારતીય સમુદાયે નક્કી કર્યું. પરન્તુ મંદિરમાં ઉત્તર ભારતીય ઢબની વિધિ થાય છે એવું માનીને દક્ષિણ ભારતીયો નારાજ થયાં. તો સૂચિત મંદિરની મૂર્તિઓ દક્ષિણ ભારતમાંથી કાળા પથ્થરોમાંથી, તે જ શૈલીએ ઘડાશે તે ઉત્તર ભારતના વતનીઓને

(અનુસંધાન પૃ. ૪૦૬)

પુરાતત્ત્વની પારિભોગિક સામગ્રી પાળિયા

ડૉ. આર.ટી. સાવલિયા

માનવ સંસ્કૃતિની શરૂઆતથી જ માણસ જ્યાં વસ્યો ત્યાં ત્યાં વીરતા, મમતા, આત્મભોગની તૈયારીને યથાકાળ પૂજ્યાં છે. આદિકાળથી આજપર્યંત પોતાના વીર પૂર્વજોને તેના વંશજો કે અનુયાયીઓએ હૃદયથી સન્માન્યા છે. આફ્રિકા, અમેરિકા,યુરેશિયા કે ઇન્ડોનેશિયાના આદિવાસીઓ પોતાની ઢબે પોતાના પૂર્વજોને પૂજે છે. કંઈક જંગલી અને પ્રાકૃતિક રીતે એમનાં સ્મારકો રચે છે. કંઈક એંધાણીઓ ઊભી કરે છે. મૃત આત્માને ખુશ કરવા, શાતા અર્પવા માનવી બધું કરી છૂટતો અને એમ કરવું એ આદિમાનવનાં કુળોમાં કર્તવ્ય ગણાતું. સુધરેલાં આધુનિક લોકો એના પ્રસિદ્ધ પુરુષોને માનપૂર્વક જાહેર કે પવિત્ર સ્થાને દફનાવી કે દહનક્રિયા કરી તે ઉપર ભવ્ય સ્મારક રચે છે. રાજા, કવિ, સંત, સૈનિક, શહીદોનાં સ્મારક સર્વત્ર નજરે પડે છે. આ રીતે સદ્‌ગતનું ઋણ લોકો અદા કરી તેમના ગુણોની પૂજા કરે છે.

પ્રાચીન કાળમાં વેદકાલીન સંસ્કૃતિમાં તેમજ હડપ્પીય સંસ્કૃતિમાં પણ વીરતાથી સંગ્રામ ખેલાતા. ઋગ્વેદનાં સૂક્તોમાં વીરપુત્રો માટે દેવોને પ્રાર્થના કરવામાં આવી છે. અથર્વવેદમાં સતીપ્રથાની પુરાતન વિધિની નિશાની રહી લાગે છે. આ પ્રથાનું સ્પષ્ટ દૃષ્ટાંત મહાભારતમાં જોવા મળે છે. આ ઉલ્લેખ ઈ.પૂ. ૩જી સદીમાં થયો લાગે છે. સિકંદરના મૃત્યુ પછીના સમયમાં ભારતના ક્ષત્રિયોમાં આ પ્રથા પ્રચલિત હોવાના સમકાલીન ઉલ્લેખ નોંધાયા છે.




સંવત ૧૩૦૪નો એક પાળિયો (રાજપીપળા)

ભારતીય ઇતિહાસના મધ્યયુગમાં વીર-સ્મારકો તરીકે પાળિયા સ્થાપવાનો રિવાજ પ્રસાર પામ્યો જણાય છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી કેટલીક 'લષ્ટિઓ', સ્મરણ સ્તંભોની લાંબી શિલાઓ, મળી છે. ઉત્તર પ્રદેશના ભાવલપુરમાંથી એક તામ્રપત્ર સૂઈ વિહારના ભગ્ન સ્તૂપમાંથી પ્રાપ્ત થયું છે. અને તે કનિષ્ક પહેલાના (ઈ.સ.૭૦ની આસપાસ) સમયનું છે. આ તામ્રપત્રમાં 'લષ્ટિ' શબ્દને બદલે 'યષ્ટિ' (યઠિ) શબ્દ પ્રયોજાયો છે. આ ઉપરથી જણાય છે કે આ પ્રકારના સ્મરણ-સ્તંભો ઊભા કરાતા હતા. પ્રાકૃત 'લઠિ' ઉપરથી 'લાઠ' - 'લાટ' નામે તેનો આજે પણ ઉલ્લેખ થાય છે.



ઈડર રાજ્યમાંથી મળેલ રથારૂઢ શૂરવીરનો પાળિયો



આદિવાસી પ્રદેશના રોજિંદી જીવનચર્યાના આલેખનવાળા બે પાળિયા



અમેરિકાના આદિમ પ્રશિષ્ટ માયા લોકોનો કોપન ઈ.સ. ૭૮૨નો સ્ટેલા (થાંભો)

ગુજરાતમાં ઈ.સ.ની બીજી સદીના યષ્ટિલેખ મળ્યા છે. કચ્છ જિલ્લાના પચ્છમ-ખાવડામાં આવેલા અંધૌ ગામમાંથી શક વર્ષ બાવન (ઈ.સ. ૧૩૦)ના ચાર યષ્ટિલેખ પ્રાપ્ત થયા છે. ક્ષત્રપકાલ પછી છેક ગુપ્તકાલમાં પાળિયાઓ પર લેખ કોતરેલા મળે છે. દ્વારકાથી દસ માઈલ દૂર આવેલા 'મૂલવાસરની શિલાયષ્ટિ' - સ્વામી રુદ્રસેનના રાજ્યકાલ (ઈ.સ. ૨૦૦)માં નિર્માણ થયેલી છે. છ ફૂટ ઊંચી આ પાષાણ-લષ્ટિ પર ચાર લીટીમાં સંસ્કૃત ભાષા અને બ્રાહ્મી લિપિમાં લખાણ છે, જેમાં એક વાણિજકના પુત્રે પોતાના મિત્રને ખાતર પોતાના પ્રાણ આપ્યા હતા તેવો ઉલ્લેખ છે. તેના સ્મરણમાં તે ઊભી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રમાં જસદણ પાસે ગઢા ગામમાંથી પ્રાપ્ત થયેલ ઈ.સ. ૨૦૫ના શિલાલેખમાં જણાવ્યું છે કે ખરપાર્થે પોતાના ભાઈઓની યાદમાં એક લાઠ (યષ્ટિ) ઊભો કર્યો હતો. તે પછી સતીપ્રથા રાજપૂતોમાં ઈ.સ. ૧૦૦૦ પછી વધતી ગઈ અને ઈ.સ. ૧૨૦૦ થી ઈ.સ. ૧૮૦૦ દરમિયાન રાજપૂત અને અન્ય જ્ઞાતિઓમાં પાળિયા મૂકવાનો રિવાજ પ્રસર્યો.


પાળિયા અને ખાંભી એ વ્યાપક અર્થમાં મૃત્યુનાં સ્મારકો છે. પાળિયાની સૃષ્ટિ દ્વારા, મૃતકો દ્વારા પણ, મંગલ થવાની ભાવના ઋગ્વેદ મંડળ ૧૦ના સૂક્ત ૧૮માંથી મળે છે :

परं मृत्या अनु परेही पन्थां
यस्ते स्व इतरो देवयानात् ।
चक्षुष्मते शृण्वते तं ब्रवीभि
मा नः प्रजां रीरिषो भोत वीरान् ॥

'હે મૃત્યુ! દેવયાનથી ભિન્ન એવા પિતૃયાન દ્વારા (તું) લઈ જજે. આંખ તથા કાન વિના પણ જોઈ શકનાર અને સાંભળી શકનાર તને મૃતકને - પિતૃને - અમે પ્રાર્થના કરીએ છીએ કે અમારી પ્રજા તથા અમારા વીરોનું રક્ષણ કરજે.'

પાળિયા અને ખાંભીમાં કોઈ ભેદ જોવામાં આવતો નથી. મૂળ શબ્દ 'સ્તંભ' પરથી 'ખાંભી' એવો એક અર્થ કરવામાં આવ્યો છે. પરંતુ પાળિયાનો શાસ્ત્રીય અર્થ જુદો જ થાય છે. ઋગ્વેદમાં પાળિયા માટે 'સ્થુણા' શબ્દ છે. एतां स्थुणां पितरो धारयन्तु (૧૦-૧૮-૧૩). સંસ્કૃતમાં કવિ કાલિદાસની કૃતિ 'રઘુવંશ'માં 'પાલયિતૃ' શબ્દનો ઉપયોગ કરેલો જણાય છે. આ પાલયિતૃમાંથી 'પાલિયઉ' અને તેમાંથી 'પાલિયો' કે 'પાળિયો' શબ્દ આવ્યો હોવાનું મનાય છે. પાલયિતૃ એટલે પાલક, રક્ષક એવો ભાવ જણાય છે. તેથી મૃત પિતૃ દ્વારા થતું રક્ષણ એમ પાળિયાની વિભાવના આપી શકાય.

પાળિયાઓ બે પ્રકારના જોવા મળે છે : સપાટ અને લંબચોરસ તથા ચતુષ્કોણ જેવા સ્તંભ. પાળિયાના સામાન્ય રીતે ત્રણ વિભાગ પાડવામાં આવે છે. પ્રથમ વિભાગમાં સૌથી મથાળે



દ્વારકા નજીક આરંભડા ગામમાંથી મળેલ પુજનીકાના ભાસ્કર્યવાળો ૧૪મી સદીનો પાળિયો



← યુદ્ધ, મૃત્યુશૈયા અને ગાયોના ધણના આલેખનવાળો જયપુરનો એક પાળિયો



વડોદરા તાલુકાનો સંવત ૧૩૫૮નો એક પાળિયો →

શિરોભાગ ત્રિકોણાકાર કે અર્ધવર્તુળાકાર-કમાનાકારમાં એક બાજુએ સૂર્ય તથા બીજી બાજુએ ચંદ્રનું પ્રતીક કંડારેલું -ઉપસાવેલું હોય છે. આ પ્રતીકો એમ નિર્દેશ કરે છે કે, જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર આકાશમાં ઝળકી રહ્યા છે ત્યાં સુધી 'શહીદ' થનારની કીર્તિ પણ ઝળહળી રહેશે. બીજા વિભાગમાં પાળિયાનું મુખ્ય શિલ્પ આવે છે અને ત્રીજા વિભાગમાં પાળિયાની નીચે પ્રસંગ બન્યાની તારીખ, તિથિ તથા શહીદ થનારનાં નામવિગત કોતરવામાં આવે છે.

આ પાળિયાની વિગતો ઇતિહાસમાં કાળગણના માટે ઘણી જ ઉપયોગી થઈ પડે છે. પાળિયાનું આ સ્વરૂપ પરંપરાથી રૂઢ થઈ ગયેલું છે.

પાળિયા ઊભા કરવાનો હેતુ બનાવની સ્મૃતિ જાળવી રાખવાનો છે. કોઈ પણ ઘટના ઘટે કે જે સમાજ, ધર્મ કે વ્યક્તિ માટે તે આદર્શ હોય તો તે ઘટનામાં મૃત્યુ પામેલ વ્યક્તિ માટે પાળિયા ઊભા કરવામાં આવે છે. પાળિયા જેમ લોકસંસ્કૃતિનાં પ્રતીકો છે, તેમ ઇતિહાસના અંકોડા પણ છે. ઇતિહાસની ખૂટતી કડીઓ જોડી આપવાના માધ્યમ તરીકે પાળિયા અગત્યનું સાધન ગણાય છે. લોક-જીવનમાં પાળિયાને મૃત્યુના સ્મારક તરીકે નહિ, પણ વીરપૂજા કરીકે અપનાવાયા છે.


ડાંગના કુકણા-કુનબીમાં તથા ભીલોમાં મુકાતા પાળિયા (ડાંગ વિસ્તાર)


ચૌધરી આદિવાસીઓમાં મુકાતા પ્રાચીન પાળિયા (માંડવી વિસ્તાર)


સુરત જિલ્લાના ગામીતોમાં મુકાતા પાળિયા (સોનગઢ વિસ્તાર)

પુરાતત્ત્વનો વિષય માનવજીવન અને એનાં અંગોનો અભ્યાસ કરતો હોઈ તેની પ્રવૃત્તિનો પણ અભ્યાસ કરે છે. પાળિયા પણ માનવજીવનનું એક અંગ હોઈ પુરાતત્ત્વની અભ્યાસ-સામગ્રીમાં એનો સમાવેશ કરવામાં આવે છે. પાળિયા ઇતિહાસનો સીધો પુરાવો હોઈ પુરાતત્ત્વવિદને નિર્ણય અર્થે વિશેષ તપાસ કરવી પડતી નથી. અલબત્ત, તેના ખરાપણાની પ્રાથમિક તપાસ જરૂરી ખરી.

પાળિયાને પુરાતત્ત્વના અભ્યાસનું સ્મારક ગણીએ તો જગતની તમામ સંસ્કૃતિઓમાં તેનાં મૂળ જોવા મળશે. પાળિયા માટે ખાંભી સિવાય પણ અન્ય શબ્દોનો પ્રયોગ થયેલો છે; જેવા કે પાળો, ઓટો, સમાધ, ઠેસ, લાટ, નગલીઆ, ચગલીઆ, શર, શૂરોપૂરો, સૂરધન, સાગવન, લષ્ટિ, યષ્ટિ વગેરે. અંગ્રેજીમાં એની રચનાને કારણે ભિન્ન ભિન્ન નામ અપાયાં છે, જેમ કે સ્ટોન હેમ્જ, ડૉલ્મેન, મેનહર વગેરે.

મહાપાષાણ સ્મારકો ભારતમાં પણ નોંધાયાં છે. ગુજરાતમાં કચ્છમાં આવાં મહાપાષાણ સ્મારકો આવેલાં છે. આ મહાપાષાણ સ્મારકોના પ્રકારમાંથી 'મેનહર' પ્રકાર સૌરાષ્ટ્રના પાળિયાનો પૂર્વજ હોઈ શકે. મહાપાષાણ સ્મારકોનો સમય ઈ.પૂ. ૪૦૦૦ થી ઈ.પૂ. ૧૦૦૦ સુધીનો માનવામાં આવે છે. ઈંગ્લંડના વિલ્ટશાયરમાં આવેલ મહાપાષાણ સ્મારકનો સમય ઈ.પૂ. ૨૧૦૦ ગણવામાં આવ્યો છે. આફ્રિકામાં આવેલ ઇથિઓપિઆના પ્રાચીન એક્સમ સામ્રાજ્યના વિસ્તારમાં આવેલ મેનહર ૩૩.૫ મીટરની ઊંચાઈવાળો છે, જે ઈ.સ.ની પ્રથમ કે બીજી સદીનો છે. આમ, જગતમાં સૌપ્રથમ પાળિયાની રચના થઈ હશે. માનવના વિકાસ સાથે સાથે આ પ્રથામાં પરિવર્તન આવ્યું હશે, પણ મૂળ ખ્યાલ સચવાઈ રહ્યો છે. અને તેથી જ આ જગતને ઇજિપ્તના પિરામિડો કે બેબિલોનના હમુરાબીના શિલાખંડો પ્રાપ્ત થઈ શક્યા છે.

મૃત્યુસ્મારક તરીકે ઇજિપ્તના પિરામિડો લો કે સાંચીનો સ્તૂપ લો, બંનેમાં મૃતાત્માના અમરત્વનો ખ્યાલ સૂક્ષ્મ ભાવે રહેલો છે. હજારો વર્ષ પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણના અગ્નિસંસ્કારની સ્મૃતિ માટે પ્રભાસપાટણમાં ત્રિવેણી સંગમ પર રચાયેલા તુલસીક્યારા અને દિલ્હીમાં આવેલ મહાત્મા ગાંધીના રાજઘાટ સ્મૃતિ સ્મારક આદિમાં ભારતની આ જીવંત સંસ્કૃતિ ધબકે છે.

(અનુસંધાન પૃ. ૪૧૦)

આવો, શીખીએ અંગ્રેજી (૨૩)

ધનુભાઈ મહેતા

ક્રિયાવિશેષણ - Adverb - ઍડ્વર્બ

અંગ્રેજોને ભારત છોડ્યે પચ્ચાસ વત્તા બે એમ મળી પૂરાં બાવન વર્ષ વીતી ચૂક્યાં. પણ જતાં જતાં બે સમજવા જેવી વાત મૂકતા ગયા. તેમાંની એક તે તેમની અંગ્રેજી ભાષા અને બીજી તે તેમની 'અંગ્રેજિયત', સભ્યતા, શિષ્ટાચારની ભાવના. અંગ્રેજોનું જીવનસૂત્ર 'etiquette first' એ આપણી ભારતીય શિષ્ટાચારની પરંપરા 'आचारः प्रथमो धर्मः' સૂત્રનો જ પડઘો પાડે છે. પણ આપણે તો આપણુંય ભૂલ્યા અને પરદેશીઓનું સારું એવું ઓછું સ્વીકાર્યું. 'Thank you', 'Welcome', 'Good Morning', 'Good Night' અને 'Please' જેવા શબ્દપ્રયોગો રોજિંદા વ્યવહારમાં આચરવા જેવા છે. ચાલો, હવે 'ક્રિયાવિશેષણ'નો પ્રારંભ કરીએ. નામ કે સર્વનામ સિવાયનાં વાક્યનાં પદો જેવાં કે ક્રિયાપદ, વિશેષણ, નામયોગી અવ્યય અને સંયોજકના અર્થમાં વધારો કરે તે પદને ક્રિયાવિશેષણ કહેવાય. ઉદાહરણ રૂપ થોડાંક વાક્યો દ્વારા ગુજરાતીમાં અને અંગ્રેજીમાં ક્રિયાવિશેષણને બરાબર ઓળખીએ.

(૧) તે ઝડપથી ચાલ્યો. He walked **quickly.**

(૨) આ બાળક ઘણું ચપળ છે. This child is **very** active.

(3) વિમાન બરાબર તેના માથા પર ઊડ્યું.

The aeroplane flew exactly **over** his head.

ઉપરનાં અંગ્રેજી વાક્યોમાં ઘાટાં પદો ક્રિયાવિશેષણો છે. અને અનુક્રમે પહેલા, બીજા, ત્રીજા વાક્યમાં ક્રિયાપદ, વિશેષણ, નામયોગી અવ્યયના અર્થમાં વધારો કરે છે. વાક્યમાં ઉદ્દેશ્ય અને વિધેય એમ બે સ્થાને તે વપરાય છે. જે શબ્દના અર્થમાં તે વધારો કરતું હોય તેની શક્ય તેટલી નજીક મુકાયેલું ક્રિયાવિશેષણ તે ઉદ્દેશ્ય રૂપે હોય છે. દા.ત.

તે મોટેથી બોલ્યો. He spoke loudly.

તમે તદ્દન ખરા છો. You are absolutely right.

(absolutely - ઍબ્સોલ્યૂટલી - તદ્દન)

To be ક્રિયાપદની પૂરવણી રૂપ આવેલું ક્રિયાવિશેષણ વિધેય રૂપે વપરાયેલું હોય છે. દા.ત.

હું ખુશ છું. I am happy.

બન્ને બહેનો ઘણી જ સરખી છે. The two sisters are much alike.

ક્રિયાવિશેષણ વિષે આટલી પાયાની સમજ મળ્યા પછી હવે તેના પ્રકાર સમજીએ. ક્રિયાવિશેષણના ત્રણ પ્રકાર છે : (૧) સાદું ક્રિયાવિશેષણ - simple adverb - સિમ્પલ એડ્વર્બ, (૨) પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ - interrogative adverb - ઇન્ટરોગેટિવ એડ્વર્બ, (૩) સંબંધક ક્રિયાવિશેષણ - Relative adverb - રિલેટિવ એડ્વર્બ.

સાદા ક્રિયાવિશેષણના પેટા પ્રકાર આ પ્રમાણે છે : સમય, આવર્તન, કક્ષા અથવા અંશ, કારણ, હકારનકાર, રીત અને સ્થળદર્શક ક્રિયાવિશેષણ. તે બધાંને અનુક્રમે વિગતે શીખીએ. 'today', 'yesterday', 'to-morrow', 'now', 'early', 'late', 'already', 'soon', 'before', 'formerly', 'lately', 'once', 'since' અને 'ago' આ બધાં સમયદર્શક સાદાં ક્રિયાવિશેષણો તરીકે વપરાય. આમાંનાં થોડાંકને જ નમૂના રૂપે વાક્ય દ્વારા સમજીશું. બાકીનાંનો પ્રયોગ પણ એ રીતે જ સમજવો.

ક્રિયા થવા કે બનવાનો સમય દર્શાવે તે સમયદર્શક ક્રિયાવિશેષણ - adverb of time - ઍડ્વર્બ ઑવ્ ટાઈમ. જેમ કે,

આજની સવાર આહ્લાદક છે.

It is a pleasant morning today.

ગાડી ક્યારનીય આવી પહોંચી છે.

The train has already arrived.

બોલતા પહેલાં વિચારો. Think before you speak.

તરત જ આવો. Come soon.

તે સવારની અહીંયાં છે.

She has been here since morning.

થોડીક મિનિટો પહેલા તે ઘેર ગયા.

He went home a few minutes ago.

આવર્તન ક્રિયાવિશેષણ એટલે કે 'adverb of frequency' (ઍડ્વર્બ ઑવ્ ફ્રિક્વન્સિ.) એ સાદા ક્રિયાવિશેષણનો બીજો પેટા પ્રકાર છે. 'Frequency' - ફ્રિક્વન્સિ અર્થાત્ અમુક અવધિમાં થતાં કોઈ આવર્તનોની સંખ્યા, જેમ કે 'એક વાર', 'બે વાર'. 'ફરી ફરી', 'ભાગ્યે જ'. 'once', 'again', 'often', 'seldom', 'doubly', 'sometimes' આ બધાં આ પેટા પ્રકારમાં આવે. વાક્યપ્રયોગ નીચે પ્રમાણે સમજવો.

ભસતાં કૂતરાં ભાગ્યે જ કરડે.

Barking dogs seldom bite.

તેણે ત્રણ વાર પ્રયત્ન કર્યો. હવે ફરી નહિ કરે.

He tried thrice. He will not do it again.

'અંશ' કે 'કક્ષા' કે 'માપ'દર્શક ક્રિયાવિશેષણ એટલે 'adverb of degree' - એડ્વર્બ ઑવ્ ડિગ્રી. તે દર્શાવતા 'too', 'enough', 'quite', 'utterly', 'fully', 'rather', 'wholly' વગેરેનો આ પેટા પ્રકારમાં સમાવેશ થાય છે. વાક્યમાં નીચે પ્રમાણે પ્રયોગ થાય.

તે તદ્દન સડેલું છે.

It's utterly rottern. (utterly - અટરલિ - તદ્દન, rotten - રૉટન - સડેલું, બગડેલું)

આ પૂરા ભરપાઈ થયેલાં શેરો છે.

These are fully paid shares (fully - ફુલ્લી - પૂરેપૂરા. to pay - પે - પૈસા ચૂકવવા, paid - પેઈડ- ચૂકવેલું ભૂતકાળ-ભૂ.કૃ.નું રૂપ)

કારણદર્શક ક્રિયાવિશેષણ - 'adverb of reason' - ઍડ્વર્બ ઑવ્ રીઝન. ક્રિયાનું કારણ દર્શાવે તે કારણદર્શક ક્રિયાવિશેષણ.

'Consequently - કૉન્સિકવન્ટલિ - પરિણામે, therefore - ધેરફોર - તેથી, hence - હેન્સ - તેથી એ કારણ દર્શક ક્રિયાવિશેષણો છે. તેનો વાક્યપ્રયોગ આ પ્રમાણે છે.

પરિણામે તે સફળ થયો. Consequently he succeeded.

તેથી તે ગેરહાજર રહી. Hence she was absent.

નોંધશો કે 'because', 'since', 'as' વગેરે પણ કારણ-દર્શક ક્રિયાવિશેષણો છે; અને તે સંકુલ વાક્યમાં સંયોજક તરીકે ક્રિયાનું કારણ દર્શાવે છે તેથી તે સાદા વાક્યમાં વપરાતાં નથી. તે રચનાની દૃષ્ટિએ વાક્યના પ્રકાર આગળ શીખવાના છીએ ત્યારે વિગતે સમજીશું.

'Indeed', 'Probably', 'ચોક્કસ'પણાનો કે 'સંભવિતતા'નો ભાવ દર્શાવે છે. આ ક્રિયાવિશેષણોને 'હકાર-નકાર'દર્શક ક્રિયાવિશેષણ 'adverb of affirmation or negation - ઍડ્વર્બ ઑવ્ એફર્મેશન ઑર નેગેશન કહેવામાં આવે છે. દા.ત.

તમે સફળ થવાના છો તે ચોક્કસ છે.

You are surely to succeed.

આ પ્રમાણે 'no' અને 'yes' પણ આ પેટા પ્રકારમાં આવે અને બન્ને પ્રત્યુત્તરમાં પૂરા વાક્ય રૂપે જ વપરાય છે. દા.ત.

તમે મારી સાથે આવશો? Will you go with me?

જવાબમાં 'yes' - 'હા' = 'I shall go with you'. અથવા 'I shall not'. કે 'I shaln't.' સમજવાનું.

'Here', 'there', 'in', 'out', 'far', વગેરે સ્થળદર્શક ક્રિયાવિશેષણો જાણવાં. જેમ કે -

અહીં રાહ જુઓ, ત્યાં નહિ. Wait here, not there.

છેડે 'Y' પ્રત્યય લાગીને બનતાં પદો રીતદર્શક ક્રિયાવિશેષણ એટલે કે 'adverb of manner - ઍડ્વર્બ ઑવ્ મેનર' બને છે. જેમ કે - 'brave' પરથી 'bravely'.

રજપૂતો બહાદુરીથી લડ્યા. The rajputs fought bravely.

ક્રિયાવિશેષણના બાકી રહ્યા તે બે પ્રકાર છે. પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ અને સંબંધક ક્રિયાવિશેષણ. એ બન્નેને સાથે જ સમજીએ. પ્રશ્નાર્થસૂચક શબ્દ જેવા કે 'when', 'where', 'how', 'why', 'what', વગેરે પ્રશ્નાર્થ તથા સંબંધક ક્રિયાવિશેષણ એમ બેવડી રીતે કામ કરે છે. ફેર માત્ર એટલો કે પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ પ્રશ્ન પૂછવા માટે વપરાય છે જ્યારે સંબંધક ક્રિયાવિશેષણ ઉપવાક્યને જોડવા માટે સંયોજક તરીકે વપરાય છે. વળી સમય, સ્થળ, કારણ, રીત વગેરે જેના અનુસંધાનમાં તે વપરાયું હોય તે તે પ્રકારનું ક્રિયાવિશેષણ બને. નીચેનાં ઉદાહરણો પરથી આ મુદ્દો સ્પષ્ટ થશે.

વરસાદ ક્યારે પડ્યો? When did it rain?

તમે ક્યાં રહો છો? Where do you live?

તમે દહાડામાં કેટલી વાર ચા પીઓ છો?

How often do you have tea in a day?

તમે શા માટે તેને હેરાન કરો છો?

Why do you harass him?

(to harass - ટુ હૅરેસ - હેરાન કરવું) આ બધાં પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણો થયાં.

નીચેનાં વાક્યોમાં તે જ પ્રશ્નાર્થસૂચક શબ્દો સંબંધક ક્રિયાવિશેષણ તરીકે વપરાયાં છે.

આ એ સ્થળ છે કે જ્યાં ગાંધીજી જન્મ્યા હતા.

This is the place where Gandhiji was born.

મારે જોઈતું હતું તે પુસ્તક આ છે.

This is the book which I wanted.

તેણે તે કેવી રીતે કર્યું, તો તે આ છે.

This is how he did it.

અહીં તમે ક્યારે પહોંચશો તે મને જણાવશો?

Would you let me know when you will reach here?

'The' આર્ટિકલ સંબંધક ક્રિયાવિશેષણ તરીકે આ પ્રમાણે વપરાય છે.

જેમ જેમ વધારે મળે છે તેમ તેમ આપણે વધારે માટે ઝંખીએ છીએ. **The** more we get **the** more we desire.

આમ 'the' જથ્થાદર્શક ક્રિયાવિશેષણનું કામ કરે છે અને પુરોગામી 'the' પછી વપરાતું પછીનું 'the' દર્શક ક્રિયાવિશેષણ બને છે. આ સૂક્ષ્મ ભેદ સમજશો. આ સૂત્રનું આચરણ ભૌતિક સંપત્તિ માટે નહિ પણ જ્ઞાનસમૃદ્ધિ માટે કરશો અને એ ક્ષેત્ર માટે હંમેશાં દૃઢ સંકલ્પ અને અનન્ય ભાવે સાધના કરશો. (ક્રમશઃ)

સંગીતશાસ્ત્ર - ૨૭

ડૉ. હસુ યાજ્ઞિક

ગાન અને શૈલીપ્રકાર

પાંચેક હજાર વર્ષ જેટલી પ્રાચીન પરંપરા ધરાવતી ભારતીય સંગીત પરંપરાનો વિકાસ વેદકાળથી આજ સુધી વિવિધ તબક્કે થયો છે એમાં દેશી અને માર્ગી એ મુખ્ય ગાનપ્રકાર છે. એમાંથી કાળક્રમે માર્ગી, વેદસંગીત, પ્રબંધગાન, ધ્રુપદ-ધમાર, ખયાલ, ઠુમરી, કવ્વાલી વગેરે ગાનશૈલીઓ વિકસી છે. એ સાથે જ લોકપરંપરાના રાસ, ગરબા, ગરબી, ચૈતી, હોરી, કજરી, જેવા પ્રકારોએ પણ આ પ્રવાહને સુપુષ્ટ કર્યો.

ભારતીય શાસ્ત્રીય અને લોકસંગીત વિશ્વનું પ્રતિનિધિરૂપ સંગીત છે, એનું કારણ એ છે કે ભારતદેશની સંસ્કૃતિ અને કલાઓમાં વિશ્વની વિવિધ જાતિજ્ઞાતિઓની સંસ્કૃતિઓનો સમન્વય થયો છે. આ દેશની માનવવસાહતનો ઇતિહાસ તો છેક પથ્થરયુગ જેટલો પ્રાચીન છે અને હિમાલય માર્ગે, બલુચિસ્તાન-અફઘાનિસ્તાન માર્ગે અને ભારતના પશ્ચિમકાંઠાના સમુદ્રમાર્ગે ઇસ્વી સનના આરંભ પહેલાનાં લાખો વર્ષો પૂર્વે જ અનેક જાતિઓ ભારતમાં પ્રવેશી અને કાયમી વસવાટ કર્યો. આ બધી જ જાતિઓની ભાષા, એમનાં રીતરિવાજ અને રહેણીકરણી અને સંગીતાદિ વિવિધ કલાઓની અસર ભારતીય સંસ્કૃતિ પર પડી.

માત્ર ગુજરાતને જ દૃષ્ટિમાં રાખીને વિચાર કરીએ તો પણ માનવવસાહતનો ઇતિહાસ છેક પથ્થરયુગના આદિકાળ જેટલો પ્રાચીનતમ છે. પાષાણયુગ અને કાંસ્યતામ્રયુગમાં વિવિધ જાતિઓનો આ દેશમાં વસવાટ હતો. સત્તરથી બાવીસ લાખ વર્ષ પહેલાં આફ્રિકાની નિગ્રો કે નિગ્રિટો જાતિ કચ્છ-સૌરાષ્ટ્રમાં વસી હતી. લોથલના ખોદકામમાં આર્મેનોઈડ અને ઑસ્ટ્રોલોઈડ જાતિઓનાં માનવ અસ્થિપિંજરો મળે છે તે પુરવાર કરે છે કે મોહન-જો-દડો અને હડપ્પા તથા લોથલ સંસ્કૃતિના કાળે ભારતમાં વિવિધ જાતિઓ સ્થિર વસવાટ કરતી હતી. ઋગ્વેદકાળ પહેલાં પણ આર્યોનાં કેટલાંક જૂથ અને વિશ્વની અન્ય મુખ્ય જાતિઓનાં જૂથ ભારતમાં આવી સ્થાયી થયાં હતાં. ગુજરાત-સૌરાષ્ટ્ર જ મુખ્યત્વે ભારતમાં પ્રવેશવાનો મુખ્ય માર્ગ રહ્યો છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં પ્રથમ માનવ પૂર્વ આફ્રિકાથી આવીને વસ્યો. એ પછી પથ્થરયુગથી માંડી તામ્રકાંસ્યયુગમાં આવાં ભિન્નભિન્ન જાતિઓનાં જૂથ ભારતમાં આવતાં રહ્યાં અને સિંધુ સંસ્કૃતિકાળે તો આવી વિવિધ જાતિઓના સ્થિર વસવાટ થઈ ચૂક્યા હતા અને વિવિધતામાં એકતાવાળી ભારતની ભાતીગળ સંસ્કૃતિનું ઘડતર થઈ ચૂક્યું હતું. ઇરાનમાંથી આર્યોનું જૂથ સપ્તસિંધુના પ્રદેશમાં આવીને વસવાટ કરતું થયું એ પહેલાં જ ભારતમાં માનવવંશની પ્રતિનિધિરૂપ અનેક જાતિઓ ભારતીય બનીને રહેવા લાગી હતી. સિંધુ સંસ્કૃતિ કાળે આદ્ય ઑસ્ટ્રોલૉઈડ જાતિ વસતી હતી એ કાળે ભારતમાં આર્યેતર જાતિઓમાં મુખ્ય એવી નાગ, પુલિંદ, નિષધ, શબર વગેરે વસવાટ કરતી હતી.

ભારતનો ઇતિહાસ ઈ.પૂ. ૩૨૨ના મૌર્યયુગથી આરંભાય છે, તે પહેલાના ઇતિહાસના સંદર્ભો વેદ અને પુરાણમાં છે. સાતમા મનુ વૈવશ્વતે તેના પુત્રોને ભારતના વિવિધ પ્રદેશો સોંપ્યા એ કાળે જ અનેક જાતિઓ ભારતમાં વસતી હતી. વૈવશ્વત મનુના પુત્ર શર્યાતિએ આનર્ત સ્થાપ્યું અને કુશસ્થલિમાં વસવાટ કર્યો ત્યારે રેવાતટમાં નીચેના કાંઠે હૈહયની સત્તા હતી. તેમને ભૃગુઓ સાથે સંઘર્ષ થયો. પછીની પુરાણકથા પ્રમાણે મથુરાના યાદવોએ પુણ્યજન રાક્ષસનો વધ કરી દ્વારકામાં સત્તા મેળવી. આ યાદવો સાથે આભીરો(આહીરો) પણ આવ્યા અને સૌરાષ્ટ્રના કૌલ એટલે કે કોળીઓ સાથે પણ સંઘર્ષ થયો.

મૌર્યકાળથી આરંભીને ઈ.૭૧૩ સુધીના હજાર વર્ષના ગાળામાં વિશ્વની વિવિધ જાતિઓની સાત જેટલી ટોળીઓનું ભારતમાં આગમન થયું. ઈ.પૂ. ૨૫૦ થી ૧૨૫ બેક્ટ્રિયન ગ્રીક, ઈ.પૂ. ૧૭૦-ઈ.પૂ.૧૦૦માં પહ્‌લવ કે પાર્થિયન, ઈ.પૂ. ૧૫૦ થી ઈ.પૂ. ૧૦૦માં શક, ઈ.પૂ. ૧૩૦માં કુષાણ, ઈ.પૂ. ૩૮૦માં કેદાર, ઈ.૪૫૦થી ૫૦૦માં સફેદ હૂણ કે ખઝર, ઈ.૫૫૦-૬૫૦માં તુર્ક અને પાંચમી સદીના આરંભમાં અવાર જાતિઓ આવી.

આવી કોઈ એક જાતિનું જૂથ આવતું ત્યારે એની સાથે અન્ય જાતિઓનાં લોકો પણ જોડાતાં હતાં. ઈ.પૂ. ૧૫૦-૧૦૦માં કુષાણ આવ્યા ત્યારે એમની સાથે શક, સુશક, અગ્રણી યવન, બેક્ટ્રિન એટલે કે બાહલિક, પાર્થિયન એટલે કે પહલવ, ક્ષહારાત, મદ્ર, જર્ત્રિક એટલે કે જાટ પણ હતા અને ઈ. ૪૦૦-૫૫૦માં અવાર, કુષાણ, કેદાર, શ્વેતહૂણ પૈકી ખઝર અને મિહિર આવ્યા. અશોકે સુરાષ્ટ્રના સૂબા તરીકે મૂકેલો તુષાસ્ક યવન હતો અને મૂળ ઇરાનનો હતો, અર્થાત્ એ ગાળામાં પણ યવન, શક, અરબ ભારતમાં આવીને વસી ચૂક્યા હતા. મધ્ય એશિયાના શક પહ્‌લવ ઇરાનમાંથી ભારતમાં આવ્યા. ઈરાની સત્રપ જ ભારતના ક્ષત્રપ રાજાઓ બન્યા.

મધ્ય એશિયાના મેડિયા અને જ્યૉર્જિયાનાં સામ્રાજ્યો પર શ્વેત હૂણોએ આક્રમણ કરતાં મેડિયન સામ્રાજ્યના મેડ અને જ્યૉર્જિયાના ગૂર્જરો ઇરાન થઈ બલુચિસ્તાન માર્ગે ભારતમાં પ્રવેશ્યા. ગુપ્તકાળમાં આ જાતિ વસીને સ્થિર થઈ ચૂકી હતી

અને બાર-તેર સદીમાં તો મેર લોકોએ પોતાની રાજ્યસત્તા પણ હાંસલ કરી હતી.

આમ, વેદકાળ સુધીમાં તો ભારતમાં અનેક જાતિઓ સ્થાયી થઈ ચૂકી હતી અને એ પ્રક્રિયા છેક બાર-ચૌદ સદી સુધી ચાલતી રહી. જે જે જાતિઓ પ્ર-જાતિઓ ભારતમાં આવી તે પોતાની સાથે જ પહેરવેશ, ખાનપાન, ભાષા, રીતરિવાજ અને કલાસંસ્કૃતિ લઈને આવી અને એ જાતિઓ ભારતીય બનતાં એ પ્રજાઓનાં આવાં અંગો પણ ભારતીય સંસ્કૃતિના ઘટક અંશો બન્યા.

આ રીતે ભારતીય રાગસંગીત એ સંસ્કાર અને સંસ્કૃતિઓના સંમિશ્રિત સંઘટનની વિશિષ્ટ પ્રક્રિયાને અંતે સિદ્ધ થયેલું સ્વરૂપ છે. આથી આ સંગીતમાં વિશ્વના અનેક કલાસ્ત્રોતોનો સમન્વય છે.

પ્રજાકીય સ્તરે જ આ સંઘટનાએ સંગીતનું જે સ્વરૂપ ઘડ્યું તે ભારતનું દેશી સંગીત છે, જેનો અભ્યાસ મતંગમુનિએ બૃહદ્દેશીમાં કર્યો, અને એ સંગીતને આધારે જે શિષ્ટ એવું માનક સ્વરૂપ બંધાયું તે માર્ગી સંગીત. તેમાંથી જ આજનું ભારતીય શાસ્ત્રીય સંગીત કે રાગસંગીત જન્મ્યું છે.

આ પ્રવાહને આપણે મુખ્ય પાંચ તબક્કામાં જોઈ શકીએ : (૧) પૂર્વ-પ્રાથમિક, (૨) વૈદિક, (૩) વેદોત્તર-બૌદ્ધ, જૈન, ગુપ્તાદિ, (૪) મધ્યયુગીન અને (૫) આધુનિક.

આમાં પૂર્વ-પ્રાથમિક તબક્કો તે આરંભનાં વીસ લાખ વર્ષના ગાળાનો છે, જેનો સળંગસૂત્ર કોઈ ઇતિહાસ આપી ન શકીએ, પરંતુ ઓછામાં ઓછું એટલું તો જરૂર કહી શકીએ કે વિશ્વની વિવિધ જાતિઓના સંઘર્ષો અને સમન્વયે એક વિશિષ્ટ સંમિશ્ર એવી સંસ્કૃતિનો પાયો નાખ્યો અને એમાં જ ભારતની શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય, સાહિત્ય અને સંગીત કલાઓનો ઉદ્ભવ-વિકાસ થયો.

વેદસમયે ભારતીય સંગીત સુપ્રતિષ્ઠિત થઈ ચૂક્યું હતું અને વેણુ અને વીણા જેવાં વાદ્યોની સાથે જ બીજાં અનેક વાદ્યો પ્રચારમાં હતાં. આ સમયનું ગાન જાતિગાન હતું, જેમાં સ્વરસંખ્યાને આધારે આર્ચિક, ગાથિક, સામ, સ્વરાન્તર, ઓડવ અને ષાડવ એવા મુખ્ય છ પ્રકારો હતા. સ્વરોને ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવા ત્રણ પ્રકારમાં ઓળખાવવામાં આવતા હતા જેમાં **ગ-નિ** ઉદાત્ત, **રે-ધ** અનુદાત્ત અને **સા-પ** સ્વરિત તરીકે સુનિશ્ચિત થયા.

યજ્ઞના સત્રમાં ગાયન, વાદન, નૃત્ય, વાર્તાકથન વગેરેને સ્થાન હતું અને ધર્મ નિમિત્તે કલાઓની સાંઘિક રજૂઆત થતી હતી. સ્વરસપ્તક, મંદ્ર, મધ્ય અને તાર પરિચિત હતાં અને ગાયત્રી, ત્રિષ્ટુભ, અનુષ્ટુપ, જગતિ, બૃહતિ, કકુભ જેવા છંદો ગવાતા હતા. સામગાનમાં નિશ્ચિત ગાનપદ્ધતિ વિકસી હતી. વેદસંહિતાનું ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એમ ચાર ગ્રંથોમાં સંપાદન થયું તેમાં સામવેદ જેનાં સૂક્તો બેથી વધારે સ્વરોમાં ગવાતાં હતાં એવી રચનાઓનો છે. સામગાનમાં પ્રસ્તોતા પ્રસ્તાવ મૂકે પછી ઉદ્ગાતા મંત્રગાન કરે, પ્રતિહારી એને ઉપાડી લે અને નિધનમાં બધા સાથે ગાય એવી પરિપાટી નિશ્ચિત થઈ ચૂકી હતી તથા મંત્રગાન સાથે જ સ્વરોને હાથની ગોકર્ણાકૃતિથી દર્શાવવામાં આવતા હતા, જેનું વર્ણન કથાસરિત્સાગરની કથામાં પણ મળે છે. આ ગાન તાલી આપીને સશબ્દ અને તાલી વગર નિઃશબ્દ કરવામાં આવતું હતું.

વેદોત્તર બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ વગેરેમાં વીણા તથા અન્ય વાદ્યોના પ્રકારો, સ્વરો અને તેની મૂર્ચ્છનાઓ, દુંદુભિ, તૂણવ જેવાં વાદ્યોના ઉલ્લેખો મળે છે તે સ્પષ્ટ કરે છે કે આ ગાળામાં ભારતીય સંગીત સુપ્રતિષ્ઠિત અને સુનિશ્ચિત થઈ ચૂક્યું હતું અને એના શાસ્ત્રનો પણ વિકાસ થઈ ચૂક્યો હતો.

આજે લોકપ્રવાહમાં ઉત્સવાદિ પ્રસંગે તથા ઋતુનિમિત્તે જે કંઈ ગવાય છે તેની પરંપરા વેદકાળ જેટલી જ જૂની છે, પરંતુ તેમાં કયા, કેટલા પ્રકારો કેવા સ્વરૂપે હતા તે જાણવાનું કોઈ સાધન કે એ માટેના આધાર નથી. □

ઝેનકથા

એક હાથની તાલી - ૧

બહાદુરભાઈ જ. વાંક

સાંજના ગુરુ બજુવાએ પોતાનું વ્યાખ્યાન પૂરું કર્યું કે તરત જ ત્રણ શિષ્યોએ અચાનક તેમને પૂછ્યું : 'ઝેન માસ્ટરો વારે વારે એક હાથની તાલીની વાત કરતા રહે છે, તો ખરેખર એક હાથથી તાલી પડી શકે ખરી?'

'તમે આવા ઉટપટાંગ પ્રશ્નો પૂછીને તમારો સમય કેમ બગાડો છો?' ને બજુવાએ ત્રણેના ગાલ ઉપર વારાફરતી એક એક તમાચો ચોડી દીધો. ગુરુની આ પ્રકારની વિચિત્ર ચેષ્ટા જોઈને ત્રણેય શિષ્યો સ્તબ્ધ થઈ ગયા. ત્રણે ક્યાંય સુધી ગુરુની સામે જોઈ રહ્યા પણ એકાદ શબ્દ સુધ્ધાં ઉચ્ચારી શકયા નહીં. પછી પોતાના રૂમમાં આવી જમ્યા વગર જ પોતપોતાની પથારી ઉપર ચૂપચાપ બેસી ગયા.

વહેલી સવારે બજુવા તેમના રૂમમાં આવીને જુએ છે તો ત્રણે શિષ્યો આંખો બંધ કરી ધ્યાનમાં ઊતરી ગયા હતા. થોડી વાર ગુરુ પણ ચૂપચાપ એમની સામે જોતા ઊભા રહી ગયા.

પછી ત્રણેને ઢંઢોળતા બજુવા બોલ્યા : 'કેમ, રાત્રે તમે લોકોએ ઊંઘ નથી કરી? શું આમ ને આમ જ બેઠા રહ્યા છો?'

ત્રણે શિષ્યોએ આંખો ખોલી. એક શિષ્ય જવાબ આપતાં બોલ્યો : 'આપે જ તો અમારી ઊંઘ ઉડાડી દીધી છે! પછી અમે ઊંઘ પણ કેવી રીતે કરી શકીએ?'

અચાનક બજુવાએ ત્રણેને પૂછ્યું : 'શું એક હાથથી તાલી પડી શકે ખરી?'

જવાબ આપતાં બીજો શિષ્ય બોલ્યો : 'શું આપ પણ આવો ઉટપટાંગ પ્રશ્ન પૂછો છો?'

ને બજુવા ત્રણે સાથે હસ્તધૂનન કરી અભિનંદન આપતાં બોલ્યા : 'તમને ત્રણેને તાલી-મુબારક!!' □

માસી

મણિલાલ હ. પટેલ

મા સી !

બાનાં બેન તે માસી; પણ ના, આ માસી તો જુદાં જ. નોખાં ને નરવાં. સગાઈએ માસી હોય ને વ્હાલ કરે તો એમાં શી વશેકાઈ ?! પણ આ તો સગાઈ વિનાનાં માસી ને તોય સગાઈનાં માસીથી સવાયાં, બલકે બમણાં ! હેતાળ, પ્રેમાળ, વ્યવહારુ ને ખવરાવવા-પીવરાવવામાં સગાંને ટક્કર મારે. આમ તો, ગામ-સગાઈએ તો દલાકાકાનાં નવાં વહુ તે કાકી, નવાં કાકી; અમારાં લોકોની ભાષામાં 'નવી કાચી !' પણ કાકીઓ તો ઘણી વાર કડવી ય હોય, કારગતિયણે ય હોય... વખતે વિફરેલી વાઘણ અને સમયવર્તે 'કાલાં કાઢનારી' કે વ્હાલું બોલી કામ કઢાવનારી હોય. કાકીઓ તો 'મલોખાં મીઠાં કરાવવાવાળીઓ!' મેં ય જોઈ જાણી છે. ઘણાંએ વેઠી છે. પણ આ 'નવાં કાકી' તો આવ્યાં ત્યારથી જ ગુણલખણાં. અસલ ને ચોખ્ખાં. ગામ આખું - વડીલો સમેત - એમને ધીમે ધીમે 'માસી' તરીકે ઓળખતું ને બોલાવતું થઈ ગયું - ખબર નહિ એ કેવી રીતે બની ગયું હશે ! આજે આટલાં વર્ષે મનેય માસીનું મૂળ નામ તો યાદ નથી; ત્યારેય એમના નામ-ની ક્યાં જરૂર પડી હતી ? એમનું તો નામ જ માસી ! સગાઈ વિશેષ નામ બની જાય એ ઘટના તે માસીને જીવતરની ઘટના... એમનું નામ ઓગળી ગયું છે એમના વ્હાલભર્યા વર્તાવમાં.

આજે ઘર-વતન માટે સોરાઉં છું ત્યાં સગાંવ્હાલાં કરતાંય મને જો ઘણું મળવાનું મન હોય તો તે માસીને મળવાનું મન છે. 'ઝંખું છું' એ ક્રિયાપદ વાપરીને કહું તો હા, મને માસીને નિરાંતે મળવાની, અંતરભરીને ને ઊંડેથી પ્રગટતી, કદી શમનારી ઝંખના છે. બાળપણમાં નોંધારાં કરી ગયેલી જીજીએ તો એની પળોજણો અને બીમારીમાં અમને કોણ જાણે કેવી રીતે ટાઢવ્યાં હશે ! બાના પ્રેમનો અભિષેક તો કદી ઝીલવા નથી મળ્યો; હા, રામીમાનાં હેતે હીબકાં ઠાર્યાં હતાં ! પણ આ માસીને એમના ઘરમાં દીકરાને, પતિને, સાવકી દીકરીઓને - એમનાં ભાણેજોને, ફળિયાનાં છોકરાંને તથા આંગણે આવેલાં સૌને બોલતાં બોલાવતાં-ખબરપૂછતાં-કાળજી લેતાં ને કૈંક ને કૈંક આપીને (છેવટે મીઠો આવકારો ને હસતે મોઢે કીધેલું 'આવજો') ઓછાં ઓછાં થતાં જોયાં છે. એ દરેક વખતે 'બા'ની મહત્તા સમજ્યો છું ને બાના પ્રેમ માટે આખો ભવ ઝૂર્યો છું. માસી પાસેથી ચપટીક પામ્યો છું.

માસીની પડસાળે કે ચોપાડે બેઠો હોઉં, માસી કચરા-વાસીદાં કરાવતાં હોય, પાણીનાં બેડાં લાવતાં હોય ને જતાં-વળતાં હસતાં હસતાં કશીક ને કશીક વાતોના ટહુકા કરતાં જતાં હોય, વલોણું માંડ્યું હોય તો એનું કામ પરવારતાં જાય, ખેતરે હળ લઈ ગયેલા દલાકાકાનો નાસ્તો તૈયાર થતો હોય, ત્યારે દીકરો ભણવા જવા તૈયાર થતો - ને આજે નોકરીએ જવા સજતો હોય - વહુ પણ પ્રાથમિક શાળામાં મહેતી છે. તે એય તૈયાર થતી હોય - માસી એમને માટે જમવાનું કરતાં હોય...ને તોય આપણા હાથમાં ચાનો કપ કે તીખી ભાખરી કે તેલશેક્યો મકાઈ રોટલો તાંસળામાં આવી જતાં હોય ! દીકરા-વહુની જોડે ગમ્મત કરતાં જાય, જરાક મર્મમાં બોલીને ચૂંટી ખણતાં ને પ્રેમભર્યા શબ્દોમાં લૂણાવાડાનું કે જતાંવળતાં સગાંના ગામે કે સ્ટેન્ડેથી ખેતરે કરવાનું-સૂચવવાનું કામ કે આપવાનો 'હંધેહો' માસી ભળાવતાં હોય... ઘર આખું એમના રણકતા ને ભીના વ્હાલા - બોલાશમાં ભીંજાતું હોય - એ ક્ષણોમાં મારો જીજી-ઝુરાપો વધી જતો. મને થતું કે બા હોય તો આવી જ હોય ! 'માસી' જેવી બા! અમારાં આ જ 'માસી' જેવી બા. હું આર.ડી. (માસીના પ્રોફેસર દીકરા, જેમને આખું ગામ ને એ રીતે મલક બધો 'મામા' કહે છે તેને)ને કહું છું કે 'નસીબદાર હોય તેને આવી બાની કૂખે અવતરવા મળે, ભાઈ !' હું એ જાણું છું કે દરેક દીકરાને સગી બા સામે નાનીમોટી ફરિયાદ તો હોવાની જ, બાને પણ સર્વગુણસંપન્ન લાગતા દીકરા સામે કૈંક તો ઘટિત કહેવાનું હોવાનું. આ તો સંસાર છે - એમાં માણસો એકલાં-અળગાં રહી નથી શકતાં ને સાથે-પાસે રહીને નિરંતર પ્રેમ નથી કરી શકતાં! માસી ને આર.ડી. આમાં અપવાદ નહીં હોય - બલકે નથી - એ હું જાણું છું પણ દુનિયામાં શક્ય સરહદ સુધી 'બા' તો માસી જેવી જ હોઈ શકે - એ વાતમાં હું અડગ છું, અચલ છું. કદીક પુનઃ પૂર્વજોના પુણ્યપ્રતાપે આ લોકમાં માણસ લેખે જન્મવાનું થાય તો માસીની કૂખે - માસી જેવી બાની કૂખે અવતાર મળે એમ થાય છે. મેં ઉત્તમ સ્ત્રીઓ અને મમતામયી કરુણાળું નારીઓ વિશે વાંચ્યું છે. એમની સામે 'માસી'ની કશી વિસાત ના પણ હોય. તો ભલેને ના હોય ! પણ જે વાતાવરણ, ઘર કુટુંબ-ગામ-સમાજ પરિવેશમાં અને આવી પડેલી વસમી પરિસ્થિતિમાં માસીએ જે રીતે ઝૂઝીને, હરખથી વેઠીને વ્હાલથી જીવી બતાવ્યું, ઘરસંસાર-પેઢીવારસો સાચવીને સમૃદ્ધ કરી બતાવ્યો તેને તો હું સલામ જ કરું ! ભલેને કોઈ કહે કે 'સીદીભૈને સીદકાં વ્હાલાં !' પણ હું કહીશ કે સંસાર જીવવા જેવો હોય તો તે આવાં - માસી જેવાં કેટલાંક નકરાં-નરવાં 'માંણહો'થી છે એ વાત નક્કી ! મારાં રામીમા ને મારાં ફોઈ, જીવીભાભી ને દાદા તથા અમારા ઘર સામેના ઘરનાં આ માસી મારે મન ઉમદા જ નહિ બલકે અદકેરાં 'માંણહો' છે ! આવાં લોકનો મનખાવતાર સાર્થક છે. વેદનાને વ્હાલી કરી જીવી જવું ને સૌને પ્રેમભાવ વહેંચતાં રહેવું એ સૌના વશની વાત નથી.

માસીની ભવકથા તો એક રસપ્રદ નવલકથા છે.

જીવતરમાં ગણેશ જ અવળા મંડાયેલા. બાળવિવાહ ને કાચીકૂણી વયનાં લગ્ન. ભલભલાં મનેખ એનો ભોગ બનતાં આવ્યાં છે અમારા ઇશાનિયા દેશમાં-અજ્ઞાન અને અહમ્‌નો એ અંધરિયો મલક. માસીએ કાચી વયે ઘરસંસાર માંડેલો - સૌની જેમ અબળખા અને અભરખા લૈને. પણ લગ્નના દેવ-દૂંદાળા ને સૂંઢાળા કશી વાતે રીઝ્યા નહીં હોય કે શી ખબર તે જોબનની વાટે ડગલું માંડતાં જ ભોંય કાંટાળી વર્તાઈ. વરજીનું નામ તો ગણેશજી પાછું ! શું શું બન્યું હશે એ તો એક માસી જ જાણે. બાકી એ જમાનામાં 'માસ્તર' થયેલો વર મળે એ તો પરભવનું પુણ્ય ગણાતું. પણ માસીનો મારગ જુદો હતો. ગંદુગોબરું લોક, સમજણનો અભાવ, હુંપદનો ભારો, સ્ત્રી તરફ કશી માયાદયા નહીં, મજૂર જેવો વ્યવહાર, બોલીનાં બુઠ્ઠાં ને હાથનાં જુઠ્ઠાં લોક. માસી જેવા મનેખનો ગુજારો ત્યાં ના જ થાયને! છેડાછૂટ લઈને માસીએ પિયર વ્હાલું કરેલું. સમજણ એવી કે મહેનત કરીએ તો નસીબ ફળે. હિંમત પણ સાબદી. જાતભાન અને સમાજવ્યવહારે પણ માસી પાકાં. પિયર પોસાતું ને આબરૂદાર. નીતિ અને મૂલ્યો જેવા શબ્દો ન જાણે પણ સાચ માટે ને સાથ સારુ જીવવામાં જાણે. ઘણી સબૂરી રાખી પણ જીવતરની વાંકીચૂકી ને ઊંચેનીચે ચઢતી ઊતરતી વાટ પર નિરાંતનો થોડો ય વિસામો ન્હોતો દેખાયો. મેળો માણ્યાનાં વર્ષો તો એમ જ એકલતામાં ખૂટવેલાં. છેવટનું નાતરિયા ન્યાતનું સમાધાન. છોકરી મોટું બૈરું થઈ જાય પછી ઘરનાંને ધરપત શાની રહે ?! છેવટે મેળ બેઠો.

અડધી જોવનાઈ વટાવી ચૂકેલાં માસી, અમારા જૂના ઘર સામેના ઘરે દલાકાકાનાં બીજીવારનાં પત્ની બનીને આવ્યાં હતાં. છેલ્લાં દાયકાનાં બીજી વારનાં પત્ની બનીને આવ્યાં હતાં. છેલ્લા દાયકામાં અમારાં ત્રણે જૂનાં ઘરો તો ઊઠીને નવી વસાહતમાં આવી ગયાં - નદીનાં પાણીની બીકે સ્તો ! પણ દલાકાકાનું ઘર તો હજી ત્યાં જ, લીમડાઓની છાંયામાં, મહીસાગર તરફ દોરી જતા અમારા ધૂળિયા નેળિયાને નાકે ઊભું છે. એક જમાનામાં એ દલાભાઈ રણછોડભાઈ પટેલનું ઘર કહેવાતું હતું - આજેય માસી તો એમ જ માને છે. પણ આખું ગામ 'માસીનું ઘર' કહે છે. એની બીજી ઓળખ તે 'મામાનું ઘર' અમારું બાળપણ જ નહીં અડધું જોબન પણ આ નેળિયાની બેઉ બાજુનાં ઘર-આંગણાં, ફળિયાં અને ત્રિભેટા ઉપર તથા ત્રિભેટાના કૂવાની વંડીથાળામાં રમીને, બેસીને, પ્રસંગોમાં મ્હાલીને અને વસમી વેળાઓમાં પરસ્પરનાં આધાર બનવામાં વીત્યું છે. આજે, માઈલો છેટેથી જોઉં છું - મનની આંખો બધું જ ભાળે છે - સજળ નજરોમાં ય દેખાય છે અમારાં ઉજડેલાં ઘરોનાં સૂનાં ખંઘોડિયાં, વાડાનાં એકલવાયાં ઝાડ, કૂવાનો સૂનો કાંઠો, નિર્જીવ જેવું ફળિયું, બોલાશ ઝંખતું ફળિયું અને વાડાઓ સામેની ડૂમો બાઝ્યા જેવી ટેકરી...! માસીનું ઘર પણ એ ભર્યોભાદર્યો માહોલ વિખરાતાં કૈંક એકાકી લાગે છે - ને ઘર-આંગણાના લીમડાની છાંયામાં બેઠેલી વિયાતલ ભેંસને પાણી પાતાં માસી ઊભાં છે - ઘડપણથી ઘેરાયેલાં, થોડાંક ડુમાયેલાં ને ઝાઝાં તો એકલવાયાં ! 'આવો ભૈ, હાજા-નરવા તો ખરાકની ?' ખબર પૂછતાં માસીના એ બોલ બાની છબિ સાથે હૈયે જડાઈ ગયેલા છે. ઘર-કૂવો-ફળિયું-લીમડો-નેળિયું-નદી-ટેકરી જેવા શબ્દો ગમે ત્યારે બોલાતા સાંભળું છું ને મનમાં કેટલાંય દશ્યો હારબંધ આવી લાગે છે... દરેક દશ્યમાં માસીને કૈં ને કૈં કામ કરતાં ને છોકરાંને ધાણીચણા આપતાં જોઉં છું. આ કાંઈ સ્મરણો માત્ર નથી, આ તો છે મારા લોહીનો ધબકાર... મારા ખોળિયા પરની ત્વચા છે એ ફળિયું-ઘરો-માસી અને વીત્યાં વર્ષોનો વવળાટ !

માસી અમારાં જીવીભાભીનાં ખાસ સૈયર. બેઉ વેઠીને વિકસેલાં. બેના જીવ મળેલા. માસી નાતરે આવ્યાં ત્યારે દલાકાકાનાં નવાં ઘર થતાં હતાં. એ મકાનોને ભલે નળિયાં ઢાંકતાં હશે. એ 'ઘર'ને ઢાંકનાર તો માસી જેવી નારી જ હોયને ! માસી આવ્યાં ત્યારે દલાકાકા તો ઘરભંગ થયેલા હતા. અગાઉનાં પત્ની ગૂજરી ગયાનેય વર્ષો વીતેલાં. ઘરમાં ત્રણ છોકરીઓ. મોટી પરણાવેલી. એક જેઠનેય દીકરીઓ છોકરો ના મળે. એક દિયર. તેમને દીકરા-દીકરી ખરાં. નવાં ઘર થતાં ત્રણે જુદાં થયેલાં. દલાકાકાએ કાંઈ શૉખને સારુ નાતરું ન્હોતું કર્યું. દીકરીઓ મોટી થતી હતી, એમને પરણાવવાની હતી. ઘર-ખેતીની જંજાળ જાળવવાની હતી અને પેઢીનો વારસદાર મળે એ ય ધારણા ખરી. ગામડિયાં લોક. દેરાણી-જેઠાણી જુદાં હોય તોય અમથા અમથા વહેવારોની વાતે છીંકતાં છીંડાં પડે. કુટુંબીઓ પણ 'નવી'નું વાંકું પાડવા તત્પર. અને માસી તો ઘરને તારવાની તથા ભવને ઊજળો કરવાની ધારણા લઈને આવેલાં. ઘણું અઘરું કામ હતું. માસીને માથે! મણ માથે અને અધમણ ફાંજેરિયે! લીલુંસૂકું બેઉ મળે. તડકી-છાંયડી ખમવાની ને હસતાં રહી સૌને રાજી રાખવાનાં. એ વર્ષોમાં તો માસી જરા વધારે આકરાં, આખાંબોલાં ને સાચાંબોલાં... લડનારને બહાનું મળુ ને પારકાંને જોણું થતું. પણ ગામલોક માસીની આવડત, મહેનત તથા ઘરવટ તથા વટવહેવારની સાચવણને વખાણતાં. જોતજોતામાં માસીએ બધું હાથમાં લીધેલું ને ઘરની વેળા વાળેલી. ગામમાં ને ન્યાતમાં માસીના ઘરનો ઉલ્લેખ સરસ ઉદાહરણરૂપે થવા લાગેલો !

દલાકાકા જરા ભોળા આદમી. માસી આવતાંવેંત એમને નખશિખ પરખી ગયેલાં. એટલે ઘર, ખેતી અને કુટુંબ-ગામ તથા સમાજ સાથેનો બધો વ્યવહાર માસીએ હાથમાં લઈ લીધેલો. આયોજનો બધાં માસી કરે. દલાકાકાને એક પતિ-

પુરુષને ઠેકાણે માનપાનથી રાખે. જાહેરમાં આમન્યા જાળવે ને ઘરમાં મીઠી વાણીથી ને જરૂર પડે અવાજ બદલીને એમને ઘડે. દલાકાકા મહેનતુ ભારે. કામઢો જીવ. ઘડી નવરા ન બેસે. જરાક બોલકા તે અંગત-બિનઅંગતનો મલાજો રાખ્યા વિના બધું કહી દે. પેટમાં પાપ નહિ. પણ માસી ઉચિત રીતે માનતાં કે અમથે અમથું જે તે જેને તેને કહ્યા કરવાનો શો અર્થ ?! એટલે દલાકાકા કોઈ લાંબી તથાકથા માંડે તો માસી તરત એમને રોકે, ટોકે ને નવું કામ ચીંધે. દલાકાકા તો કામે વળગે. ભોળપણ એ નિખાલસતા નથી એવો માસીને ખ્યાલ. એ પોતે નિખાલસ ખરાં, પણ ઘરની વાત ચાર દીવાલોમાં રાખવાના મતનાં. રોદણાં રોવાનો સ્વભાવ જ નહિ. બલકે વીતકથી પૂંઠ ના ફેરવે. હામ ભીડે. આરંભનાં વર્ષોમાં તો કેડ્ય બાંધીને ખેતરોમાં ય મજૂરી કરેલી. નવા ઘરના રૂપિયા પેદા કરવાના, સાવકી દીકરીઓ પરણાવવાની અને એમનાં સીમંત-જીયાણાં કરવાનાં. માસી રૂપિયો કમાતાં જાય ને વાપરતાં જાય. વખતે વ્યાજવા રૂપિયા કે હાથઉછીના ય લાવે પણ મોસમ પાકે કે ધણીનો વાયદો પળાતો હોય. માસી એક શાહુકારની પેઠે જીવતરને ગોઠવતાં હતાં.

દાયકમાં તો ગામે-મલકે જોયું કે માસીએ ઘરવટ ઉજાળી હતી. બધી દીકરીઓનાં લગન, આણાં, જીયાણાં રંગેચંગે પાર પાડેલાં, સાવકી દીકરીઓને સગી માના ઓરતા ના આલે એમ રાખતાં ને સાસરે વળાવતાં. ક્યારેક કહેતાં - 'ખરી મા વેરોઆંતરો કરે પણ મીં છોરીઓ પેટની જેમ પાળી સેં. પણ લોક તો બધી દન્યોમાં નાબળું તે ફાવે એમ બોલવાનું. હગી મા માર આલે તો ય એ લાડમાં ને ઘડતરમાં ગણાય. જ્યારે મારા જેવીઓને તો કથોલું વેણ નેંકળે તો ય દન્યો અધધ કરી ઊઠવાની. ઓરમાન માની મથરાવટી જ મેલી, ભૈ ! અશે, કર્યું અસે તો ભૂંહઈ જવાનું નથી.' દીકરીઓ ક્યારેય રડતી ગઈ નથી. ને કશે ફરિયાદ કરીય નથી. માસીના પેટે દેકરો જન્મેલોય. દીકરીઓને ભાણેજાં જન્મ્યાં. આમ, મામો-ભાણેજાં બધાં સરખી વયનાં. એટલે ઊછરતાં જ દીકરો રેવાભાઈ 'મામો' કહેવાયો. માસી જ કહેતાં - 'ભાંણિયાંના મઊંમાને ઉછેરું સઉં.' પછી તો રેવાભાઈ હાઈ સ્કૂલ સુધી પહોંચતાંમાં તો 'આર.ડી. મામા' તરીકે ઝડપથી ભણીને આગળ આવતા જોયા છે. પૈસાવાળા પણ પોતાના છોકરાને, ભણવામાં હોંશિયાર હોય તોય, ત્યારે પી.ટી.સી.માં મૂકતા (આજેય મૂકે છે.) એ વર્ષોમાં માસીની કોઠાસૂઝ અને ખર્ચ કરવાનું સાહસ તો જુઓ. વ્યાજવા રૂપિયા લાવીને ય માસીએ મામાને વલ્લભવિદ્યાનગરની કૉમર્સ કૉલેજમાં ભણવા મૂકેલા. જોડે એક ભાણો ય હતો. પણ મામા આગળ વધ્યા ને ભાણો મોટા પ્રવાહમાં ભળ્યા. માસીએ બહુ ધીરજપૂર્વક એ વર્ષો કાઢ્યાનું મને યાદ છે. મહેનત પણ ઘણી કરતાં. પણ એક શ્રદ્ધા હતી કે દીકરો દા'ડો વાળશે ! મામા એમ.કૉમ. થઈને લુણાવાડાની કૉલેજમાં અધ્યાપક થયા. પી.ટી.સી. થયેલી શિક્ષિકા વહુ આવી. માસીની મહેનત દીપી ઊઠી. મામા મારા મિત્ર સમોવડ થતાં અમારું મળવા-બેસવાનું વધેલું. જે આજેય અંગત-ઘર-સંબંધ જેવું છે. મામાએ માસીની જવાબદારીમાં ભાગ લીધો ને આજે દોઢેક દાયકાથી તો એ ય બધું સરસ ચાલે છે. પુત્ર અને પુત્રવધૂ બેઉ રોજ સવારે ગામ-ઘરેથી જ મોટર સાઈકલ લૈને સાથે નોકરીએ જાય છે ને સાંજે પાછા વળે છે. જો કે માસીની જવાબદારી બદલાઈ છે, ઘટી નથી એમ લાગે છે.

જીવન સપાટી ઉપર દેખાય એટલું શાંત કે સરળ નથી હોતું. ગામડામાંય કાવાદાવા અને આટાપાટા રમાતા હોય છે. કોઈકનું સારું થાય તો નહિ સાંખનારા વિઘ્નસંતોષીઓ, કારણવગરના વેરીલાઝેરીલા અને અમથા પરપીડકોનો ક્યાંય કાળ નથી હોતો. એ તો બધે જ હોવાના. શેક્સપિયરના ઈયાગો જેવા ! મામા-માસીને હંફાવનારાં ય હતાં. ઘરકુટંબીઓને ગામના કારગતિયાં 'હેંડતાં વાંકું પાડતા' ને એમ કસોટીઓ થતી. મામા પણ માસી જેવા નિખાલસ, પરગજુ. ખાવા માટે મરી પડતા એ પાટીદારિયા સમાજમાં મામા-માસી ખાવા જવાનું ટાળે, પોતાને ઘરે સૌને નોતરે. પ્રસંગ ના હોય તો શૉખના પરોણા તેડે. પણ કોઈનું 'ખાવાનું ઉધાર' ના રાખે. ખવડાવીને રાજી રહેવાનું. પણ માંડ ઘર ગોઠવાયું ને સગાં વ્હાલાં હાથઉછીના રૂપિયા માટે આવે. બહેન-ભાણેજોને તો ના પડાય નહિ. એટલે ઘણી વાર વ્યાજે લોન લઈને ઉછીના રૂપિયા આપવાના ને પગારમાંથી લોન ભરવાની. ટાઈમે રૂપિયો પાછો આવે નહીં ત્યારે માસીને તો મૂળથી સાબદું પિયર ને ઉદાર જીવના ભાઈ તે બીજે કશે શબ્દ નાખવો જ ના પડે. મામા આવા વ્યવહારને સહજ ગણીને ચાલે. ટંકે રોટલા મળે છે ને ગાડું ગગડે છે - ભયો ભયો ! હજી આવાં માણસૂડાં લોકને ભૌતિકતાવાદનાં ઝેર ચડ્યાં નથી, આર.ડી. મામા કૉમર્સના અધ્યાપક પણ કશી ગણતરીઓ ના મળે. થોડોક દલાકાકાનો અંશવંશ ખરો. કોઈક છેતરે ને છેહ દે ત્યારે મામાને ખ્યાલ આવે. અનુભવે શીખ્યા કે બધાં પર વિશ્વાસ ના મૂકવો ને વખતે 'ના' પાડતાંય શીખવું. પણ તોય બીજાને મદદરૂપ થવામાંથી સાવ ના જાય.

માસી ઘણી વાર મને કહે છે - 'ભૈ, આ તો ગાય દોઈને કૂતરીને પાવાનો ધંધો સેં. એ ય હમજ્યાં. પણ છાહ (છાશ)માં માખણ જાય ને વઉ ફુવડ કે'વાય - એવો ઘાટ સેં, મારો ને મામાોનો વેઠ્યા વના આરો નથી...' બંને ઉછીના પૈસા પાછા માગતાં ય જાણે ઉધાર કે ધર્માદા માગતાં હોય એમ મૂંઝાય. છેવટે ખેંચ વેઠે કે કરકસર કરે કે વસ વિના ચલાવી લે ! એમના આવા નર્યા સ્વભાવનો ગેરલાભ લેનારાં આજેય

મંડેલાં જ છે. મામાનેય દીકરો છે ને દીકરી છે. બેઉ હાઈ સ્કૂલ સુધી ભણી ઊતરવામાં છે. માસીની ઉજળોમણને લીધે સારાં ઘર-ઠેકાણાં મળ્યાં છે. ઘણી વાર આ બધું બીજાં લોકને નજરમાં આવે છે ને લડવાનાં ખૂતાં ખોળનારાંનો ગામડે તૂટો નથી હોતો. બધે માનવસ્વભાવ સરખો હશે ?

લખીએ તો બે-પાંચ પ્રકરણ થાય; ઘર-કુટુંબીઓએ ને મોકો મળે ગામે મામા-માસીને, વગર વાંકે કે કોઈ વાતે સંમત ના થતાં - પજવવામાં કશું બાકી નથી રાખ્યું. કુટુંબવાળા વારે વારે રોટલા કાપે. પ્રસંગટાણે નૂતરું કાપે, કે માસીને ઘેર આવ્યે ટાણે માન માગે, વાંકું પાડે ને આવે નહિ! દેરાણીનો તોબરો તો માસીને ભાળ્યા ત્યારથી ચડેલો તો હવે ઘડપણે ઊતર્યો હોય તો અમારા કપિલેશ્વરના હનુમાન બાપજી જાણે ! માસીનો સ્વભાવ લડનારથી વેગળો રહેવાનો. પણ કહેવા જેવી બે વાતો તો ભલા ભૂપને ય કડવાં થઈને કહે. નવેનવાં નાતરે આવ્યાં ત્યારે ગામનાં દલાકાકાના બરોબરિયા મજાક-મશ્કરી કરતાં કે એ મશે -; પણ માસી મર્મમાં બોલીને કે સામાને સટ્ટાક સંભળાવીને સરખા કરતાં રહેલાં. આમ હસમુખાં ને ચા-પાણીમાં પાછાં ના પડે, ખવરાવવામાં આગળ રહે. પણ કોઈ કારણ વિના કે મન ફાવ્યે ગબગબ કરવા આવે તો માસી વિફરેય ખરાં. કજિયાનું મોં કાળું - કહીને ઘર-કુટુંબીઓથી પણ વર્ષો લગી અળગાં ને એકલાં રહીને પાર પડેલાં માસી.

ફળિયાનાં બધાં છોકરાં માસીની પડસાળે ને લીમડા તળે રમતાં હોય, માસીની કૃપાપ્રસાદી પામતાં હોય. ખબર નહિ, માસીનું ઘર કેવી રીતે 'ગામનો ચૉરો' ગની ગયું હશે ! સવારે મામાના સમોવડિયા નોકરિયાતો મામાના ઘરની ચા પીતા જ હોય. બપોરે ઘરડેરા દલાકાકાનાં હુક્કો - બીડી પીવા સાથે ખાટલે પડખું વાળે ને મ્હેતીવહુના હાથની ચા પીને જ જાય. સાંજે વાળું-પાણી પરવારીને તો બધાંય આવે. યુવાનો ને વડીલો ભાતભાતની વાતોમાં માથાં ઝીંકતા હોય. વહુવારુઓ ઝીણુંઝીણું હસતી હોય ને પ્રૌઢાઓ માસી સાથે છીંકણી તાણીની દિનચર્યા વર્ણવતી હોય. પછી તો વચ્ચેનાં વરસોમાં આ સિલસિલો જરા વકરે છે. મામાને કૉલેજના કામ જેટલો ય વખત નથી રહેતો. મામા ઘરનો પાછલો ભાગ ઉતરાવીને ધાબુ નંખાવી માથે બે નવા રૂમ ને નીચે બેઠકખંડ રસોડું જાજરૂ બાથરૂમ બંધાવે છે ! આથી તો વળી બેસનારાં વધે છે. માસીના પાણિયારે રોજના ત્રણત્રણ ગોળા પીવાનું પાણી વપરાય છે. ચા-ખાંડ-દૂધ ને બીડી-તમાકુનો તો હિસાબ નથી ! છતાં એ તો કહે છે - 'પ્રેમ સે તો બધાં આવતાં અશે ને, ભૈ!' 'ખવડાવે ખૂટતું નથી.. ને દીવો બાળવાથી દેવાળવું જતું નથી.... ભલેને બધાં મોડી રાત હુદી બેહે ને વાતો કરે...' આવી ઉદારતાનો ગેરલાભ લેનારાંય ના નીકળે તો નવાઈ ! મામા-માસીને તો આનો ખ્યાલ જ મોડો આવેલો. બેસવા આવનારાઓમાં નવા-જૂના કારગતિયા ય હતા. કેટલાકને મામાના ઘરની પ્રગતિ ના વેઠાય. કેટલાક વૃત્તિના નબળા. કોઈક ભૂખડા ને કંજૂસ. કેટલાકે મામાને સાથમાં રાખી નવી વસાહતમાં ઘરથાળના પ્લૉટો માટે ઝૂંબેશ ચલાવી. અરજીઓ કરાવી. એમાંથી ગામ 'બે પાર્ટીમાં' વહેંચાઈ ગયું. મામાનું ઘર સામી પાર્ટીવાળાને કારગતિયોનો અડ્ડો લાગેલું. મામાને છેવટે ખ્યાલ આવ્યો કે એમનો, એમના વાહનનો, ઘરનો ઉપયોગ કરીને પાક્કા ખાંધિયાઓએ ગામને ગધેડે છે. એટલે એ અળગા થઈ ગયા. સામી પાર્ટીમાં જઈને બધું ઠાર્યું ને છેવટે નક્કી કર્યું કે પોતે તો નોખા જ રહેશે. ખાય એ પાત્રમાં છેદ કરનારા અને દરવાજો તોડવા ઊંટિયા તરીકે પોતાનો ઉપયોગ કરનારાઓને મામાએ મોડે મોડે ઓળખ્યા એટલે પછી એ સરપંચની ચૂંટણીની કે બીજી કશીય વાત કરનારાઓને ટાળતા. નબળાં લોક એમને ત્યાં વતાં બંધ થયાં. માસીને એની રાહત મળી છે. મામાને દુઃખ એટલું કે પોતાના સમોવડિયા પણ આવા ખટપટિયા કેમ છે ? આવડા નાના ગામમાં ભાંજગડ કરીને કયો ચન્દ્રક મેળવવાનો છે ? રામ જાણે !! મારી જેમ મામા પણ માને છે કે ભણેલો માણસ ભૂંડો બને તો એ સૌથી વધારે જોખમી છે.

મને આજે ય દેખાય છે મામાના ઘરની ચોપાડ-પરસાળ. હું ઈડર કૉલેજથી ઘેર આવ્યો છું. ઉનાળાની રજાઓ છે. તડકે લીમડા લ્હેરાય છે. મામા પેપર્સ તપાસે છે. હું ગુણ-પત્રકો ભરું છું. માસી તીખી ભાખરી ને ચા લાવે છે... મામાનાં વહુ ગંગાજી બેઉ સંતાનોને તથા ઘરને અવેરવામાં વ્યસ્ત છે. રાત ઢળે છે. હું પાછો આવું છું. દલાકાકા ઠંડું પાણી નાખી નવી તંબાકુતબો મૂકીને હુક્કો ભરે છે. હું ને દલાકાકા હુક્કો પીતા બેઠા છીએ. પાસે માસી શહેરોની વાતો કઢાવતાં મલકાય છે. મારું ખાવાપીવાનું ન્હાવાધોવાનું પણ ઘણી વાર માસીને ઘેર જ ચાલે છે. મારાં સંતાનોને પણ માસીનું ઘર પોતાનું લાગે છે... હું આજેય માસીને ઘેર જવા ઝૂરું છું. મારું એ જૂનું ઘર નથી રહ્યું ત્યારે માસીનું ઘર સાવ છેવાડું લાગતું હશે?! નદીનાં પૂર ૧૯૭૩માં માસીના ઘરમાં પેઠાં ત્યારે માસીને ઝાલી રાખનારાં મજબૂત ના હોત તો ગજબ થઈ જાત... 'નદી ઘર પવિત્ર કરી ગઈ' કહી મન વાળનારાં માસીને હમણાં કેન્સર થયેલું. મામાએ થતા રોગને છ માસ દવાખાને - અમદાવાદ રહીને મટાડ્યો. વહુએ ઘર સાચવ્યું. માસી સૌની લાગણીએ સાજાં થઈને ઘેર આવ્યાં છે. 'ધરમીને ઘેર ધાડ તે આનું નામ' કહીને લોક માસીને ટાઢવે છે. પણ માસી જાણે છે કે જીવતર તો વસમું છે. મામો-માસી પરસ્પર રિસાતાં ય હતાં. એ વ્હાલ તો નસીબદારને જ મળે. માસીનો, દીકરાની પેઢીમાં ઠરેલો જીવ મારે જોવો છે. એમને મળવું છે. પણ કોઈ અદશ્ય સાંકળોએ હું અભાગીને બાંધી રાખ્યો છે. કાળ કઠોર છે !! □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

મોઢા પર મેઈક અપ અને ખીસામાં ચેક

તા.૨૩-૧૧-૯૧. આજે બપોરે ૪-૦૦ વાગે મારું ચઢી ગયેલું બધું કામ પૂરું થઈ ગયું એટલે આ કાગળ લખવાનો વખત મળી ગયો!

આ કામ ચઢી ગયું તેનું એક ખાસ કારણ છે. અમદાવાદ દૂરદર્શન તરફથી નોકરી શોધતા યુવાનો માટે 'કારકિર્દીને ઝરૂખે' નામની એક શ્રેણિ તૈયાર થાય છે. તેના પહેલા હફતાનું રેકોર્ડિંગ ગઈ કાલે થયું. શ્રેણિમાં જે વાત આવવાની છે તેનો પરિચય આપવાની દૃષ્ટિએ પહેલા હફતામાં એક ચર્ચા ગોઠવી હતી. ચર્ચામાં વડીલ તરીકે હું હતો અને બીજા ત્રણ નિષ્ણાતો હતા.

રેકોર્ડિંગ માટે ૧૨-૦૦ વાગે બોલાવ્યા હતા. ૧૧-૦૦ વાગે ઘેરથી નીકળી યુનિવર્સિટીના ગણિત વિભાગમાં થઈને TV કેન્દ્ર ઉપર ૧૨-૦૦ વાગે પહોંચી ગયો. વેઈટિંગ રૂમમાં ચા પીધી, ચર્ચાના મુદ્દા વિચાર્યા ત્યાં ૧-૦૦ વાગે ખબર પડી કે સ્ટૂડિયો નં.૧માં શાસ્ત્રીય ગાયનનું રેકોર્ડિંગ થાય છે એટલે અમારું રેકોર્ડિંગ બે વાગે થશે!

પોણા બે વાગે અમે મેઈક અપ રૂમમાં ગયા. મેઈક અપ કરાવીને અમે બે વાગ્યે તૈયાર થઈને બેઠા અને રાહ જોઈ. કેટલાંયે નાનાંમોટાં સ્ત્રી-પુરુષોનાં મેઈક અપ જોયાં. દોઢ કલાક રાહ જોયા પછી ૩-૧૫ વાગે સ્ટૂડિયોનું કહેણ આવ્યું અને ૩-૩૫ વાગે રેકોર્ડિંગ શરૂ થયું તે ૪-૦૫ વાગે પૂરું થયું. ૪-૩૦ ગણિત વિભાગમાં પહોંચ્યો! આમ, અડધા કલાકના રેકોર્ડિંગ માટે સાડા ચાર કલાકની તપસ્યા કરી અને પછી માથે કામ તો ચડી જ જાયને!

ખીસામાં ચેક (મહેનતાણાનો) અને મોઢા ઉપર આછો મેઈક અપ લઈને સાંજે છ વાગે ઘેર આવ્યો. પાણીથી મોઢું ધોયું અને નેપ્કિનથી લૂછ્યું તો નેપ્કિનમાં મેઈક અપનું આછું ધાબું પડ્યું!

બાળપણની બે વાતો

તા.૧૪-૩-૯૨. તમને નવાઈ લાગશે પણ અમારી નવી કામવાળી કામ કરવા આવે છે ત્યારે તેની સાથે ત્રણેક વર્ષની દીકરી આવે છે. તેને જોઈને મને મારું બાળપણ યાદ આવી જાય છે. મારો જન્મ ૧૯૧૮માં. ૧૯૨૨માં મારી માતા ગુજરી ગઈ અને અમે બધાં ભાવનગર આવ્યાં. મોટાભાઈ અને મોટીબેન તો શાળાએ જાય. દાદા તો મોતિયાને કારણે દેખી ન શકે. એટલે મારા પિતા (અમે તેમને કાકાભાઈ કહેતા) પોસ્ટ ઑફિસે જાય ત્યારે મને સાથે લેતા જાય. પોસ્ટ ઑફિસને દરવાજે કે પછી પોસ્ટમૅન કાગળ ઉપર છાપ પાડતા હોય તે ટેબલ આસપાસ હું રમ્યા કરું. પણ પોસ્ટ ઑફિસની નોકરી તો ૮ કલાકની. હું કંટાળું કે રમતાં રમતાં પડુંઆખડું ને રડવા લાગું. અમારી કામવાળીની દીકરીને એવું થાય ત્યારે તીણે અવાજે તેની મા તેને વઢે. પણ કાકાભાઈ કદી ગુસ્સે થયા નથી.

એક વાર મને મોટી ઉધરસ (ઉટાંટિયું) થઈ હતી. એટલે મને ઘેર મૂકીને કાકાભાઈ નોકરી ગયા. પાછળથી હું ઘેર કંટાળ્યો અને ઉધરસ ખાતો ચઢેલ શ્વાસે હું પોસ્ટ ઑફિસ ગયો. ત્યારે એક પારસી પોસ્ટમાસ્તર હતા. લાલકાકા તેમનું નામ. તેણે મારી સ્થિતિ જોઈ કાકાભાઈની રજા મંજૂર કરી. અમારી કામવાળીની દીકરી માંદી પડી ત્યારે મારાં પત્નીનું આવું જ સહાનુભૂતિપૂર્ણ વર્તન જોઈ મને લાલકાકા પોસ્ટમાસ્તર યાદ આવી ગયા.

અમારા શારદાનગરની પોસ્ટઑફિસના પોસ્ટમાસ્તરને મેં એક વાર કહ્યું હતું, 'પોસ્ટ ઑફિસે આવવામાં તકલીફ શાની? મારે મન તો એ જાત્રા છે.'

તા.૨૪-૩-૯૨. અમારો શિયાળો હવે પૂરો થયો. દિવસનું તાપમાન ૩૬° થી ૩૯° C જેટલું અને રાતનું ૧૯° થી ૨૧° C થાય છે. હજુ ઉનાળો શરૂ થયો નથી અને વસંતના વાયરા વાય છે. પણ તે તો થોડા દિવસો. પછી તો ઉનાળો - કાલિદાસના શબ્દોમાં 'નિદાઘ કાલઃ સમુપાગતઃ પ્રિયે.'

ઉષ્ણ કટિબંધમાં વસનારાં આપણને સૌને શિયાળો ખૂબ રુચિકર અને ઉનાળો અરુચિકર. પણ મારું પોતાનું આથી ઊંધું છે. મને ઉનાળો ખૂબ રુચિકર અને શિયાળો અરુચિકર. મા વગરનું મારું ઘડતર આને માટે કારણભૂત હોઈ શકે. નાનપણમાં હું જોડા કે ચંપલ પહેરતો નહિ. ભાવનગરના ધોમધખતા બપોરે ઉઘાડે પગે સ્કૂલથી રિસેસમાં ચાલતા ઘેર આવું. રસ્તાની પહોળાઈને છેડે ધૂળમાં જ ચાલવાનો મારો નિયમ. અત્યારે ડાબી આંખે મોતિયો ઉતારી તાજો જ લેન્સ બેસાર્યો છે તેથી પાકી સડક પર ચાલું તો આંખને તડકો લાગવાનો સંભવ એટલે રસ્તાની કિનારે ધૂળમાં ચાલું છું તે બાળપણની આદતનો જ પ્રતાપ!

૧૨ વર્ષની ઉંમરે હું અને મારો એક મિત્ર રજાના દિવસે ઉનાળામાં બપોરના ૧૨ થી ૫ વાગ્યા સુધી રખડ્યા. બે દિવસ મિત્ર (તેનું નામ ઇચ્છુ) સ્કૂલે ન આવ્યો. ત્રીજે દિવસે હું તેને ઘેર ગયો. તેની નાની બેન બહાર રમતી હતી. તેણે કહ્યું, 'ઇચ્છુ તો મલી ગયો.' ઇચ્છુ સનસ્ટ્રોકમાં ગુજરી ગયો હતો!

આમ મારું બચપણનું ઘડતર જ એવું થયું છે કે મને શિયાળો ન ફાવે, ઉનાળો જ ફાવે!

રેડીઓ ડચકાં જ ખાયને!

તા.૧૮-૪-૯૨. આકાશવાણી અમદાવાદ-વડોદરાની ૪૪મી વર્ષગાંઠ ૧૬મી એપ્રિલે ગઈ. તેના સમારંભમાં, જે વાત સૌ રેડીઓ કર્મચારી જાણે છે પણ કોઈએ તેનો ઉલ્લેખ નથી કર્યો તે વાત આજે લખવી છે.

હમણાં હમણાં અમદાવાદ રેડીઓમાં કાંઈક યાંત્રિક ખામી દેખાય છે. બ્રોડકાસ્ટ ચાલતું હોય અને વચ્ચે બંધ થઈ જાય. બે-ત્રણ મિનિટ બંધ રહે પછી ચાલુ થાય. આવું લગભગ કલાકે કલાકે થાય. વળી, અમદાવાદના વિવિધભારતી મીટર ઉપર તેવું ન થાય. કદાચ ૧૦૦ કિલોવોટનું મેઈન ટ્રાન્સમીટર, ૫ કિલોવોટના વિવિધભારતી ટ્રાન્સમીટરથી ઘણું જૂનું તેથી આમ થતું હશે એમ મેં માન્યું.

મારી આંખે મોતિયો જ્યાં મેં ઉતરાવ્યો હતો તે દવાખાનામાં સંયોગવશાત્ આકાશવાણીમાં કામ કરતા એક મિત્ર મળી ગયા. વાતમાંથી વાત નીકળતાં મેં તેમને ઉપર દર્શાવેલ મારી માન્યતા કહી. તો તેમણે કહ્યું કે હકીકત તો સાવ ઊલટી છે. જૂનું ટ્રાન્સમીટર તો સારું હતું. પણ દિલ્હીમાં નિર્ણય લેવાયો કે અમદાવાદ રેડીઓ સ્ટેશનને વધુ શક્તિશાળી કરવું. એટલે ગયે વર્ષે જ ૨૦૦ કિલોવોટનું નવું ટ્રાન્સમીટર નાખ્યું. પણ નવા જમાનાની સરકારી ખરીદીમાં નાણાં વધુ વપરાય અને માલ નબળો આવે! (અને તો જ વધુ ખિસ્સા ભરાય!) એટલે પછી રેડીઓ ડચકાં જ ખાયને!

સિક્કિમનું રજવાડું

તા.૮-૯-૭૪. અમે તો અંગ્રેજ હકૂમતના જમાનામાં ઇતિહાસ, ભૂગોળ ભણ્યા હતા. ત્યારે પણ હિમાલયની ગોદમાં આવેલાં નેપાળ અને ભૂતાન સ્વતંત્ર રાજ્યો છે એમ ભણેલા. પણ સિક્કિમ સ્વતંત્ર રાજ્ય છે એવું ક્યાંય જાણેલું નહિ. ૧૯૪૭માં આઝાદી વખતે, વડોદરા, જૂનાગઢ, ભોપાલ જેવું જ સિક્કિમનું રજવાડું હતું. બીજાં રાજ્યો જેમ ભારતમાં ભળી ગયાં તેમ સિક્કિમના મહારાજાએ પણ ભારતમાં ભળી જવું જોઈએ એમ તેની પ્રજાની માંગ હતી.

પણ તે દિવસો 'હિન્દી ચીની ભાઈ ભાઈ'ના હતા! ચીન અને ભારતની વચ્ચેના પ્રદેશમાં (૧) તિબેટને ચીન સ્વાયત્તતા આપે (૨) નેપાળ અને ભૂતાન તો સ્વતંત્ર હતાં જ (૩) સિક્કિમને ભારત સ્વાયત્તતા આપે એવો નિર્ણય ભારત-ચીને લેવો તેવી નીતિ જવાહરલાલ નેહરુની હતી. આથી સિક્કિમના રાજા છોગ્યાલને આપણે સ્વતંત્ર ગણ્યો પણ એની વિદેશનીતિ તથા સંરક્ષણ એ ભારતની જવાબદારી રહે તેવા કરાર ૧૯૫૦માં આપણે રાજા સાથે કર્યા. પણ પછી તો ચીન સાથેના સંબંધો બગડ્યા, ચીને તિબેટની સ્વાયત્તા હરી લઈ તિબેટને 'ખાલસા' કરી નાખ્યું. આપણી સાથે યુદ્ધ કર્યું. આમ, ચીન જેવા વિશાળ દેશ સાથે સમજૂતીથી રહેવાના હેતુથી, સિક્કિમની પ્રજાની માગણીની વિરુદ્ધ જઈ આપણે સિક્કિમને સ્વાયત્તા આપી પણ તે હેતુ તો બર ન આવ્યો અને ઊલટું, સ્થિતિ તો એવી થઈ કે ભારતીય લશ્કરની મદદથી સિક્કિમની પ્રજાને અણગમતો રાજા આપણે ટકાવી રાખ્યો!

છેવટે ગયે વર્ષે (૧૯૭૩માં) સિક્કિમની પ્રજાએ બળવો કર્યો ત્યારે આપણા પ્રયત્નથી રાજાપ્રજા વચ્ચે સમાધાન થયું અને સમાધાનના ફલસ્વરૂપ ત્યાં ચૂંટણી થઈ. ચૂંટણી પછી ચૂંટાયેલી ધારાસભાએ સર્વાનુમતે રાજ્યનું બંધારણ ઘડ્યું અને સિક્કિમની પ્રજાને ભારતની પાર્લમેન્ટમાં પ્રતિનિધિત્વ મળે તેવી જોગવાઈ કરી. પહેલાં તો છોગ્યાલે આ બંધારણ ઉપર સહી કરવાની ના પાડી એટલે લોકોએ તો રાજમહેલને ઘેરો ઘાલ્યો. છોગ્યાલ નાઠો. દિલ્હી આવ્યો. દિલ્હીમાં કોઈએ તેનો પક્ષ ખેંચ્યો નહિ એટલે ગંગટોક પાછો જઈને બંધારણમાં સહી કરી.

તે બંધારણ પ્રમાણે સિક્કિમની પ્રજાને ભારતીય પાર્લમેન્ટમાં પ્રતિનિધિત્વ આપવા માટે આપણે આપણા બંધારણમાં સુધારો કર્યો અને આ સુધારો પરમદા'ડે પાર્લમેન્ટે પસાર કર્યો. પંડિત નેહરુની ચીન તરફની નિષ્ફળ નીતિને કારણે સિક્કિમ બાબતમાં દેશની સ્થિતિ, 'મા, મને કોઠીમાંથી કાઢ' જેવી થઈ હતી તે નેહરુની દીકરીએ 'કોઠીમાંથી' બાહાર કાઢી!

તા.૨૫-૮-૯૨. એક સ્ત્રીનું નૈસર્ગિક રુદન રાજકારણમાં ઘણી અસર કરે છે. સિક્કિમ ભારતમાં જોડાયેલું રાજ્ય છે. ત્યાં નેપાળી ભાષા બોલાય છે. પણ ગુજરાતી, મરાઠી વગેરે ૧૪ ભાષાની જેમ નેપાળી માન્ય ભાષા નથી; કારણ કે સિક્કિમ પાછળથી જોડાયું છે. સિક્કિમની પ્રતિનિધિ બેન દિલબહાદુર પાર્લમેન્ટમાં નેપાળી વિષે બોલી રહી હતી ત્યારે કોઈક બોલ્યું કે નેપાળી તો વિદેશી ભાષા છે. 'મારી માતૃભાષાને વિદેશી કહી' એમ કહીને બેન તો ધ્રુસકે અને ધ્રુસકે રડવા માંડ્યાં.

બીજે દિવસે પાર્લમેન્ટે સર્વાનુમતે બંધારણ સુધાર્યું અને નેપાળી ભાષાને માન્ય કરી. □

અનુસંધાન] **અમેરિકામાં ભારતીયો** [પૃ. ૩૯૩થી
રુચ્યું નથી. પરિણામે બે ભાગ પડી ગયા. બંને પ્રાદેશિક સમૂહો અલગ નાણાંભંડોળ ઊભું કરીને બે અલગ મંદિરો ઊભાં કરશે. આખરે તો દરેક સમૂહને મૂર્તિદર્શન, સ્તુતિ-પ્રાર્થના-પૂજા વગેરે બાબત પોતાપણાની અનુભૂતિ થતી હોય છે. અમેરિકન સભ્યતા જે નવો સંદર્ભ રચી આપે છે, તે અહીં પણ માતૃભૂમિના આગ્રહોને એક ભારતીય ભાવનામાં ઓગાળી નાખી શકતો નથી, પણ તે ટ્રાન્સપ્લાન્ટ થતો વર્તાય છે. તો અહી બીજાં ઘણાં સ્થળોએ એક જ મંદિર હોય છે, તે મહત્ત્વનું છે.

એકંદરે એકતાપોષક નહિ, પણ પ્રાદેશિક-સાંપ્રદાયિક અલગાવ અને અતિધાર્મિકતાનાં થોડાં લક્ષણો વર્તાતાં હોવા છતાં, અમેરિકામાં ધર્મ અને નૈતિક-આધ્યાત્મિક મંદિરો-કેન્દ્રો-અભિયાનો સંયુક્ત રીતે ભારતીયોને તેમની સાંસ્કૃતિક આત્મઓળખને સંકોરવા માટે તથા વિવિધ સમૂહોને ભારતીય હોવાનો અનુભવ કરાવવા માટેનું વૈચારિક ને વ્યવહારગમ્ય માધ્યમ પૂરું પાડવા માટે ઉપકારક ભૂમિકા ભજવે છે. □

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૨૩)

— જયન્તીલાલ મહેતા



ચંદ્રમૌલિશ્વર ભગવાન સોમનાથની ભક્તિ જેને રૂંવે રૂંવે પ્રકટતી હતી અને તેથી જ જેમના કંઠની પેઠે કલમમાંથી પણ 'જય સોમનાથ'નો અનાહત નાદ ગાજતો હતો તેવા મુનશીએ હિંદ આઝાદ થયું એટલે તરત જ પ્રથમ રચનાત્મક કામ તરીકે સોમનાથના મંદિરના સ્થળે જ એક ભવ્યાતિભવ્ય નૂતન ગગનચુંબી મંદિર બાંધવાનું પોતાનું પુરાણું સ્વપ્નું સાકાર કરવા કમર કસી. તેમની ૭૦મી જન્મજયંતી પ્રસંગે પ્રસિદ્ધ થયેલા ચાર અંગ્રેજી ગ્રંથોના ચોથા પુસ્તક : 'મુનશી હિઝ આર્ટ ઍન્ડ વર્ક'નું ૮મું પ્રકરણ બોલે છે : '...મહમદ ગીઝનીએ સોમનાથ ભાંગ્યું તેની કડવી યાદ દેશના આત્માને સદાય ડંખતી રહેતી... તેઓ માનતા કે જે પ્રજા પોતાના ભવ્ય ભૂતકાળનું ગૌરવ કરતી નથી એને ભવિષ્ય જેવું કાંઈ જ બચતું નથી.'

સરદાર પટેલની સમજાવટને અવગણી પાકિસ્તાનના પ્રધાન મંત્રી ઝુલફિકાર અલી ભુત્તોના બાપ શાહનવાઝ ભુત્તોની ગાંડી સલાહ માની જૂનાગઢના નવાબ મહોબ્બતખાન પાકિસ્તાન નાસી ગયેલ અને કાઠિયાવાડના સ્વાતંત્ર્યપ્રેમી જુવાન વીરોએ જૂનાગઢને નવાબી જુલ્મોમાંથી મુક્ત કરી જૂનાગઢનું 'જય હિંદ' કરી નાખ્યું એટલે જૂનાગઢ આઝાદ થયું કે તરત જ ૨૪મી ઑક્ટોબર ૧૯૪૭ને વિજયાદસમીને શુભદિને ભારતમાતાનો વિજયધ્વજ જૂનાગઢના નવાબના મહેલ પર લહેરાવા માંડ્યો હતો. ૯મી નવેમ્બર ૧૯૪૭ના દિવસે સરદાર પટેલ જૂનાગઢ પધાર્યા અને મંદિરમાં દર્શન કરવા ગયા ત્યારે ધ્વસ્ત મંદિરનાં ખંડેરોથી ત્રસ્ત થઈ સરદાર સાથે આવેલ નરહરિ વી. ગાડગીલે સરદારને વિનંતીના સૂરે સૂચવ્યું કે ભારત સરકારે સર્વપ્રથમ અહીં નવું શિવમંદિર બાંધવું જોઈએ. જામસાહેબે તરત એક લાખ રૂપિયાનું દાન જાહેર કર્યું. અને આરઝી હકૂમત વતી શામળદાસ ગાંધીને ૫૧,૦૦૦ રૂપિયાનું દાન આપ્યું. સાંજે અહલ્યામંદિરના પ્રાંગણમાં વિરાટ જાહેરસભાને સંબોધતા સરદાર પટેલે બુલંદીપૂર્વક એલાન કર્યું કે, 'આજના શુભદિને ભારત સરકારે આ મંદિર ફરીથી બાંધવા પ્રતિજ્ઞા લીધી છે. અને આ પવિત્ર ફરજ બજાવવા તમારે સહુ પ્રજાજનોએ પણ અમારા સાથે ખભા મિલાવી ઊભા રહેવાનું છે...'

ડિસેમ્બરની ૧૩મીએ ભારત સરકારના પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટે આ કામ માથે લીધું અને તેના મંત્રી ગાડગીલે સરકારી આર્કિટેક્ટને પ્રભાસ પાટણ મોકલ્યા. ૨૩મી જાન્યુઆરી ૧૯૪૯ના દિવસે મંદિરની રચના માટે જાહેર ટ્રસ્ટ રચાણું, જેમાં સરદાર પટેલની અધ્યક્ષતામાં મળેલી મીટિંગમાં નક્કી થયું કે આ ટ્રસ્ટમાં દાતાઓના બે, ભારત સરકારના બે અને પ્રતિષ્ઠિત નાગરિકોના બે, તથા સૌરાષ્ટ્ર સરકારના બે - એમ સભ્યો રહેશે. ઉપરાંત આ ટ્રસ્ટને ભગવાન કૃષ્ણના સોમનાથથી થોડે જ દૂર આવેલ દેહોત્સર્ગના પવિત્ર સ્થળની પણ પુનઃ રચનાનું કામ સોંપાયું. ટ્રસ્ટ ડીડ બનાવવાની જવાબદારી મુનશીને સોંપાણી. મુનશીએ મંદિરની પુનઃ રચનાની સાથોસાથ એક અખિલ ભારતીય સંસ્કૃત યુનિવર્સિટી તથા ગૌશાળા બનાવવાનું પણ ડીડમાં ગોઠવ્યું. કારણ મુનશીજી જાણતા હતા કે ભારતીય મંદિરોમાં માત્ર મૂર્તિપૂજા કરીને જ સંતોષ માનવામાં ન આવતો. આ મંદિરોનાં વિશાળ સંકુલોમાં તો મહાવિદ્યાલયો ચાલતાં, જ્યાં વિદ્યાદાન ઉપરાંત સંગીત, નૃત્ય, ચિત્ર, નાટક વગેરે વિવિધ લલિતકલાઓની પાઠશાળાઓ ચાલતી. વિરાટ ગ્રંથાગારોમાં દેશવિદેશની અધ્યાત્મવિદ્યાના પુસ્તકભંડારો બનાવાતા. હિંદુને મન માત્ર એક જાનવર ન રહેતાં જે ગાયમાતા તેની જુગજૂની માતૃ બની હિંદુઓની ખેતી, ઉદ્યોગ, આરોગ્ય, પવિત્રતા, પમરાવતી હતી તેના સુયોગ્ય પાલન માટે ગૌશાળાઓ પણ આ સંકુલોમાં જ બંધાવાતી. ૧૯૪૯ના અંત સુધીમાં તો ટ્રસ્ટને ૨૫ લાખ રૂપિયાનાં માતબર દાનો મળી ગયાં. અને ટ્રસ્ટ પ્રમુખ સાહેબે વિદેશોમાં નિમાયેલા ભારતના રાજદૂતોને પત્ર લખ્યો કે, 'પરંપરા મુજબ ભગવાન શંકરની પ્રાણપ્રતિષ્ઠાના પુનિત પ્રસંગે પુરાણી પરંપરા સાચવવા દરેક રાજદૂત તે દેશની મૂઠી માટી, જળ અને નાનકડો છોડ મોકલે...'

અને નાસ્તિક નેહરુની સરકારમાં ત્યારે કેટલાક હિંદુદ્વેષીઓને આ મંદિરની પુનર્રચનાનો વિરોધ કરવાનો મોકો મળી ગયો. આવાં ધાર્મિક કાર્યોમાં સેક્યુલર ભારત સરકાર કે સૌરાષ્ટ્ર સરકારે આર્થિક કે અન્ય સહકાર અપાય જ નહિ તેવો હોબાળો મચાવી પંડિત નેહરુ પાસે ફરિયાદ કરી. અને નાસ્તિક નેહરુએ તરત મુનશીને ધધડાવ્યા અને પત્ર પણ લખ્યો. ૨૪મી એપ્રિલ ૧૯૫૧ના રોજ મુનશીએ પંડિત નેહરુને લાંબો જવાબ પાઠવ્યો. આ પત્ર એક ઐતિહાસિક દસ્તાવેજ છે, અને તે આખો પત્ર ખંડ-૩માં ઉતાર્યો છે. આપણે તો મુનશીએ નેહરુને જે રોકડું પરખાવ્યું તેટલા પૂરતી જ નોંધ લઈએ. '...ગઈ કાલે કૅબિનેટ મીટિંગમાં તમે હિંદુ રિવાઈવલિઝમનો મુદ્દો ઉઠાવ્યો. તમારા મુદ્દાઓનો હું જેટલો આદર કરું છું, તેટલો જ આદર તમારે અમારા મુદ્દાઓનો કરવો જોઈએ... મને ખબર છે કે મિસ્ટર



વી.પી. મેનન



ગોપાલસ્વામી આયંગર



ડૉ. રાજેન્દ્રપ્રસાદ



ડૉ. આંબેડકર

પણીકરે તમને ભડકાવ્યા છે... આપણા ભવ્ય ભૂતકાળે મને આજના ભારતમાં શ્રદ્ધા પ્રગટાવી છે. અને ભૂતકાળની સરાહના કરીને જ આપણે ઉજ્જ્વળ ભવિષ્ય સાધી શકીશું... જે સ્વાતંત્ર્યને નામે ભગવદ્‌ગીતાનું અપમાન થાય કે દેશના કરોડો લોકોના શ્રદ્ધાસ્થાન સમાં દેવમંદિરોની અવગણના થાય તે સ્વાતંત્ર્ય જ નથી. તેથી તો આપણું જનજીવન બરબાદ થઈ જશે. મારે મન તો સોમનાથ મંદિરની પુનર્રચના અને તેમાં ભગવાન શંકરની પુનઃ પ્રતિષ્ઠા એક આજીવન સ્વપ્નધ્યેય રહ્યું છે. અને આ મંદિર જ આપણી પ્રજાના દિલમાં વિશુદ્ધ ધર્મના પાલન માટે જોઈતું વીરત્વ પ્રગટાવશે તેમ હું દૃઢપણે માનું છું. કારણ તે જ પરમ સત્ય છે...' નેહરુ આ પત્રનો જવાબ આપી શક્યા નહિ, પરંતુ ગૃહમંત્રાલયના વી.પી. મેનનને લખ્યું, 'મેં તમારો પત્ર વાંચ્યો છે. તે માસ્ટરપીસ છે. હું તો તમારી જેમ જ એ પત્રમાં દર્શાવેલ વિચારો માટે જીવું છું. અને તેમાં લખેલ શ્રદ્ધા માટે મરવા પણ તૈયાર છું...'

મુનશીના વડીલ ભાઈ સમા સરદારની ગેરહાજરી રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે સાલવા ન દીધી. ૧૧મી નવેમ્બર ૧૯૫૧ના વિજય દિને રાજેન્દ્રબાબુએ નેહરુની ઐસીતૈસી કરી ભગવાન શંકરની પ્રાણપ્રતિષ્ઠા સોમનાથ આવી વિશાળ ધર્મપ્રિય મેદની સમક્ષ કરી. મુનશીએ સોમનાથ મંદિરની પુનર્રચનાનું સ્થાપત્ય કાર્ય સોંપ્યું હતું મારા પાલીતાણાના પડોશી પ્રભાશંકર સોમપુરાને.

૧૯૪૭ના ઑગસ્ટમાં દેશ સ્વતંત્ર તો થયો, પરંતુ શાણાં લોકોને ચિંતા હતી કે આ સ્વાતંત્ર્ય ક્યાંક સ્વચ્છંદતામાં સરી પડી દેશની બરબાદી ન કરે! અને આમાં નેહરુ, સરદાર, ગોવિંદવલ્લભ પંતની સાથે મુનશી, સર ગોપાલસ્વામી આયંગર, ડૉ.આંબેડકર જેવા વિચક્ષણ દેશભક્તો અગ્રણીઓ હતા. એટલે દેશની પ્રજા ને સરકાર લેખિત બંધારણથી બંધાયેલી રહે અને નાગરિકોના પાયાના અધિકારો પર ગમે તેવી જોરદાર સરકાર પણ તરાપ ન મારે તેવી સ્વતંત્ર સ્વચ્છ અદાલતો પણ જોઈએ. અને પાર્લમેન્ટ, સરકાર, ન્યાયતંત્ર આ બધાંનાં કાર્યક્ષેત્રો, અધિકારો, ફરજો સ્પષ્ટ અને નિશ્ચિતરૂપે બંધારણમાં લખાયેલાં હોવાં જોઈએ. આ બધું દીર્ઘ દૃષ્ટિ અને ન્યાયી રીતે પાર પાડવા આઝાદ હિંદની સરકારે સર્વપ્રથમ તો બંધારણસભા સ્થાપી. અને તેમાં સૌથી વધુ સક્રિય અને વિદ્વાન સભ્યો હતા મુનશી સર ગોપાલસ્વામી, સર અલ્લાદી, કે.ટી. શાહ, હુમાયુ કબીર, ડી.આર. ગાડગીલ અને ડૉ. આંબેડકર. બંધારણસભામાં અન્ય ડઝનબંધ સભ્યો હતા અને સહુ પોતે જે વર્ગમાંના હતા તેના હક્કો માટે લડતા હતા. પરંતુ સરદાર, મુનશી, આયંગરને મન તો દેશની એકતા, અખંડિતતા અને સ્વતંત્રતા સચવાય તેવું બંધારણ રચાય તે જ મુખ્ય વાત હતી.

બંધારણસભાએ લગભગ દસબાર ઉપસમિતિઓ રચી. નિયમ સમિતિ,સ્ટીયરિંગ કમિટી, જ્યૂડિશિઅરી કમિટી, એડવાઈઝરી કમિટી, ફન્ડામેન્ટલ રાઈટ્સ કમિટી, લઘુમતિ કમિટી, રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારના અધિકારોની વહેંચણી સમિતિ વગેરે. એક માત્ર મુનશી એવી વ્યક્તિ હતી કે જેને બધી સમિતિઓએ પોતાના સભ્ય બનાવ્યા. આમ, સમગ્ર બંધારણની પૂર્ણ પરિકલ્પના તથા તેનું વ્યવસ્થિત ઘડતર ઘડવામાં મુનશીનો ફાળો પાયાનો ને સર્વગ્રાહી રહ્યો. તેમાં જ્યારે જ્યારે નેહરુ, સરદાર, આંબેડકર, ક્રિપલાણી વગેરેના વિચારો એકબીજા સાથે ટકરાતા ત્યારે તેમાંથી રસ્તો શોધી બધા રાજી થાય તેવી બંધારણીય કલમ ઘડવાનું કામ સહુ મુનશીને જ સોંપતા. આ કરવામાં મુનશીના ગાઢ મિત્રો ને સહકાર્યકરો ગોપાલસ્વામી આયંગર અને અલ્લાદી આયર એટલા રત રહેતા કે સરદાર પટેલ મજાકમાં તેમને એલેકઝાંડર ડુમાની વિખ્યાત નવલકથા 'થ્રી મસ્કિટિઅર્સ'નાં મુખ્ય પાત્રો ગણાવી રમૂજ માણતા. આ ત્રણ વિચક્ષણ વિદ્વાનો અને શુદ્ધ દેશપ્રેમીઓને કારણે રાષ્ટ્રભાષા, લઘુમતિના અધિકારો, ગર્વનરોની નિયુક્તિ, રાષ્ટ્રપતિની ચૂંટણી, અદાલતો તથા

પાર્લમેન્ટ અને સરકારના અધિકારોની યોગ્ય વહેંચણી વગેરે જટિલ પ્રશ્નો ઊકલતા ગયા અને ભારતને ઇંગ્લંડના અલિખિત બંધારણ તથા અમેરિકાના લેખિત બંધારણ કરતાં પણ વધુ લોકશાહી-સંવર્ધક અને સ્પષ્ટ, સ્વચ્છ, બંધારણ મળ્યું.

આવું અપ્રતિમ બંધારણનું માળખું તૈયાર કરવાથી આરંભી તેના હાડ, ચામ, જીવ પૂરનારા મુનશી, આયંગર જેવા વિરલાઓની રોજેરોજની વીગતો વાંચવી હોય તેમણે મુનશીની ૭૦મી જન્મજયંતી પ્રસંગે પ્રસિદ્ધ થયેલ 'મુનશી હિઝ આર્ટ એન્ડ વર્ક : ફિફ્ટી યર્સ ઑવ્ પોલિટિક્સ' વાંચવી જોઈએ.

મુનશી જેવા બંધારણ ઘડવાના ભગીરથ કાર્યમાંથી થોડાક નવરા પડ્યા કે તરત જ તેમની સેવાઓ લેવા તેમને કેન્દ્રીય મંત્રીમંડળમાં લેવા માટે સરદાર પટેલ અને રાજેન્દ્રબાબુએ આગ્રહ સેવ્યો. પરંતુ હૈદરાબાદના વિજયપ્રસ્થાનથી અને સોમનાથ મંદિરના પુનરોદ્ધારથી મુનશી પંડિત નેહરુની નજરમાં ઊતરી ગયા હતા. બીજા નેહરુને હાજી હા કરનારા તેજોદ્વેષીઓનો પણ તોટો ન હતો. પરંતુ મુનશીની સાવ અવગણના કરવી અશક્ય લાગવાથી નેહરુએ તેમને અનિચ્છાએ કેબિનેટમાં તો નિમ્યા પણ એવાં બે ખાતાં સોંપ્યાં જે બીજા કોઈ લેવા તૈયાર નહોતા થતા. તે હતાં ફૂડ મિનિટસ્ટ્રી અને ઍગ્રિકલ્ચર મિનિસ્ટ્રી. દિલ્હી દરબારમાં એવી ચર્ચા જાગતી રહેતી કે જેને પોતાની રાજકીય કારકિર્દી કઠોડે ચડાવવી હોય તેમણે આ ખાતાના મંત્રી બનવું. છતાં મુનશીએ તો આ બંને ખાતાં પડકાર તરીકે સ્વીકારી લીધાં ફેબ્રુઆરી ૧૯૫૦માં. અને ૨૮ મહિના સુધી તે મંત્રી રહ્યા - મે, ૧૯૫૨ સુધી. તે દરમિયાન તેમણે એટલી જબરદસ્ત કાર્યસિદ્ધિઓ દેખાડી દીધી કે તેજોદ્વેષીઓ મોંમાં આંગળાં નાંખી ગયા. ને નેહરુએ તેમને ચાલુ રહેવા આગ્રહ કર્યો. પરંતુ આ બે-અઢી વર્ષના ગાળામાં જ મુનશીએ જોઈ લીધું કે ગાંધીજી અને સરદારના અવસાન પછી નેહરુ સરકારનો સમસ્ત ઝોક ડાબેરી બની ગયેલ. 'સમાજવાદી ભાતની સમાજરચના'ના રૂપાળા નામ હેઠળ નેહરુ નર્યા માર્ક્સવાદ, જડબેસલાક સરકારી નિયંત્રણવાદ અને એકહથ્થુ સત્તાવાદને રસ્તે જઈ રહ્યા હતા. અને ધીરે ધીરે જેમ ગાંધીજીના સહકાર્યકરો સ્ટેજ પરથી ખસતા ગયા તેમ તેમ નેહરુ હા જી હા કરનાર ડાબેરીઓમાંથી કેન્દ્ર સરકારની ભરતી કરતા હતા. એટલે ૧૯૫૨ની પ્રથમ લોકસભાની ચૂંટણીમાં મુનશી ઊભા જ ન રહ્યા અને મે, ૧૯૫૨માં મંત્રીપદ સ્વેચ્છાએ છોડી દીધું.

છતાં જે ૨૮ મહિના તેમણે આ ખાતાંઓનો હવાલો સંભાળ્યો તે દરમિયાન તેમણે પ્રજાસેવાનાં પાયાનાં કાર્યો પાર કરી દેખાડ્યાં. બે જુદાં મંત્રાલયો ફૂડ અને ઍગ્રિકલ્ચરની પેંધી પડેલી નોકરશાહી એકબીજાને પૂરક બનાવેને બદલે આડખીલી રૂપ બની કોઈ કામ થવા દેતી નહિ. ૧૯૪૩થી ગ્રો મોર ફૂડ - અનાજ વધુ ઉગાડોની જાહેરાતો બ્રિટિશ અમલથી ચાલતી હતી, પણ પરિણામ શૂન્ય હતું. મુનશીએ બંને ખાતાંના સર્વોચ્ચ સેક્રેટરીઓ અને અન્ય ખાતાંઓનાં મુખિયાઓ સહિતની પોતાના પ્રમુખપણા નીચે સંકલનસમિતિ બનાવી અને આ સમિતિના નિર્ણયોનો અમલ થાય છે કે નહિ તેની રોજેરોજ પોતે તપાસ કરવા લાગ્યા. નોકરશાહી સામે બાથ ભીડી મામલો બીચકાવવા કરતાં તેમાં જે કામઢા અમલદારો હતા તેની સાથે વ્યક્તિગત ઘરોબો કેળવી કામ કરવા માંડ્યા. પ્રથમ પડકાર હતો ૧૯૫૦-૫૧માં બિહારમાં પડેલ ભયંકર દુષ્કાળ. ૧૯૪૩ના બંગાળના દુષ્કાળની દુઃખદાયક કહાણી ફરી ન ભજવાય તે માટે મુનશીએ નેહરુ અને નાણાંમંત્રી સી.ડી. દેશમુખને મનાવી લાખ્ખો અનાજ વિદેશમાંથી ખરીદ્યું. ત્યારે બરોબર કોરિયન યુદ્ધ ફાટી નીકળ્યું. એટલે સ્ટીમરો મળતી લગભગ બંધ થઈ ગઈ. તો બર્મા, અમેરિકા, ઑસ્ટ્રેલિયા, કેનેડાને સમજાવી-પટાવી અનાજ ભરેલી સ્ટીમરો કલકત્તા-મુંબઈની ગોદીઓમાં ફટાફટ લાવ્યાં. અને બિહાર બચી જતાં રાજેન્દ્રબાબુ તો રાજીના રેડ થઈ ગયા. પરંતુ પરદેશમાંથી અનાજ લાવીને આવડા મોટા દેશની ભૂખ ન ભંગાય, તેમ કહી મુનશીએ અનાજની પેદાવારી વધારવા જુદી જુદી આડેધડ કામ કરતી સંશોધન સંસ્થાઓ, સરકારી ખતાંઓ વચ્ચે સુમેળ કરાવ્યો. નવાં બિયારણ લાવ્યાં. ઉગાડ્યાં. કૂવા-વાવ-તળાવ ખોદાવ્યાં. ખેતી માટે પાણીના સ્ત્રોત ઊભા કર્યા. ખાતર મંગાવ્યું. દેશી ખાતર પૂરતું મળી રહે તે માટે તેની સાચવણી-વહેંચણીની વ્યવસ્થા કરી. અને આ માટે તેમણે કેન્દ્રીય મંત્રીમંડળને કાનમાં ખીલા ઠોકી સમજાવ્યું કે ગાયમાતાનું પાલન અને સંવર્ધન કરીએ તો જ આપણો ખેડૂત ઊંચો આવે, દૃષ્ટિ વિકસે, અને સ્વયંનિર્ભર બને. સારાં વાછરું જનમાવ્યાં. પરદેશથી સારા ધણખૂંટ મંગાવ્યા. પાંજરાપોળોને બદલે સારી ચોખ્ખી વ્યવસ્થિત ગૌશાળાઓ સ્થપાવી અને ગોવંશની વૃદ્ધિ અને સાચવણીના પાયાના પાઠ શીખવ્યા.

પાકિસ્તાન-વેસ્ટ અને ઇસ્ટ થતાં બે ભારતીય મુખ્ય ઉદ્યોગો રૂ અને શણને મોટો માર પડ્યો. રૂ ઉગાડતા ઘણા વિસ્તારો પશ્ચિમ પાકિસ્તાનમાં જતા રહ્યા અને સૂતર-કાપડની મિલો ભારતમાં રહી ગઈ. તેવી જ રીતે શણ ઊગતું હતું પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ)માં અને મિલો હતી પશ્ચિમ બાંગ્લાદેશમાં. એટલે જરૂરપૂરતું રૂ તથા શણ ભારતમાં જ ઉગાડવા માટે લાંબાગાળાની યોજનાઓ તૈયાર કરી. તેના અમલીકરણના ઉપાયો હાથમાં લીધા. પરંતુ આથીય વધુ જટિલ પ્રશ્ન થયો ખાંડનો. શેરડી તો ભારતમાં પુષ્કળ ઊગતી હતી. પરંતુ તેમાંથી મોટે ભાગે ગોળ-ખાંડસારીમાં વપરાતી અને બાકીની સુકાઈને બળતણ રૂપે વપરાઈ જતી. ખેડૂતોને શેરડીના ભાવ મળતા નહિ. અને ખાંડની મિલોવાળા તેની રકમ પણ દબાવી બેસી જતા; કારણ ખાંડની મીલોની કાર્યદક્ષતા એટલી ઓછી હતી અને

બધા પ્રકારનો બગાડ એટલો વધારે હતો કે શેરડીમાંથી ખાંડના ઉત્પાદનના ટકા આખી દુનિયામાં ભારતમાં સૌથી ઓછા હતા. શરૂમાં તો ખાંડની આયાત કરવા સિવાય ઉપાય ન હતો. પણ પછીથી ખાંડની મિલો નફાકારક બને તે માટે મુનશીએ નવી યોજના અમલમાં મૂકી. મિલોનાં પૂરા ઉત્પાદન પરથી ભાવનિયંત્રણ હઠાવી લીધું. બદલીમાં ઉત્પાદનની અરધાથી ઓછી ખાંડ મિલોએ સરકારને બાંધેલા ભાવે આપવી. અને તેની નુકસાની અરધાથી વધુ ઉત્પાદનની ખાંડને બજારભાવે વેચી સરભર કરી યોગ્ય નફો કરવો તેવી બેવડાભાવની નીતિ અમલમાં મૂકી. ૧૯૫૧-૫૨માં મુકાયેલી આવી ચતુરાઈભરી નીતિ આજ સુધી ભારતમાં ચાલે છે. ત્યારે ૯ લાખ ટનના ખાંડ-ઉત્પાદન સામે અત્યારે ૧૪૦ લાખ ટનથી વધુ ખાંડ બને છે. ખેડૂતોને કવીન્ટલે પાંચથી છ રૂપિયા શેરડીના ભાવ મળતા તે અત્યારે ૧૪૦ થી ૧૫૦ રૂપિયા મળે છે. આમ, ખેડૂતો, મિલો તથા આમજનતા સહુ રાજી રહે અને દેશમાં જોઈએ તેથી વધુ ખાંડ બનતી થાય તેવી બુદ્ધિપૂર્વકની આ નીતિના મૂળ ઘડવૈયા મુનશી જ હતા.

આવું જ એક ક્રાન્તિકારી આંદોલન મુનશીએ ૧૯૫૧થી શરૂ કર્યું હતું. તેનું સરસ નામ આપ્યું, 'વનમહોત્સવ'. આર્યસંસ્કૃતિના ઉદ્‌ગાતા આપણા પૂર્વજો તો પ્રકૃતિથી જ પર્યાવરણવાદીઓ હતા. આર્યસંસ્કૃતિ તો ઊછરી હતી સરિતા-તટે અને લીલાં વનોમાં. તેના પૂજક મુનશીએ હાકલ કરી, 'ચાલો આપણે સહુ પણ કવિકુલગુરુ કાલિદાસની જેમ 'આષાઢસ્ય પ્રથમ દિવસે' મેઘરાજાનું આહ્‌વાન કરીએ. અને મેઘરાજા રિસાઈને વરસે નહિ માટે ચાલો દર વરસે જુલાઈના પ્રથમ સપ્તાહમાં વૃક્ષો વાવીએ - માત્ર રસ્તા પર કે મેદાનોમાં જ નહિ, ઘેરઘેર, ફળિયે ફળિયે. માત્ર ગામડામાં જ નહિ, શહેરોમાં પણ. અને આ પવિત્ર આંદોલનને મહોત્સવ બનાવી મહાલીએ, જેથી મેઘરાજા દર વરસે નિયમિત આવે ને મન મૂકીને વરસે. વેદવાણીના વરદાનરૂપ ધન, ધાન્ય, ભરા આપણી ધરતી સુફલામ્, સુજલામ્ બને.'' આજે પણ આર્યસંસ્કૃતિના એવા જ પૂજક મહાન કર્મયોગી સંત પાંડુરંગ શાસ્ત્રીના અનુયાયીઓએ આ વનમહોત્સવના આંદોલનને ચરિતાર્થ કરી ગુજરાત-મહારાષ્ટ્રને લીલી નાઘેર જેવા બનાવવાનો મહાપુરુષાર્થ આદર્યો છે. અન્ય ભાષણિયા પર્યાવરણવાદીઓ પોતાની મોટરોના પેટ્રોલના ધુમાડાથી પર્યાવરણને પ્રદૂષિત કરતા રહી પોતાના એરકન્ડિશન્ડ નિવાસોમાંથી નિવેદનો બહાર પાડ્યાં કરશે તેથી શેક્યો પાપડ ભાંગવાનો નથી. આ તો પ્રજાસમૂહનો સ્વયંભૂ શ્રમયજ્ઞ છે. અને તેને યજ્ઞસ્વરૂપે જ પ્રેમભક્તિથી પૂજીએ તો પર્યાવરણની વિશુદ્ધિ હાથવેંતમાં છે, બાકી શબ્દોનાં ફીફાં ખાંડવાનાં છે.

(ક્રમશઃ)

અનુસંધાન] પાળિયા [પૃ. ૩૯થી

પુરાવસ્તુ અને પુરાતત્ત્વનું જ્ઞાન માત્ર પ્રાચીન માનવોએ વાપરેલી તમામ પારિભોગિક સામગ્રીની શોધપૂરતું મર્યાદિત નથી. આ શોધ તો પુરાતત્ત્વની શરૂઆતમાત્ર છે. એ શરૂઆત પછી તેના પ્રાપ્તિસ્થાનની સ્તરરચનાની પરીક્ષા કરવી પડે છે. તેની બહિરંગ અને અંતરંગ કસોટી કરવી પડે છે.

પુરાતત્ત્વને અતીત સાથે સંબંધ છે. અને પાળિયા અતીતનાં જ પ્રતીક છે. અતીત એ પુરાતત્ત્વનો મુખ્ય વિષય છે. કોઈ પણ પુરાવશેષ અમુક વર્ષ પ્રાચીન છે એમ કહી દેવાથી એના અભ્યાસને પૂર્ણવિરામ મૂકી શકાતું નથી. તેથી જે તે પુરાવશેષોનાં તમામ પાસાંનાં અભ્યાસસંશોધન કરીને પછી જ ચોક્કસ કથન થઈ શકે છે. આમ, પાળિયાને પુરાતત્ત્વની પારિભોગિક સામગ્રી ગણીએ તો તેના સંદર્ભમાં કેટલાંક પાસાંનાં અભ્યાસસંશોધન અનિવાર્ય ગણાય, જેમાં પાળિયાનું ભૌગોલિક સ્થાન, તેના પદાર્થ, ઊભો કરવાનો હેતુ, ઉત્કીર્ણ લેખ, તેની ભાષા અને લિપિ, ધાર્મિક ચિહ્ન, આકૃતિઓ, માનવ આકૃતિના પહેરવેશ, પદ્ધતિ કે પશુસ્વાર, વસ્ત્રાભૂષણો, આયુધો, ઉપકરણો ઐતિહાસિક સમય, લોકકથાઓ વગેરેનો અભ્યાસ કરી, તેનો અન્ય આધારભૂત ગ્રંથો સાથે સંદર્ભ તપાસી પાળિયાની પ્રામાણિકતા સિદ્ધ કરી શકાય. આ પ્રકારે પાળિયાઓનાં અભ્યાસસંશોધન એ પુરાતત્ત્વ માટે અતિ ઉપયોગી પારિભોગિક સામગ્રી પૂરી પાડે તે નિઃસંદેહ છે.

આદિમકાલીન સંસ્કૃતિઓ વિશેની સામગ્રી પણ આ પાળિયાઓ દ્વારા મેળવી શકાય છે. આદિવાસીઓએ ઊભા કરેલા પાળિયા કે ખાંભીઓનાં અભ્યાસ-સંશોધન પરથી આદિમજાતિઓની સંસ્કૃતિ, સંસ્કાર, રીતરિવાજ, ધર્મ-સંપ્રદાયો, શિલ્પકલા અંગેની વિપુલ સામગ્રી પુરાતન સંસ્કૃતિના વણ- ઉકેલ્યા અંકોડાને જોડવામાં પૂરક બની શકે. ભારતમાં કેટલાક વિદ્વાનો આદિવાસીઓના પથ્થરના પાળિયા મૂકવાની પ્રાચીન પ્રણાલિકા તરફ આકર્ષાયા અને તે દ્વારા એમની સમાજવ્યવસ્થાને સમજવાનો પ્રયત્ન કરેલો જોવા મળે છે. આમાં ખાસ કરીને ફર્ગ્યુસન (૧૮૭૨)ને ગણનાપાત્ર ગણાવી શકાય. તે પછી વ્હીલરે (૧૯૪૭), કૃષ્ણ સ્વામી (૧૯૫૬) અને ડૉ. રખાલચંદ્ર બૅનરજીએ ભારત સરકારના પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગ (ASI) તરફથી આ પ્રકારના એકાદ પાસા ઉપર કેટલુંક સંશોધનકાર્ય તેમના વિષયના સંદર્ભમાં કરેલું જોવા મળે છે. ભારતના આદિવાસીઓના માનવશાસ્ત્રીય દૃષ્ટિએ અભ્યાસ કરનારાઓમાં શ્રી દાસ અને શ્રી ચૅટરજી (૧૯૨૭), પ્રા. ડી.એન. મજુમદારે (૧૯૫૦) હો જાતિ ઉપર, ડૉ. એલ્વીને બોન્ડો (૧૯૫૦) અને સવર જાતિ (૧૯૫૫)પર સંશોધનકાર્ય કરેલું છે. જ્યારે ગુજરાતમાં ડૉ. વાય.વી.એસ. નાથે (૧૯૬૦) કરેલા રતનમાલના ભીલોના અભ્યાસમાં ધાર્મિક જીવનની ચર્ચામાં કેટલોક ઉલ્લેખ આવે છે. ડૉ. ટી.બી. નાયકે (૧૯૬૦) રાજપીપળાના ભીલોમાં, શ્રી પી.જી. શાહે દુબળા જાતિના અભ્યાસમાં અને શ્રી પી.સી. દવેએ ગરાસિયા આદિવાસીઓના પ્રજાતીય અભ્યાસોમાં તે પાસા ઉપર કેટલાક ઉલ્લેખો કરેલા જોવા મળે છે. □

પ્રતિનિધિ

મૂ.લે. મંજુલિકા ગંગોપાધ્યાય   અનુવાદ : કલ્પના વોરા

બારણાં પરની ઘંટડી વગાડતા નોકર સતીશને બદલે બિનિતાએ બારણું ખોલ્યું. અનિરુદ્ધ સેનને સહેજ નવાઈ લાગી. પરંતુ એ કંઈ બોલ્યો નહિ. એ પોતાના રૂમમાં જઈને કપડાં બદલવા લાગ્યો.

બિનિતાના મનમાં એમ હતું કે અનિરુદ્ધ સેન કંઈક બોલશે. એનું જીવન કેમ જાણે દૂધમાં લીંબુનાં ટીપાં નાખતાં દૂધ જેમ છોતાંપાણી થઈ જાય તેમ એમનાં મન પાણીમાં જુદાં જુદાં તરતાં હતાં.

મુંબઈમાં મે મહિનાની ગરમી અસહ્ય ગણાય છે. હાથ-મોં ધોઈને અનિરુદ્ધ સેન પશ્ચિમ તરફના વરંડામાં ખુરશી ખેંચીને બેઠો. તેણે વિચાર્યું : મે મહિનો ગમે એટલો ગરમ કેમ ન હોય, સમુદ્ર તરફના આ વરંડામાં બેસવાથી સારું લાગશે. તેણે આંખો સામે છાપું ખોલીને મૂક્યું. સવારે તો એટલી બધી ધાઈધાઈ હોય કે છાપું ધ્યાન દઈને વાંચી શકાય નહીં, જો કે વાંચવાની ધીરજ અત્યારે પણ મનમાં નહોતી. એ ફક્ત અક્ષરો પર આંખ ફેરવતો હતો. એમ કરતાં એની આંખો, એક જગ્યાએ આવીને ઠરી, 'નશાનું ખરાબ પરિણામ.' આજે જ શ્રી સાનેએ અચકાતા અચકાતા કહ્યું હતું - 'તું કંઈ મનમાં લાવતો નહીં, ટોની ખૂબ સારા પ્રમાણમાં શરાબનો નશો કરે છે.'

વાત સાંભળતાં અનિરુદ્ધના મનમાં થયું, જાણે કોઈએ એના ગાલ પર જોરથી થપ્પડ મારી દીધી. છતાં સ્વાભાવિક રહેવાનો દેખાવ કરતો એ બોલ્યો, 'જુઓ ને, મારાથી ઘરમાં કેટલો વખત રહી શકાય ને તે ઉપરાંત શ્રીમતી સેન પણ જવાબદારીભર્યું બહારનું કામ કરે છે. એમને પણ સમય.....'

'ના...એટલે એમ છે કે ટોની મારા દીકરાના વર્ગમાં જ ભણતો હતો ને તેથી તમને સહેજ વાત કરી. કશું મનમાં ન લાવતા...'

'અરે, હું મનમાં લાવું જ શા માટે? તમે તો ભલા માટે જ કહો છો ને?'

આ ઘટના પછી આખીય સવાર કેમ જાણે મન તીખાશ મારી ગયું હતું. દિવસ નમતા અનિરુદ્ધ આ બધુંય બીજી વાતોમાં ભૂલી ગયો હતો. પરંતુ આ વાત બિનિતાને શી રીતે કહેવી? અરે, ઘરમાં આવ્યા પછી બિનિતા સાથે નાની સરખી કોઈ વાત પણ થઈ નહોતી. કાંઈક બોલવાની જરૂર હતી, પણ શું બોલવું?

સતીશે આવીને પૂછ્યું, 'મેમસાહેબ પૂછે છે તમે અત્યારે કેક ખાશો?'

ખાવાની ઇચ્છા ન હતી છતાં કાંઈક વાત કરવાની તક મળે તેથી જ અનિરુદ્ધે કહ્યું, 'ભલે, કેક આપવાનું કહે.'

અનિરુદ્ધ વરંડામાંથી જોઈ રહ્યો હતો કે બિનિતા ડાઇનિંગ ટેબર પર ચાનો સામાન, કેક વગેરે ગોઠવતી હતી. પહેલાં તો હંમેશાં સતીશ ચા આપી જતો હતો. રજાને દિવસે પણ બિનિતાને કંઈ ને કંઈ કામ રહેતું. એક અંગ્રેજી દૈનિકમાં તે સહતંત્રી હતી.

'અનિ, ચાલ ખાવાનું તૈયાર છે.'

છાપું આઘું ઠેલીને અનિરુદ્ધ સેન ઊઠી ગયો. ડાઇનિંગ ટેબલ પર બેસતાં બેસતાં બોલ્યો, 'શું હકીકત છે આજે? આટલી બધી ધાઈધાઈ શાની છે?'

'થોડુંક કામ પૂરું કરીને શ્રી સહાયને કહીને વહેલી વહેલી આવી ગઈ છું.'

કેક કાપીને ચમચામાં ભરી ચમચાવાળો હાથ બિનિતાએ અનિરુદ્ધ તરફ ધરતા એ ચમચો લઈ બેધ્યાનપણે ખાતોખાતો મનમાં વિચારવા લાગ્યો, ટોનીની વાત શી રીતે કરવી?

'કેક કેવી છે?'

'સારી છે. ક્યાંની છે?'

બિનિતા શરમાતાં શરમાતાં બોલી. 'ઘરની છે. મેં જ બનાવી છે.'

'વાહ, ત્યારે તો ખૂબ સારું. વારુ, તું કહેતી હતી ને કે આજે તને શરીરે ઠીક નથી....'

'એ તો એક બહાનું હતું. હું કેક બનાવવા માટે જ વહેલી આવી ગઈ.'

'કોઈ મહેમાન આવવાનું છે કે શું?'

'ના, ના, કોઈ નથી આવવાનું. કહો જોઉં, આજે કઈ તારીખ છે?'

'વીસમી મે. ઓહ! અચ્છા, મારી વર્ષગાંઠ છે. ખરું ને?'

બરાબર આજ મોકાએ ટોનીની વાત કહેવાય ખરી?

ફરીથી બધું ચૂપચાપ. કોઈ કાંઈ ન બોલે.

બિનિતાએ વિચાર્યું, અમારાં બંને વચ્ચે શું થયું છે આજ? ખુલ્લા મનથી વાત જાણે થતી નથી ને છતાં આ જ અનિરુદ્ધ કેવો હસમુખો, રમૂજી હતો વિદેશમાં, કહો જોઉં? બંગાળી સમાજમાં એ 'જોલી' નામથી પ્રસિદ્ધ હતો.

બંગાળી ગાયનની મજલિસમાં ગાયનો સાંભળવા ગઈ ત્યારે બિનિતાને એની સાથે ઓળખાણ થઈ. એ વખતે બિનિતાની માનસિક હાલત બિલકુલ સારી ન હતી. હેન્રિ સાથે એ જ દિવસે મોટો ઝગડો થયો હતો. બિનિતાએ ધમકી આપી હતી, 'હું તને સહેલાઈથી છોડવાની નથી.' ઉદ્ધતાઈભર્યું હસતા હેન્રિએ કહ્યું હતું, 'તું મને શું કરી શકવાની છે? શું પુરાવો છે તારી પાસે ? વધારે કાંઈ કરવા જશે તો તને જ ભારે...'

સાચે જ, કોઈ પુરાવો નહોતો. દિલ્હીના કાળીમાતાના મંદિરમાં હિન્દુ વિધિથી લગ્ન થયાં હતાં. હિંદુ વિધિથી એટલે કે એકબીજાનાં ગળામાં હાર બદલીને ઘરમાંથી વડીલોની

સંમતિ ન મળતાં છાનાંમાનાં લગ્ન કર્યાં હતાં. હેન્રિ ફોટો પડાવવા ઇચ્છતો હતો, ફોટો પડાવ્યો પણ હતો, પણ એ બધું હેન્રિ પાસે હતું. હેન્રિ બે વર્ષનો કૉન્ટ્રાક્ટ કરીને દિલ્હી યુનિવર્સિટીમાં લેકચરર તરીકે આવ્યો હતો. જતી વખતે કહ્યું હતું, 'હું તને લઈ જવાનો પ્રબંધ કરીશ.'

બિનિતાએ એની વાત ઉપર ભરોસો રાખ્યો. એણે ફક્ત એટલું જ કહ્યું હતું, 'જો તું બે મહિના પછી ગયો હોત તો બાળકને પણ જોઈને ગયો હોત.'

બિનિતાની પીઠ થાબડીને હેન્રિએ કહ્યું, 'તો શું થઈ ગયું? પ્લેનમાંથી જ્યારે ઊતરીશ ત્યારે માતા અને પુત્રને એક સાથે જ હું જોઈ શકીશ.'

પરંતુ એણે ગયા પછી એક કાગળની ચબરખી સરખી પણ લખી નહોતી. ટૉનીનો જન્મ થયો. બિનિતાએ પણ મનમાં જીદ કરી કે પોતે ત્યાં જશે. આ પાર કે પેલે પાર- કાંઈક કર્યા પછી જ જંપીને બેસશે. શિક્ષિત માણસ આટલો બધો જુઠ્ઠો! એણે કંઈ કર્યું નહીં, કરી શકી નહીં. ઊલટાનું હેન્રિએ એને પોલીસને હવાલે કરી દેવાનો ડર બતાવ્યો.

અનિરુદ્ધે એને ઉદાસ ભાવે બેઠેલી જોઈને પૂછ્યું, 'શું હકીકત છે? સાક્ષાત્ રસભંગ થયો હોય એ રીતે આમ ઉદાસ ચહેરે શા માટે બેઠી છે? હસવાનું શીખ, પેટ ભરીને હસ.'

'એમ હસવાનું કહેતાં જ કાંઈ થોડું જ હસી શકાય? મન મૂડમાં હોય - મોજમાં હોય તો જ હસાય.'

'આટલી નાની ઉંમરમાં મનને વળી શું થયું? આ મારો જ દાખલો લે ને, હું જ્યારે કહે ત્યારે હસું, વાતો કરું, નાચું, ગાઉં, જે કહે તે કરી શકું.'

અનિરુદ્ધની વાત કહેવાની ઢબ પર બિનિતા હસ્યા વગર રહી શકી નહીં. બીજી વાર મળી, ફરી વાર હસી. ત્યાર પછી એકબીજાંનું મિલન વધતું ચાલ્યું. જોતજોતામાં બિનિતાના વતનમાં મુલાકાતો વધતી ગઈ. પાછા ફરવાનો સમય આવી પહોંચ્યો ત્યારે એક દિવસ અનિરુદ્ધ બોલ્યો, 'બિનિ, તને છોડીને હું જીવી શકું તેમ નથી.'

'પરંતુ મને તો છોડવી જ પડશે.'

'જો હું તારી સાથે લગ્ન કરું તો?'

'ના બાબા, હવે લગ્ન નથી કરવાં.'

હસતાં હસતાં અનિરુદ્ધ બોલ્યો, 'ડર નહીં, આ વખતે લગ્નનું સર્ટિફિકેટ તારી પાસે જ રહેશે.'

બિનિતા શરમાઈ ગઈ ને બોલી, 'ના, એ કારણે નહીં. ટૉનીના કારણે હું ના પાડું છું.'

'એને કારણે તો લગ્ન કરવાં વધુ જરૂરી છે. એ મોટો થઈને પોતાની ઓળખાણ શી રીતે આપશે? હેન્રિ તો કબૂલ કરશે નહીં. ટૉનીનો વિચાર કરતાં તારાં લગ્ન થાય એ વધારે ઉચિત છે.'

બિનિતા મનમાં ને મનમાં ઘણી દુર્બળ થઈ ગઈ હતી. તેથી અનિરુદ્ધને નિરાશ ન કરી શકી. એણે લગ્ન કર્યાં. વતનમાં પાછાં ફર્યાં. ટૉની જ્યારે નાનો હતો ત્યારે એમનું જીવન આવું ઉચક મનવાળું નહોતું. હેન્રિ એના મનમાંથી ઘણા દિવસ પહેલાં જ વિસરાઈ ગયો હતો. પરંતુ એનો પ્રતિનિધિ (ટૉની) એમની વચ્ચે ધીરેધીરે દીવાલ ખડી કરી રહ્યો હતો. અનિરુદ્ધને સ્વાભાવિકપણે સ્વીકારી શકતો નહોતો તેથી અનિરુદ્ધ પણ સહજ થઈ શક્યો નહીં. બિનિતાએ જોયું કે એક રમૂજી માણસ કેટલો ગંભીર થઈ ગયો હતો! આ બધા માટે બિનિતા પોતાને જ જવાબદાર માનતી હતી.

અનિરુદ્ધે ટૉનીની વાત બિનિતાને કહેવાનો મનસૂબો કર્યો; પરંતુ કહી ન શક્યો. બિનિતાની હાલત વિચારીને એના મનમાં દયા ઊપજી. બિચારી મનના યુદ્ધથી થાકી ગઈ હતી. એક તરફ પુત્ર હતો, બીજી તરફ હૃદય હતું. ટૉની મોટો થયો. બધું સમજવા લાગ્યો. ટૉની સમજી ગયો કે એ અણગમતો પ્રતિનિધિ હતો. તેથી બધું ભૂલી જવા ઇચ્છતો હતો.

ઘણી વાર ચૂપ રહ્યાં પછી બિનિતા બોલી, 'અનિ, તું શું કાંઈક વિચારમાં પડી ગયો છે?'

'ના, હું ધારું છું કે તું કાંઈક વિચારમાં પડી ગઈ છે.' □

ઈતિહાસધારા

અશોક હર્ષ

મુગલ સમ્રાટ અકબર પછી ઈ. ૧૬૦૫માં દિલ્હીની ગાદીએ આવેલા જહાંગીરે તેની તખ્તનશીનીનાં છ વર્ષ બાદ નૂરજહાંના પતિ શેર અફઘાનની હત્યા કરાવી તેની સાથે લગ્ન કર્યાનું ઇતિહાસમાં ભણાવવામાં આવે છે, પરંતુ તેમાં કેટલું તથ્ય છે?

અત્યંત ફૂટડો ને પરાક્રમી શેર અફઘાન ઈરાનના શાહી



ખજાનાનો રક્ષક હતો. ઈરાનમાં બળવો થતાં તે એ દેશ છોડી હિન્દુસ્તાન આવી ગયો અને લશ્કરમાં જોડાઈ ગયો. તેના પરાક્રમ પર મુગ્ધ આ અકબરે મહેરુન્નિસા સાથે તેની શાદી કરી તેને ઢાકાનો સૂબેદાર નીમ્યો. એનું મૂળ નામ તો અલી કુલી હતું, 'શેર અફઘાન' તો જહાંગીરે તેને આપેલો ખિતાબ હતો. ઉદેપુરની લડાઈમાં બંને સાથે હતા ત્યારે શેર અફઘાને તલવારથી સિંહને મારી નાખતાં જહાંગીરે આ ખિતાબ તેને આપેલો. જો જહાંગીર મહેરુન્નિસા અથવા નૂરજહાંને હાથ કરવા માગતો હોય તો તેની તખ્તનશીનીનાં છ વરસ સુધી અને શેર અફઘાનની હત્યા પછી ચાર વર્ષ સુધી રાહ જોવાનું શું પ્રયોજન?

શેર અફઘાને બંગાળમાં બળવો ઉઠાવતાં જહાંગીરે કુત્બુદ્દીનખાનને બંગાળનો સૂબેદાર નીમીને બળવાની તપાસ માટે મોકલ્યો. કુત્બુદ્દીને તેને મળવા બોલાવતાં તે એકાંતમાં મળવાની શરતે તેને મળવા આવ્યો - કપડાં નીચે બખ્તર તથા ખંજર છુપાવીને વાતચીત દરમિયાન એકાએક તે ખંજર ખેંચી કુત્બુદ્દીન પર તૂટી પડ્યો ને તેની હત્યા કરી. એ સાથે જ



કુત્બુબુદ્દીનના ચોકીદાર ખાન કશ્મીરીએ શેર અફઘાન પર તૂટી પડી તેને પૂરો કર્યો. આ હત્યા પ્રકરણમાં જહાંગીર દોષિત હોવાનો ક્યાંય કશો ઐતિહાસિક પુરાવો નથી મળતો.

જહાંગીરે ઈ. ૧૬૧૧માં મહેરુન્નિસા સાથે લગ્ન કરી તેને 'નૂરજહાં'નું બિરુદ આપેલું. એનો પિતા ગ્યાસ-બેગ ઈરાનનો રહીશ હતો. ઈરાનથી હિજરત કરી હિન્દુસ્તાન આવ્યા બાદ અકબરે તેને સારો હોદ્દો આપવા સાથે 'એતેમાદુદ્દૌલા'નો ખિતાબ પણ આપેલો.

જહાંગીર નૂરજહાં સાથે પરણ્યો ત્યારે તેની ઉંમર ૪૨ વર્ષની હતી, જ્યારે નૂરજહાંની ૩૪ વર્ષની. શેર અફઘાનની હત્યા પછી તેની વિધવા મહેરુન્નિસા અને પુત્રી લાડલીબેગમને દિલ્હી શાહી મહેલમાં લાવી તેમને અકબરની વિધવા સલીમાબેગમની દેખભાળ નીચે મૂકવામાં આવેલી. જહાંગીરે મહેરુન્નિસાને પહેલવહેલી નવરોજી ઉત્સવ દરમિયાન જોઈ અને એના સૌન્દર્યથી અંજાઈ જઈ એને મેળવવા તલપાપડ બની ગયો. આજે લગભગ ચારસો વર્ષ વીતવા આવ્યાં છતાં શેર અફઘાનની હત્યાને લગતો વિવાદ ચાલુ જ છે.

*

અકબર જેને પોતાની સગી મા સમાન ગણતો એ એની ધાવ માહમ અનગા વિષે બહુ ઓછું લખાયું છે. ગાદીએ



આવ્યા પછી તેણે માહમ અનગા અને તેના પુત્ર અધમખાંને સારી પેઠે નવાજેલા. અકબરની માનીતી માહમ અનગાએ અકબરના પ્રધાન મંત્રી બહેરામખાન સામે કાનભંભેરણી શરૂ કરતાં જ બહેરામખાન મક્કાની હજે ઊપડી જવા ગુજરાતની જૂની રાજધાની પાટણ આવતાં ત્યાં મુબારકખાં લોહાતીના હાથે માર્યો ગયો.

માહમ અનગાના માર્ગમાંનો કાંટો આમ દૂર થતાં રાજ્યભરમાં તેના નામના ડંકા વાગવા લાગ્યા. તેની નજર માળવા પર મંડાઈ હતી, એટલે ત્યાંના સુલતાન બાજબહાદુરને હટાવી પોતાના પુત્ર અધમખાંને ત્યાંનો સૂબેદાર બનાવવા માગતી હતી. બાજબહાદુર (રાણી રૂપમતીનો પ્રેમી) સામે અધમખાં માળવા પર ચડી આવતાં તેના સામનામાં બાજબહાદુર માર્યો ગયો. રાણી રૂપમતીને હાથ કરવા અધમખાં રાજમહેલમાં પ્રવેશ્યો તે પહેલાં રૂપમતી વિષપાન કરી મરી પરવારી હતી.

માળવામાં અધમખાંએ વર્તાવેલા કેરની વાતો અકબરના કાને આવતાં તેણે માળવા પર બીજા સૂબાની નિમણૂક કરતાં અધમખાં આગ્રા પહોંચ્યો. ત્યાં અકબરના શયનખંડ પર ખુલ્લી તલવારે ધસી જતાં ત્યાંના પહેરેદારે દરવાજો વાસી દીધો, પણ કોલાહલથી જાગી ઊઠેલો અકબર એ સાથે જ ખુલ્લી તલવારે બહાર ધસી આવ્યો. અકબરે અધમખાંના મોં પર લગાવેલા મુક્કાએ તે તમ્મર ખાઈ નીચે પડતાં અકબરે તેના હાથપગ બંધાવી દઈ મહેલ પરથી નીચે ફેંકાવી દેતાં અધમખાંની ખોપરી તૂટી જઈ તે મૃત્યુ પામ્યો.

માહમ અનગા તેના પુત્રના શોકમાં જ થોડા દિવસમાં અવસાન પામી. માદીકરા બંનેની કબરો કુતુબમિનાર નજીક 'ભૂલભૂલૈયાં' નામે ઓળખાતા મકબરામાં આજે મોજૂદ છે. □

અડકો દડકો

(કિશોરકથા)

મન્નૂ

શ્રદ્ધા ત્રિવેદી

એની મા ગોમતીએ તો એનું નામ મનહર પાડેલું. પણ સૌ એને 'મન્નૂ' કહીને જ બોલાવતા. તે નાનો હતો ત્યાં જ મા તો મૃત્યુ પામી. પિતા શું કરે? પિતા દુકાને જઈ નોકરી કરે કે આવડા નાના છોકરાને સાચવે? એટલે તે ફરી પરણ્યા. મન્નૂની નવી મા હીરા દેખાવે તો સારી હતી. પણ વાતે વાતે ગુસ્સે થઈ જતી. તેને રસોઈ કરવી બહુ ગમે નહીં. એ રસોઈ કરતી હોય ને મન્નૂ રડે તો તે જોરથી ચૂંટી ભરતી. ને પછી મન્નૂને ઘોડિયામાં નાખી દેતી. હીબકાં ભરતો ભરતો મન્નૂ મોંમાં અંગૂઠો નાખી સૂઈ જતો. લગભગ રોજ સાંજનો આ ક્રમ હતો. ગોમતી હતી ત્યારની વાત જુદી હતી. તે વખતે તો મન્નૂ જરાક જ રડે કે ગોમતી તેને અગાસીમાં લઈ જતી. મન્નૂ તરત જ છાનો રહી જતો. ઊડતાં પંખીને જોતો ને હસવા માંડતો. તેને અગાસીમાં ખૂબ ગમતું. તે કિલકિલાટ કરી મૂકતો. પંખીની જેમ હાથ હલાવતો. આથી ઘણી વાર તો ગોમતી તે રડે તે પહેલાં જ તેને ઉપર લઈ જતી. પણ... નવી માને આવી કંઈ ઓછી ખબર પડે? ધીમે ધીમે મન્નૂ જાતે જ પગથિયાં ચઢી ઉપર જતો. તો ય નવી મા ખિજાતી. તે માર ખાઈનેય જતો.

થોડા વખત પછી હીરા પણ એક દીકરાની મા બની. દીકરાનું નામ રાખ્યું ગોપાલ. વહાલમાં તે 'ગોપુ' કહેતી. ગોપુની સાથે રમવામાંય મન્નૂને મજા પડતી. પણ હીરાનું ધ્યાન માત્ર ગોપુમાં



મન્નૂએ સ્લેટમાં દોરેલું ચિત્ર

જ રહેતું. ગોપુ આવ્યો તે પહેલાં તો મન્નૂ જો કપડાં ગંદાં કરી શેરીમાંથી આવતો ત્યારે હીરા લઢતી : 'આવ્યો કુંવર! આ કપડાં કોણ ધોશે?' ને પછી બબડતી બબડતી તે મન્નૂનાં કપડાં બદલાવતી. પણ ગોપુ આવ્યો પછી વાત બદલાઈ. ઘણી વાર મન્નૂ ગંદાં કપડાં પહેરી જ ઊંઘી જતો.

મન્નૂ સાત વર્ષનો થયો ને તેને નિશાળે મૂક્યો. મન્નૂને મૂકવા-લેવા કોણ જાય? બાપુ તો સવારના દુકાને જતા રહે! એકબે દહાડા તો હીરા ગઈ. પછી તો મન્નૂ તેના એક ભાઈબંધ સાથે જ જતો-આવતો. નિશાળમાં ચિત્રોવાળી ચોપડીઓ જોતો. સ્લેટમાં લીટા કરતો. ઘેર આવતાંય તે મંદિરને ઓટલે બેસતો. મંદિર પાસેના વડને જોતો. પંખીને જોતો. આકાશને જોતો. ખુશ થતો. સ્લેટમાં તે એવું બધું દોરવા મથતો.

નિશાળમાં ભણતો. પણ વધુ સમય તે ચિતરામણ જ કરતો. સાહેબ તો જોઈ રહેતા. એક વાર મન્નૂએ ચિત્ર દોર્યું કે સાહેબ તો જોતાં જ રહી ગયા. ચિત્રમાં એક ઝાડ હતું. ઝાડનાં પાંદડાંઓનો આકાર તારાઓ જેવો હતો. ઝાડ પર કેરી પણ લટકે ને સફરજન પણ લટકે. ચૉકલેટ પણ ખરી ને ચોપડી પણ ખરી.



ચિત્રકામ કરતો મન્નૂ - જોઈ રહેલા માસ્તર

ચોપડી પણ ચિત્રવાળી અને નાનકડી. તેની પર ઊડતો હોય તેવો એક છોકરો. એ છોકરાને બે હાથ પણ ખરા ને બે પાંખ પણ ખરી. ઝાડ પરથી તે કેરી, સફરજન વગેરે તોડે. બે હાથથી તોડી નીચે ફેંકે. ઝાડ નીચે બેત્રણ છોકરાઓ ઊભેલા. ઝાડ પાસે ગાય પણ ઊભેલી ને ગધેડુંય ખરું, કૂતરોય ખરો. ઝાડ પરનો છોકરો બધાંને કંઈક આપે. દૂર આકાશમાં સૂર્ય દોરેલો. સૂર્યય પાછો આંખ-કાન-નાક-વાળો. તેના દરેક કિરણના રંગો જુદા જુદા. તેનાં થોડાંક કિરણો પેલા છોકરાના માથે ને પાંખ પર સીધાં અડકેલાં હોય. સૂરજની આંખમાં આંસું.

સાહેબ તો ચિત્ર જોતાં જ રહ્યા, જોતાં રહ્યા. પૂછે : 'મન્નૂ, આ ઊડતો છોકરો કોણ?' મન્નૂ કહે : 'સાહેબ, હું છું. મને પાંખ મળે તો હું આમ બધાંને ખવડાવું.. ને મને આવું કરતો જોઈ સૂરજદાદા જરૂર ખુશ થાય. ને માના હાથની જેમ તેમના કિરણ મારે માથે ફેરવે. ખરુંને સાહેબ?'

સાહેબે એના માથે વહાલથી હાથ ફેરવ્યો. મન્નૂ વાદળ ને પંખી, ઝાડ-પાન-નદી બધું સરસ દોરતો. એમ સમય પસાર થતો રહ્યો.

પહેલાં બે ધોરણમાં તો તે પાસ થયો. પણ ત્રીજા ધોરણમાં નાપાસ થયો. હીરાના ગુસ્સાનો પાર ના રહ્યો. તેના બાપુનેય ચિંતા થઈ. હીરાએ કહી દીધું : 'મન્નૂને હવે નિશાળે મૂકવાની જરૂર

નથી. ગોપુને જુઓ! કેવો સરસ એકડો લખે છે!' પિતાને દુઃખ થયું. પણ શું કરે? મન્નૂ તો રોજ બપોરે ઘેરથી નિશાળે જાય જ. સાહેબ તેને ભણવા સમજાવે ને સાથે કંઈક ને કંઈક દોરાવે. ધીમે ધીમે સાહેબે તેને કાગળમાં દોરતો કર્યો. ઘણી વાર સાહેબને નવાઈ લાગતી, 'મન્નૂ! આ તને કેવી રીતે સૂઝે છે?' તે વાદળમાં આંખ દોરતો ને કહેતો : 'ભગવાન આપણને જુએ છે. મારી મા પણ મને જુએ છે. આપણી આંખમાંથી આંસુ વહે તેમ વાદળની આંખમાંથી વરસાદ વરસે છે.' -સાહેબની આંખ પણ ભીની ભીની થઈ ગઈ. થોડી વારે કહે : 'મન્નૂ! તું સાચે જ મોટો ચિત્રકાર થઈશ. તારે માટે હવે હું રંગપેટી લાવીશ. ચિત્રપોથી લાવીશ. તું ચિત્રો દોર્યા જ કરજે, હોં!' મન્નૂને થયું : 'સાહેબ લાવી દે તે ઠીક ના કહેવાય. કોઈનું લાવીને આપેલું માને ના ગમે. એક વાર બાપુએ જ નહોતું કહ્યું : તારી માને એક વાર પાડોશી મંછાકાકીએ સાલ્લો આપ્યો. માએ તે પાછો આપેલો. ફાટલો સાલ્લો પોતે પહેરશે પણ કોઈનું આપેલું નહિ પહેરે. પોતે એક વાર જીદ કરેલી ત્યારે બાપુએ આ વાત કહેલી. આજે તેને થયું, જો મને સાહેબ રંગપેટી લાવી દે તો માને આકાશમાંય ના ગમે. હું આ માટે બાપુને જ કહીશ. બાપુ મને જરૂર લાવી દેશે. તેણે તેના બાપુને કહ્યું : 'મને થોડા પૈસા આપોને ! મારે રંગપેટી ને ચિત્રપોથી લાવવી છે.' હીરાએ આ સાંભળ્યું. 'ના, એવા ખોટા ખર્ચા નહીં પોસાય. આવા વંઠેલ ડફોળ છોકરા પાછળ પૈસા ખરચવાની જરૂર નથી. એના કરતાં ઘી લાવો. મારા ગોપુને સુખડી બહુ ભાવે છે.' તે દિવસે મન્નૂ અગાસીએ જઈને ખૂબ રડ્યો. તેના બાપુ તે વખતે કશું ના બોલ્યા. પણ બીજા થોડા પૈસા આપ્યા. મન્નૂ સાહેબ પાસે ગયો. તેમાંથી રંગપેટી અને ચિત્રપોથી લીધાં. પછી તો રોજ તે નિશાળે જતો. ભણવા નહીં પણ સાહેબ કહે તેવાં ચિત્રો દોરવાં. હીરાને બપોરે બજારમાંથી કંઈ લાવવું-મૂકવું હોય ત્યારે તે મન્નૂને બૂમ પાડતી. પણ મન્નૂ ઘરમાં હોય તો બોલેને! તેણે પતિને ફરિયાદ કરી : 'મન્નૂ માત્ર ખાવા જ ઘેર આવે છે. આખો દહાડો કોણ જાણે ક્યાં રખડ્યા કરે છે? રખડેલ. બાપનું નામ બોળશે નામ...' પણ મન્નૂના બાપુ કશું ના બોલતા.

એક દિવસની વાત છે. ગોપુની સ્લેટ તૂટી ગઈ હતી. હીરાએ મન્નૂને સ્લેટ લેવા મોકલ્યો. મન્નૂ બજારમાં ગયો. ત્યાં તેણે મદારીનો ખેલ જોયો. મદારી મકનિયાને જે રીતે નચાવતો હતો તે જોવાની તેને ખૂબ મઝા આવી. તે પણ લોકોની વચ્ચે જઈ ઊભો રહી જોવા લાગ્યો. સ્લેટની વાત જ ભૂલી ગયો. એમ અડધો કલાક ખેલ જોવામાં કાઢ્યો. પછી મદારી અને મકનિયાનું ચિત્ર દોરવાનું તેને મન થયું. ચિત્રપોથી ને રંગપેટી તે સાહેબ પાસે રાખતો. એટલે ત્યાંથી તરત ગયો તે નિશાળ. સાહેબ પાસેથી કાગળ-પેન્સિલને રંગ માગ્યાં. સાહેબે આપ્યા. ને નિશાળને ઓટલે જ તે ચિત્ર દોરવા બેસી ગયો. એમ કરતાં છેક સાંજ પડી. તેને ભાન જ ના રહ્યું. શાળા છૂટી. સાહેબ ઘેર જવાના સમયે તેની પાસે આવ્યા. તે ચિત્રમાં મશગૂલ હતો. સાહેબ ચિત્ર જોઈ ખૂબ ખુશ થયા. પેન્સિલથી આખું ચિત્ર તૈયાર થઈ ગયું હતું. રંગ પૂરવાના બાકી હતા. સાહેબે કહ્યું, 'મન્નૂ, લાવ કાગળ બાકીનું કાલે કરજે.' મન્નૂને તો કશી ખબર જ નહોતી રહી. 'અરે, સાંજ પડી ગઈ! લો. હું હવે કાલે આવીશ હોં સાહેબ!' કહી તે ઘેર ગયો.

જેવો તે ઘેર પહોંચ્યો કે હીરા દરવાજામાં જ ઊભી હતી. જેવો મન્નૂને તેણે જોયો કે તે ઊકળી ઊઠી : 'હરામખોર! સ્લેટ લેવા ગયો હતો તે લાવ્યો? ના. રખડેલ! જા, હવે તારું મોં ના બતાવતો.'

મન્નૂ સ્થિર થઈ ગયો. અરે! પોતે તો આ વાત જ ભૂલી ગયો હતો? હવે? ત્યાં તેણે બાપુને આવતા જોયા. તે દોડતો બાપુને વળગી પડ્યો. તે રાતે તે ભૂખ્યો જ સૂઈ ગયો.

બીજે દિવસેય હીરાએ એને કંઈ ન પૂછ્યું. ન ખાવા કહ્યું. એટલે તે ખાધા વગર જ સાહેબ પાસે ગયો. અધુરું ચિત્ર પૂરું કરવા બેઠો. સાહેબે પૂછ્યું : 'મન્નૂ શું તારી તબિયત સારી નથી? તારું મોં કેમ આવું ઢીલું લાગે છે?'

મન્નૂ રડી પડ્યો : 'સાહેબ, હું ભણતો નથીને તેથી મા ખૂબ વઢે છે. કહે છે જા મજૂરી કર. કમાઈશ કેવી રીતે?' સાહેબ : 'મન્નૂ, તું ચિંતા ના કર. તું ભણતો નથી એ વાત સાચી. પણ તું ચિત્રકામ કેવું સરસ કરે છે? જો, આ એક કંપનીની જાહેરાત આવી છે. તું ત્યાં જા. તારી સાથે હું પણ આવીશ. તેઓ કહે તેવાં ચિત્રો દોરવાનાં. ચિત્ર પ્રમાણે તને એ લોકો મહેનતાણું આપશે. ને જો, આ મદારીવાળું ચિત્ર આજે પૂરું કરી દે. એક હરીફાઈ છે એમાં મોકલીશું.' (ક્રમશઃ)


(રેખાંકનો : દેવકાન્ત વિશ્વકર્મા)

'કુમાર'નું લવાજમ આ માસથી રૂ. ૧૫૦/- થાય છે. વિગત માટે જુઓ પૃ. ૩૭૩

કલાવાર્તા

રમેશ ઠાકરની પૉર્ટ્રેટકલા

થોડા વખત પહેલાં અમદાવાદની રવિશંકર રાવળ આર્ટ ગૅલરીમાં ચિત્રકાર રમેશભાઈ ઠાકરનાં પૉર્ટ્રેટ્સ, સ્કેચ, કુદરતી



દશ્યો તેમજ તસવીરોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. તેમણે અત્યાર સુધીમાં સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરુ, લાલબહાદુર શાસ્ત્રી, મહાત્મા ગાંધી, સી.કે. નાયડુ, સર વિન્સ્ટન ચર્ચિલ, લૉર્ડ ક્લેમેન્ટ એટલી, ડૉન બ્રેડમેન, એલન બોર્ડર, સર રિચાર્ડ હેડલી, ડૉ. શંકર દયાળ શર્મા, અટલબિહારી વાજપેયી, અમૃતા પ્રીતમ, રાજકપૂર, દિલીપકુમાર અને




પૃથ્વીરાજ કપૂર

નરગીસ એમ દેશવિદેશની વિવિધ ક્ષેત્રોની સુપ્રસિદ્ધ અને લોકપ્રિય વ્યક્તિઓનાં પૉર્ટ્રેટ્સ તૈયાર કર્યાં છે.

તેમણે બનાવેલા જવાહરલાલ નેહરુના પૉર્ટ્રેટમાં ચહેરા પરની કરચલીઓ અને તેમની ખાદીની ટોપીના તાણાવાણા સુધ્ધાં સ્પષ્ટ દેખાઈ આવે છે. ખુદ જવાહરલાલ નેહરુએ આ પૉર્ટ્રેટ જોયું ત્યારે એને તસવીર માની બેઠા હતા! આ જ બાબત સિદ્ધ કરે છે કે એમનાં પૉર્ટ્રેટ અને વાસ્તવિકતા વચ્ચે કેટલો ગાઢ સંબંધ છે!

૧૭ વર્ષની વયે તેમણે ચિત્રકળાક્ષેત્રે પહેલું ડગલું માંડ્યું. ૧૯૪૮માં અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં અમેરિકાના જાણીતા પત્રકાર અને લેખક લૂઈ ફિશર આવ્યા હતા. રમેશભાઈને નાનપણથી ઑટોગ્રાફ ભેગા કરવાનો ખૂબ શોખ



અશોકકુમાર



નરગીસ


હતો. ૬૦ થી ૭૦ બાળકોની ભીડમાં તેમણે જ્યારે ઑટોગ્રાફ માગ્યો ત્યારે ફિશર 'સમય નથી' કહીને ત્યાંથી ચાલતા થયા, પરંતુ ત્યાં ઉપસ્થિત જાણીતા કાર્ટૂનિસ્ટ બંસીલાલ વર્મા 'ચકોર'ને એમણે



ડૉ. એસ. રાધાકિષ્નન્




સરદાર વલ્લભભાઈ પટેલ



જવાહરલાલ નેહરુ



લાલ બહાદુર શાસ્ત્રી



રવીન્દ્રનાથ ટાગોર




સર વિન્સ્ટન ચર્ચિલ

તરત ઑટોગ્રાફ આપી દીધો. કારણ માત્ર એટલું જ કે એમના સ્કેચથી ફિશર પરિચિત હતા. આ જોઈને રમેશભાઈએ વિચાર્યું કે, 'આ કોઈ વ્યક્તિની નહીં, પણ કલાની જીત છે.' ફિશર બંસીલાલને જાણતા નહોતા પણ એમનાં ચિત્રોથી પરિચિત હતા. એ જ ક્ષણે રમેશભાઈને થયું : 'મને પણ જો સ્કેચ કરતાં આવડતું હોત તો આજે મને ઑટોગ્રાફ આપવાની ના ન પાડત.' ક્યારેક કોઈની ઉપેક્ષા કે તિરસ્કાર જ માનવીને કંઈક બનવાની, કશુંક કરી દેખાડવાની પ્રેરણા અને બળ આપે છે. અહીં પણ આવું જ કંઈક બન્યું.

બીજા જ દિવસે તેઓ રવિશંકર રાવળ પાસે ગયા અને સ્કેચ શીખવવાની વિનંતી કરી. એમનું માર્ગદર્શન મેળવ્યા પછી રમેશભાઈએ સતત પ્રૅક્ટિસ ચાલુ રાખી અને 'અનુભવ મહાન શિક્ષક છે' એ ઉક્તિને એમણે સાર્થક કરી બતાવી. એમણે કોઈ સ્કૂલ કે કૉલેજમાં ચિત્રની સઘન તાલીમ લીધી નથી. બસ, પ્રૅક્ટિસ કરતા ગયા અને એમની કલા નીખરતી ગઈ.

પોતાની જિંદગીનાં ૫૦ વર્ષ ચિત્રકલાને સમર્પિત કરનારા રમેશભાઈ ખરા અર્થમાં કલાના પૂજારી છે. માત્ર પ્રસિદ્ધિ કે પૈસા ખાતર કલા પ્રત્યે આકર્ષાતા યુવાનોને જોઈને તેઓ વ્યથા અનુભવે છે. તેઓ કહે છે : 'આજકાલના યુવાન ચિત્રકારોમાં ધીરજ નથી અને એટલે જ તેમનાં ચિત્રો અધૂરાં લાગે છે. મૉડર્ન આર્ટ હોય કે બીજું કાંઈ, એને ફિનિશિંગ સુધી લઈ જવું પડે છે. જેનું પૉર્ટ્રેટ તૈયાર કરવાનું હોય તે એટલું પૂર્ણ હોવું જોઈએ કે નવી પેઢીને એ પૉર્ટ્રેટ પરથી જે તે મહાનુભાવનો યોગ્ય પરિચય મળે. 'ચશ્માં પહેરાવો કે ધોતિયું પહેરાવો એટલે ગાંધીજીનું ચિત્ર નથી બની જતું.' આવા નખશિખ સજ્જન અને સ્વપુરુષાર્થથી પૉર્ટ્રેટકલામાં ઊંચું શિખર સિદ્ધ કરનાર રમેશભાઈ હજુ પણ ચિત્રકલાની સાધનામાં સક્રિય છે. - પ્રણોતિ મિસ્ત્રી



મૌલાના અબુલ કલામ આઝાદ



ઇન્દિરા ગાંધી

વિરાગ જાખડની ચિત્રકલા

શ્રી વિરાગ જાખડનાં ચિત્રો કુદરત તથા મકાનો અને માનવ આકૃતિઓને




મનમોહક રીતે રજૂ કરે છે. બહુધા તે એક-ચશ્મીય છે. છતાં તે પાર્શ્વ-ભૂમિકામાંથી ખૂબ જ સુદૃઢપણે ઉદ્ભવ પામી બહાર આવે છે. આ આકૃતિઓ આપણને અમૃતા શેરગીલ તથા પ્રભા અત્રેની ચિત્રિત આકૃતિઓની યાદ આપે છે, છતાં તેમની રજૂઆતમાં તેમની નિજી દૃષ્ટિનાં, સુંદર સંયોજનનાં દર્શન થાય છે. રંગોમાં અને પોતોમાં વૈવિધ્ય છે. રંગોની સંવાદિતા પણ તેઓ સર્જે છે. વળી, માટીના રંગો જેવી અસર પણ તેઓ તેમના રંગોના આયોજનમાં ઊભી કરી શક્યા છે. તેમના રંગો તેજસ્વી હોવા છતાં ભડક નથી, તેમાં માધુર્ય છે. ટપકાં વડે ચિત્રો સર્જવાની પદ્ધતિથી

તેઓ ચિત્રો સર્જે છે. ત્યારે ઘણી વાર સદ્ગત મહાન ચિત્રકાર અને શિક્ષક બેન્દ્રે સાહેબની યાદ આવે છે. તેમનું બ્રશવર્ક સુંદર અને આકર્ષક છે.

એમનાં ચિત્રોમાં પ્રાકૃતિક સૌંદર્ય ઝળકે છે. ફૂલો વેચનારી, માટલાં વેચનારી સ્ત્રીઓ પ્રાકૃતિક કે તળસ્થળના રંગો સાથેનું



સ્ત્રીઓના (માતા-બાળક) સમૂહની સંરચના



ફૂલ વેચનારી ત્રણ સ્ત્રીઓ



વૃક્ષ નીચે માટલાં વેચનારી બે સ્ત્રીઓ



લાકડીના ટેકે ઊભેલો ભરવાડ

વાતાવરણ લઈને રજૂ જાય છે. આ ચિત્રોની સૃષ્ટિ રંગદર્શી લાગે છે. તેમનું કુદરતનું, માનવ પ્રવૃત્તિઓનું, સ્થાપત્યનું નિરીક્ષણ પણ ચિત્ર- સર્જનમાં પ્રકટ થાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે કોઈ પણ પ્રકારના ફોટાઓની મદદ વિના કે ત્વરાલેખનો વિના કેવળ સ્મૃતિમાંથી તેમણે આવાં સુંદર રંગીન સર્જનો કર્યાં છે, જે આપણી પ્રશંસાને લાયક છે. તેમણે મુંબઈની જે.જે સ્કૂલ ઑવ્ આર્ટમાંથી બૅચલર ઑવ્ ફાઈન આર્ટ્સની ડિગ્રી 'ચિત્રકલા' વિષય સાથે પસાર કરી છે. તેમણે અત્યાર સુધીમાં તેમનાં ચિત્રોનાં નવ વન-મૅન પ્રદર્શનો કર્યાં છે. ખાસ તો જાણીતી આર્ટ ગૅલરી જહાંગીર, મુંબઈમાં તથા મદ્રાસની સકશી ગૅલરીમાં, અમરાવતીમાં તથા મુંબઈની અન્ય ગૅલરીઓમાં અને અમદાવાદની રવિશંકર રાવળ ગૅલરીમાં પ્રદર્શનો કર્યાં છે. તેમને ડ્રામેટિક્સમાં, અભિનયમાં, ઇન્ટીરિઅર ડિઝાઇનમાં તથા સાહિત્યસર્જનમાં પણ રસ છે. - બંસીલાલ દલાલ

પ્રસંગપરાગ

'પ્રસંગપરાગ'ની બીજી આવૃત્તિ બહાર પડી ગઈ છે. તેની એક નકલની કિંમત રૂ. ૧૫ + રવાનગી ખર્ચ રૂ. ૪ મળી રૂ. ૧૯ થાય છે. પરન્તુ વીસ કે તેથી વધુ નકલ લેનારને તે નકલદીઠ ૧૩ રૂપિયામાં મળશે. ટપાલ ખર્ચ મગાવનારે ભોગવવાનો રહેશે.

ગ્રૂપ શો '૯૯

સી.એન. કૉલેજ ઑવ્ ફાઈન આર્ટ્સના ચર કલાઅધ્યાપકો દ્વારા યોજાયેલા તેમનાં ડ્રૉઈંગ્સ અને ચિત્રોના પ્રદર્શનને 'ગ્રૂપ શો '૯૯'નું શીર્ષક આપવામાં આવ્યું છે. અમદાવાદની રવિશંકર રાવળ આર્ટ ગૅલરીમાં યોજાઈ ગયેલા આ પ્રદર્શનના કલાકારો હતા કાંતિભાઈ પંચાલ, (સી.એન.ના આચાર્ય) ભરત પંચાલ, બળદેવ પુરબિયા અને ભરત પટણી. સુખ્યાત કલાકાર પીરાજી સાગરાએ આ શોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ શો મુંબઈની જાણીતી જહાંગીર આર્ટ ગૅલરીમાં પણ યોજવામાં આવશે.

કાંતિભાઈ પંચાલનાં ચિત્રો ભારતીય ચિત્રશૈલીમાં સુશોભનાત્મક છે. તેમનાં ચિત્રોમાં તેમનું કલાકૌશલ, લલિત રેખાઓ પરનું પ્રભુત્વ, રાધા-કૃષ્ણ તથા ગોપીઓના સપાટ છતાં આકર્ષક આકારો, એકચશ્મીય ચહેરાઓમાં વર્તાતું એકસરખાપણું, અર્ધગોળાકારોની સવિશેષ હાજરી, અંક


(અનુસંધાન પૃ. ૪૨૪)


કાન્તિલાલ પંચાલ


ભરત પંચાલ


બળદેવ પુરબિયા


ભરત પટણી


ચિત્રકાર : કાન્તિલાલ પંચાલ


ચિત્રકાર : બળદેવ પુરબિયા


ચિત્રકાર : ભરત પંચાલ


ચિત્રકાર : ભરત પટણી

સાહિત્યસંપર્ક

ત.શિ. પિલ્લાઈનું નિધન

એપ્રિલ ૧૦, ૧૯૯૯ના રોજ મલયાલમ સાહિત્યના વરિષ્ઠ અને વયોવૃદ્ધ સર્જક તકાઝી શિવશંકર પિલ્લાઈનું ૮૭



વર્ષની વયે કેરાલાના તકાઝી ગામમાં અવસાન થતાં મલયાલમ સાહિત્યજગતમાં ભારે ખેદની લાગણી વ્યાપી વળી. લગભગ છ દાયકા સુધી એમણે સાહિત્યસર્જન કર્યું. એમણે ૩૯ નવલકથાઓ, ૧૦ લઘુ-નવલો, ૫૦૦ જેટલી ટૂંકી વાર્તાઓ, બે નાટક, એક પ્રવાસવર્ણન અને ચારેક આત્મકથાત્મક લખાણોથી માત્ર મલયાલમ સાહિત્યને જ નહિ ભારતીય સાહિત્યને પણ પ્રમુખ પ્રદાન કર્યું છે. ૧૯૫૮માં એમને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળેલો અને એ સન્માનિત નવલકથા 'ચેમ્મીન' તેની ભાષાના વાચકોમાં તેમજ અનુવાદ દ્વારા ભારતીય વાચકોમાં વધુ પ્રિય બની. ૧૯૬૪માં આ નવલકથા પરથી ચલચિત્ર પણ ઉતારવામાં આવેલું. ડૉ. વી.કે.એન. મેનને આ નવલકથાનો અંગ્રેજી અનુવાદ કર્યો તેથી તો તેઓ ભારત બહાર પણ જાણીતા બન્યા. ૧૯૮૫માં એમને જ્ઞાનપીઠ ઍવૉર્ડ પણ એનાયત થયો હતો. ૧૯૮૭માં એમણે એક જગ્યાએ કહેલું, 'મેં કેટલીક નવલકથાઓ આજીવિકાર્થે લખી છે. બધું જ મેં ગંભીરતાથી લખ્યું છે એવો હું દાવો કરતો નથી.' એમના આ નિખાલસ વિધાન પછી પણ એમના સાહિત્યના ઉત્તમાંશો સર્વસ્વીકૃત અને સર્વપુરસ્કૃત રહ્યા છે. એમની આરંભની નવલકથા-ઓમાં શ્રમજીવીઓ, ખેડૂતો અને અંત્યજોના જીવનને કેન્દ્રમાં રખાયું છે. સમાજના દલિતો-પીડિતો પ્રત્યેની અનુકમ્પા એમની આરંભની થોડી નવલકથાઓમાં જોવા મળે છે. પરન્તુ એમના પર મોટી અસર તો ફ્રેન્ચ પ્રકૃતિવાદીઓ અને રશિયન વાસ્તવવાદીઓની રહી છે. એમણે કાર્લ માર્ક્સ અને સિગ્મંડફ્રોઈડનો પ્રભાવ પણ ઝીલ્યો છે. આ બધી અસરોને કારણે આરંભમાં એમને લાગતું હતું કે પોતે પૂર્ણપણે પશ્ચિમી ઢબછબમાં રંગાઈ ગયા છે! આ પ્રભાવમાંથી પ્રયત્નપૂર્વક છૂટવાનો એમણે બળૂકો પ્રયાસ કરવો પડ્યો. અને ૧૯૮૫માં એમની નવલકથા 'કયર' પ્રકટ થઈ તેમાં ખાસ્સો એવો ભારતીય પ્રભાવ જોવા મળે છે. મહાભારત અને રામાયણ-ની કથાઓ એમણે કિશોરાવસ્થામાં પિતા પાસેથી સાંભળેલી તેનો પુનઃ અહીં પાકટ પ્રભાવ જોવા મળે છે.

ખેડૂત પિતાના આ પુત્રે જીવનનાં ઘણાં વર્ષો ભૌતિક સુખસમૃદ્ધિ પ્રાપ્ત કરવામાં ગાળ્યાં. એમનું સાહિત્યસર્જન પણ એક અર્થમાં ભૌતિક સમૃદ્ધિનું યશોભાગી બની રહ્યું. સામાન્ય જીવનવ્યવહારમાં અને સંસારચર્યામાં જીવી રહેલા મનુષ્યોની રોજ- બરોજની સરળ ભાષામાં એમણે ઉન્નત સાહિત્યિક શિખરો તાગવાનું મુનાસિબ માન્યું છે. આવા સત્ત્વશીલ અને મહત્ત્વશીલ સાહિત્યકારના નિધનથી મલયાલમ અને ભારતીય સાહિત્ય મોટી ખોટ અનુભવશે. - ધી.પ.

——— અવલોકન ———

કોઈ પણ સાહિત્યકૃતિના અનુવાદની પ્રથમ અને પરમ શરત એ છે કે તમારે મૂળમાંથી ઘણું જતું કરવું પડે. આમ, એમાં 'સમથિંગ લેસ', કંઈક ઊણા ઊતરવાપણું છે. પણ એ સાથે સ્ત્રોત-ભાષાની કૃતિને સારો ભાષાન્તરકાર તેની લક્ષ્ય ભાષામાં મૂકે છે ત્યારે તે લક્ષ્ય ભાષાનાં સૌંદર્યસમૃદ્ધિને પૂરેપૂરાં ખપમાં



લે છે ને એ રીતે લક્ષ્ય ભાષાની સંપદનો સમુચિત ઉપયોગ કરી સ્ત્રોત ભાષામાંથી લક્ષ્ય ભાષામાં ઉતારતી વેળાની ઊણપ-ઓછપને પૂરવાનો સન્નિષ્ઠ પ્રયાસ કરે છે ત્યારે 'સમથિંગ મોર' એમાં આસ્વાદ્ય છે. વળી, વિશેષતઃ કાવ્યકૃતિનો જ્યારે અનુવાદ કરવાનો હોય ત્યારે તો પરદેશી કુળની ભાષાના મૂળના છંદોલયને, જે કવિતાનો મહત્ત્વનો અંશ છે તેને, ત્યાગીને ઘણું ગુમાવવું પડતું હોય છે. સાંસ્કૃતિક સંદર્ભોની તત્સ્થલીયતા અને તત્કાલીનતા- નો મહિમા પણ ક્યારેક અળપાઈ જાય તેવુંયે બને. પણ અનુવાદની આવી બધી અનિવાર્ય મર્યાદાઓ છતાં વિશ્વસાહિત્યમાં ગતિ કરવા માટે અનુવાદ જ એકમાત્ર તારણતરી છે.

હમણાં શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાએ પ્રસિદ્ધ અમેરિકન વાર્તાકાર એડગર એલન પોની જાણીતી દીર્ઘકાવ્યકૃતિ 'ધ રેવન' (વન્ય કાગડો)નો લયાત્મક અનુવાદ આપ્યો છે તે ઉપર દર્શાવી તેવી મર્યાદાઓ સમેતનો એક આસ્વાદ્ય અનુવાદ બની રહ્યો છે. આધુનિકતાવાદની પાલખીમાં બિરાજનારાઓ અને તેને ઊંચકીને દેકારા કરનારાઓની પૂર્વે ચૂપચાપ આ કાવ્યના કવિએ એમાં આધુનિકતાનો અણસાર મૂકી દીધો છે. ૧૮ કડીઓમાં વહેંચાયેલા આ દીર્ઘકાવ્યનો બરાબર ૧૮ કડીઓમાં આપણી ભાષાની સોડમ સાથે શ્રી ટોપીવાળાએ આ અનુવાદ આપ્યો છે તેમાં કાવ્યના હાર્દને જરા પણ હાનિ થવા દીધી નથી. મૂળ કાવ્યની પ્રથમ

કડી આ પ્રમાણે છે :

Once upon a midnight dreary,
while I pondered, weak and weary,
Over many a quaint and curious
volume of forgotten lore
-While I nodded, nearly napping,
suddenly there came a tapping,
As of some one gently rapping,
rapping at my chamber door.
'T is some visitor', I muttered,
'tapping at my chamber door -
Only this and nothing more'

આનો અનુવાદ :

એકવાર સૂનમૂન મધરાતે થાકયો
હું વાંચું એકાન્તે
ભુલાયેલા પ્રાચીન ગ્રંથો ઊથલાવું, વારંવાર
ઝોકે ચઢી ખાધો જયાં પોરો તરત
બારણે થયો ટકોરો
આછો કોઈ થયો ટકોરો મારા ઘરને દ્વાર!
'હશે કોક આગંતુક' બબડું, મારા ઘરને દ્વાર!
એટલું જ બસ, બીજું કશું નહીં.

અહીં જોઈ શકાશે કે મૂળ કૃતિની પ્રાસયોજનાને જાળવવાનો અનુવાદકે પ્રતિજ્ઞાપૂર્વક પ્રયત્ન કર્યો છે એટલું જ નહિ, પરન્તુ પ્રત્યેક કડીની પંક્તિ સંખ્યા પણ જાળવી છે. આમ, કાવ્યના બાહ્ય ક્લેવરને અનુવાદમાં અકબંધ રાખવાનો સન્નિષ્ઠ પ્રયાસ તો થયો છે છતાં પણ મૂળના અંગ્રેજી શબ્દોના વર્ણસંગીતને તો કઈ રીતે આંબી શકાય? વળી, કાવ્યનું કથયિતવ્ય પણ લગભગ જળવાયું છે. એટલે કાવ્યના આંતરરૂપને ખાસ હાનિ પહોંચી નથી. આ 'છે' અને 'નથી' એ જ તો, આરંભે જણાવ્યું તેમ, પદ્યાનુવાદની અનિવાર્ય નિયતિ છે.

પોની આ કાવ્યકૃતિ વિશે સાનુકૂળ-પ્રતિકૂળ એવા બે પ્રતિભાવો પશ્ચિમી સાહિત્યજગતમાં પ્રવર્તે છે. અલબત્ત, પો પોતે આ કૃતિને પોતાની ઊંચી સર્જકતાની નીપજ ગણે છે. તેઓ આ કાવ્યનું પઠન કરતી વખતે ભાવવિભોર બની જઈ માનસિક તણાવની હદે પહોંચી જતા. આમાંનો આ વન્ય કાગ એ પોતાની આંતર પ્રકૃતિનું પ્રતીક છે. આથી આ કૃતિમાં જાત-અનુભવના અને જાત-ઓળખની મથામણના અંશો પડેલા છે. એમાંનું રહસ્યમય વાતાવરણ અને લયકેફ ત્યાંની મધ્યકાલીન સૃષ્ટિનો આડકતરો પ્રભાવ છે. ગઈ સદીના પૂર્વાર્ધના લગભગ અંતે એટલે કે ઈ.સ. ૧૮૪૫માં 'ધ રેવન' રચનાના પ્રકાશનથી અમેરિકી સાહિત્યજગતમાં નવો વળાંક પેદા થયો હતો. એ વળાંકમાંથી નીપજતાં વલયોએ આધુનિકતાનો સ્પર્શ કર્યો હતો. કાવ્યની રહસ્યમય સૃષ્ટિ, વાક્છટા, વિવિધ પેરની પ્રાસભંગિઓ અને છંદોલયનો છાક આ કાવ્યને પોની અને અમેરિકન સાહિત્યની વિશિષ્ટ ઉપલબ્ધિ ઠેરવે છે. આવા કાવ્યનો આપણી ભાષામાં પ્રથમ વાર અનુવાદ મળે ત્યારે એ જે રૂપે હોય તેનો સ્વીકાર-સત્કાર કરવો રહ્યો. - ધી.પ.

પ્રાપ્ત પ્રકાશનો

અગિયાર દરિયા : કવિ શ્રી મનહર મોદીની ૧૯૮૩ થી ૧૯૮૫ દરમિયાનની ૯૬ ગઝલો અને ૧૫ મુક્તકોના સંગ્રહની બીજી આવૃત્તિ. (કાચું પૂઠું, ડિમાઈ સાઈઝના પૃ. ૧૪૪, કિં.રૂ. ૭૨)

મનહર અને મોદી : નિજી લાક્ષણિકતા-વાળી જુદી જુદી તસવીરોથી આભૂષિત આ સંગ્રહના પૂઠામાંની રંગીન તસવીરો તથા અંદરનાં પૃષ્ઠોમાં એવી જ બીજી તસવીરોના અત્રતત્ર વેરાયેલા ટુકડાઓ નજરે પડતાં એક વિશિષ્ટ ગઝલ સંગ્રહની પ્રતીતિ થાય છે. ૬૫ ગઝલો, પરિશિષ્ટ, પ્રશ્નોત્તર, વગેરે સાથેનો કવિ મનહર મોદીનો તાજેતરમાં પ્રકટ થએલો આ નવો સંગ્રહ છે. (કાચું પૂઠું, ડબલ ક્રાઉન સાઈઝ, કિં.રૂ. ૧૦૦.)

અનહદ અપાર વરસે : 'કવિ મેઘનાદ હરિશ્ચંદ્ર ભટ્ટ સ્મૃતિ પ્રકાશન'નું પ્રથમ પ્રકાશન : કવયિત્રી શ્રી નયનાબહેન જાનીનો આ પ્રથમ કાવ્યસંગ્રહ. (કાચું પૂઠું, ડિમાઈ સાઈઝનાં પૃ. ૧૧૨, કિં.રૂ. ૫૫.)

રોગરહસ્ય : પરેશાન કરતા, પીડતા, અસાધ્ય લાગતા ઘણા રોગો પરના નક્કર, સફળ અનુભવોનું ઉપચાર સાથેનું વૈદ્ય શ્રી લાભશંકર ઠાકરનું પુસ્તક. (પાકું પૂઠું, ક્રાઉન સાઈઝનાં પૃ. ૧૬૮, કિં.રૂ. ૬૩.)

સ્ત્રીઓના રોગો અને ઉપચાર : આ પુસ્તકમાં સ્ત્રીઓને લગતા અનેકવિધ રોગોનાં લક્ષણો અને આયુર્વેદિક ઉપચાર પર વૈદ્ય શ્રી લાભશંકર ઠાકર - 'પુનર્વસુ'- એ વિવરણ કરીને માર્ગદર્શન આપ્યું છે. (પાકું પૂઠું, ક્રાઉન સાઈઝનાં પૃ. ૨૮૦, કિં.રૂ. ૧૦૫.)

સર્વમિત્રની ઉપચારયાત્રા : આ પુસ્તકમાં વૈદ્ય લાભશંકર ઠાકર 'પુનર્વસુ'ની ઉપચારકથાઓ છે. (પાકું પૂઠું, ક્રાઉન સાઈઝનાં પૃ. ૨૪૦, કિં.રૂ. ૯૦.)

આચાર્ય દઢબલની ઉપચારકથાઓ : પાત્રો સરજીને આયુર્વેદ વિશે રસપ્રદ, લોકભોગ્ય શૈલીમાં લખવું શ્રી લાભશંકર ઠાકર 'પુનર્વસુ'ને ગમે છે એવા એક ગંભીર પાત્ર આચાર્ય દઢબલની આ ઉપચારકથાઓ છે. (પાકું પૂઠું, ક્રાઉન સાઈઝનાં પૃ. ૨૬૪, કિં.રૂ. ૯૯.)

• **નવદંપતીને :** બહેનને મોટાભાઈએ અને દિયેરને ભાભીએ લખેલા અંગત પત્રોરૂપે જાતીય જીવન અને દામ્પત્યસુખ સંદર્ભે સાચું માર્ગદર્શન આપતું વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી લિખિત પુસ્તક. (પાકું પૂઠું, ક્રાઉન સાઈઝનાં પૃ. ૨૦૦, કિં.રૂ. ૭૫.)

ક્રિકેટની ઑલિમ્પિક-વિશ્વકપ ક્રિકેટ : વન ડે ક્રિકેટ માટે સમય જતાં વિશ્વકપનું આયોજન થાય છે તેનો ઇતિહાસ આલેખતું લેખક શ્રી ગૌતમ ઠાકરનું પુસ્તક. (કાચું પૂઠું, ડિમાઈ સાઈઝનાં પૃ. ૧૧૨, કિં.રૂ. ૫૦.)

ઉપરનાં નવ પુસ્તકોના પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ગજવામાં ગામ : શ્રી મનોહર ત્રિવેદીનો ટૂંકી વાર્તાઓ અને લઘુકથાઓનો સંગ્રહ. (પાકું પૂઠું, ડિમાઈ સાઈઝનાં પૃ. ૧૬૮, કિં.રૂ. ૧૫૦. પ્રકાશક : કવિશ્રી મનોહર ત્રિવેદી અભિવાદન સમિતિ, જનપદ પ્રકાશન, ઢસા જંકશન - ૩૬૪૭૪૦.)

ઘરવખરી : આ પુસ્તકમાંના નાના-મોટા

(અનુસંધાન પૃ. ૪૨૨)

અતીતમાં અવગાહન

જવાનો !

કહો, તમે જુવાન છો કે ? તો પછી હાથ પર હાથ ચડાવી બેઠા કેમ છો? શું કાંઈ કામ મળતું નથી? કામની ક્યાં કમી છે? પાંચ માઈલ દોડી નાખો! પાવડો ઉઠાવો ને જમીન ખોદી કાઢો. દોરડું ને ડોલ ઉઠાવો ને કૂવામાંથી પાણી ખેંચી ધરતી તર કરી દો. કુહાડી ઉઠાવો ને સાંજ સુધીમાં પાંચ મણ લાકડાં કાપી લાવો. એમ ન કરી શકો તો ઘેરઘેર ફરી બીમારોને જુઓ; જેનું કોઈ ન હોય તેને મદદગાર થાઓ.

ખાવાનું શું, એમ પૂછો છો? અરે, ખાવાનું જરૂર મળશે. કીડીથી કુંજર સુધી કોઈ ભૂખ્યું નથી સૂતું; તમે પણ નથી સૂવાના. તમને કામ કરતા જોઈ કુટુંબવાળા જાગી જશે; સમાજ થડકી જશે; સરકાર કંપશે. ખાવાનું જરૂર મળશે. દેવ મદદ કરે છે પણ એમને કે જે હાથપગ હલાવે છે, મગજને વિકસાવે છે. આ પૃથ્વી પર તમારો પણ એટલો જ હક છે, જેટલો હૈદર કે શિવાજીનો હતો; આજે દ વેલેરા કે સ્ટાલિનનો છે. હિંમત જોઈએ.

બાળપણનાં સ્વપ્ન યાદ છે? તે વેળા શાના વિચારો આવતા હતા? જંગલો ઘૂમવાના ? તો કેમ નીકળી પડ્યા નહિ? માબાપનો ડર હતો? પણ આજ કોનો ડર છે? ભાઈબહેનનો? દોસ્તોનો? એવા ડર તો કમબખ્ત મરતા સુધી હેરાન કરવાના. ભાઈબહેન પછી બૈરીનો, પછી બાળબચ્ચાંનો, ને પછી કોણ જાણે કેટલાં જણનો! એ ડરને ફેંકી દો.

તમારી ઉંમર કેટલી? સોળ વર્ષ? સોળ વર્ષનો જવાન બાપકમાઈ ઉપર ગુજારો કરે? છોડો એ સહારો, ને લાગી જાઓ કામ પર. દિવસ આખો લાગ્યા રહો. સાંજે જ બહાર નીકળો. ને જુઓ કે આખા દિવસની કમાઈ હાંસલ કરો છો કે નહિ. પોતાની કમાઈનું ખાઈએ એમાં જ ખરો આનંદ છે. સાચની તાકાત જુદી છે. હું સોળ વરસની વયથી જાતકમાઈ પર રહું છું. પિતાજીની સંપત્તિ બહુ હતી. પણ મેં તેનો ઉપભોગ નથી કર્યો.

પણ તમને આ વાતમાં ભરોસો નથી પડતો, ખરું ને? સૌના હાલ એ જ હોય. પહેલાં તરવાનું આવે ત્યારે સૌ ડરે છે, પણ એક વાર ઝંપલાવતી વખતે તો ડર ઉડાવી દેવો પડશે. ડર કોઈ ચીજ નથી. અજ્ઞાનનું જ એ ફળ છે. જે રસ્તે જવું ન હોય તેનું બીજું નામ ડર. જે જે સ્વપ્નો બચપણમાં તમારો અંતરાત્મા રચી રહ્યો હતો તે પૂરાં કરવાને કટિબદ્ધ થઈ જાઓ. એ જ મંત્ર છે.

તા. ૧ જુલાઈ, ૧૮૫૨ : હિંદમાં પહેલવહેલી ટપાલ-ટિકિટ બહાર પડી. એ માત્ર સિંધ પ્રાંત પૂરતી ત્યાંના કમિશનર સર બાર્ટલ ફ્રીઅરે કાઢેલી. તે પર ઈસ્ટ ઇંડિયા કંપનીના નામના પ્રથમાક્ષરો 'EIC' વાળી સંજ્ઞા, ટિકિટની૧/૨ આનાની કિંમત તથા ચોમેર ગોળાકારમાં Scinde District Dawk શબ્દો લખેલા હતા. લાલ, વાદળી અને સફેદ એમ ત્રણ રંગમાં એ નીકળેલી. 'સિંધ ડાક' નામે ઓળખાતી એ ટિકિટો વિરલ ગણાય છે.

તા. ૧૪ જુલાઈ, ૧૭૮૪ : આપખુદ રાજા, જુલ્મી જમીનદારો ને અમીરો તથા ધર્મગુરુઓના અત્યાચારોથી ત્રાસેલી ફ્રેંચ પ્રજામાં લાંબા સમયથી ધૂંધવાઈ રહેલી આગ આખરે ભભૂકી જુલમગારોની ઈતરાજીનો ભોગ બનેલા સેંકડો લોકોને જ્યાં ગેરકાયદે ગોંધી રાખવામાં આવતા એ મૂર્તિમંત દોઝખ સમા બાસ્ટિલના કિલ્લા પર વિરાટ લોકદળે હુમલો કરી અંદરના કેદીઓને મુક્ત કર્યા ને તેને જમીનદોસ્ત કર્યો. રાજાશાહીનો અંત લાવી 'સ્વતંત્રતા, સમતા અને બંધુતા' સ્થાપવા માટેની ફ્રાંસની જગપ્રસિદ્ધ રાજક્રાંતિનું આ મંગળાચરણ હતું.

- મહાત્મા ભગવાનદીન ('કુમાર' અંક ૫૪૭ માંથી)

અનુસંધાન] **સાહિત્યસંપર્ક** [પૃ.૪૨૧થી ઓગણીસ નિબંધો સાચા અર્થમાં નિબંધ-સ્વરૂપે ભાસે છે ત્યારે કવિશ્રી મનોહર ત્રિવેદીને પૂછી શકાય કે આ 'ઘરવખરી' કાંઈ અડધી જિંદગીએ જાતાં વીંખવાની નથી નથી... (પાકું પૂઠું, ડિમાઈ સાઈઝનાં પૃ. ૯૬, કિં.રૂ. ૧૦૦ પ્રકાશક : ઉપર મુજબ.)

છુટ્ટી મૂકી વીજ : શ્રી મનોહર ત્રિવેદીના આ કાવ્યસંગ્રહનાં કાવ્યોમાં ગ્રામપરિવેશમાં આવતું ગ્રામનારીના મનોભાવનું આલેખન આપણને સ્પર્શી જાય છે. ઋતુઋતુના ભાવવિવર્તો પણ સરસ નિરૂપણ પામ્યા છે. (પાકું પૂઠું, ડિમાઈ સાઈઝનાં પૃ. ૧૫૨, કિં.રૂ. ૧૫૦, પ્રકાશક : ઉપર મુજબ.)


પુરસ્કૃત સર્જકો

કલકત્તા-સ્થિત ભારતીય ભાષા-પરિષદે ભારતની ચાર દિશાઓના ચાર સાહિત્યકારોનું સર્જક તરીકે સન્માન કરવાનું ઠરાવ્યું છે. પશ્ચિમ દિશાના લેખકનું સન્માન ગુજરાતી ભાષાને ફાળે ગયું છે તે આનંદની વાત છે. ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર-કવિ ડૉ. સુરેશ દલાલની સર્જક-સન્માન માટે વરણી થઈ છે. તેઓને જુલાઈના ત્રીજા કે ઑગસ્ટના બીજા અઠવાડિયામાં કલકત્તા મુકામે આમંત્રિત કરવામાં આવશે તથા રૂપિયા એકાવન હજારની રકમ, તામ્રપત્ર અને શાલ અર્પણ કરી તેમનું બહુમાન થશે.

સ્વ. ધૂમકેતુના પરિવાર અને ગૂર્જર પ્રકાશન તરફથી દર વર્ષે 'ધૂમકેતુ નવલિકા પુરસ્કાર' એનાયત થાય છે. છેલ્લાં ત્રણ વર્ષમાં પ્રકટ થયેલા ઉત્તમ વાર્તાસંગ્રહના લેખકને તે પુરસ્કાર અપાય છે. શ્રી ઉત્પલ ભાયાણીના નવલિકા-સંગ્રહ 'ખતવણી'ને ૯૪-૯૫-૯૬નાં વર્ષોના શ્રેષ્ઠ સંગ્રહ તરીકે પસંદ કરવામાં આવ્યો છે. શ્રી ઉત્પલ ભાયાણીને પારિતોષિકરૂપે રૂપિયા પાંચ હજારની રકમ અપાશે. આ અંગેનો સમારંભ આ માસમાં અમદાવાદ મુકામે યોજાશે. આ અગાઉ 'ખતવણી'ને સાહિત્ય પરિષદનું પારિતોષિક અને ઉત્તમ પ્રોડક્શનનું ઈનામ પણ મળેલ છે.

દીવ (દેશાટન-૬)

વેરાવળ નજીક ખંભાતના અખાતમાં સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગે દીવ આવેલું



છે. તેનું ક્ષેત્રફળ ૪૦ ચોરસ કિ.મી. છે. રાજકોટ જિલ્લાના ઊનાથી એ ૧૫ કિ.મી.ના અંતરે છે. લગભગ ૪૫૦ વર્ષના પૉર્ટુગીઝોના શાસનકાળ પછી ઈ. ૧૯૬૧માં એ સ્વતંત્ર બન્યું. આથી ત્યાં પૉર્ટુગીઝોની સંસ્કૃતિના ઘણા નમૂનાઓ મોજૂદ છે.

ત્યાંનો શાંત અને રમ્ય દરિયાકાંઠો અને વાતાવરણ આહ્લાદક છે. દીવથી ૭ કિ.મી. દૂર નાગોવા નામનું તાડવૃક્ષોથી શોભતું સ્થળ પ્રવાસીઓને આકર્ષે છે. વળી, ગોમતીમાલા નામક શ્વેત વેળુવાળો શાંત અને એકાંત દરિયાકિનારો છે. ત્યાં 'ફૉર્ટ ડી માર્ક' નામનો વિશાળ ઐતિહાસિક કિલ્લો છે, જેનું બાંધકામ ઈ. ૧૫૩૫માં થયું હતું. ત્રણ બાજુ સાગર અને ચોથી બાજુ એક સાંકડી નહેરથી આ કિલ્લો સુરક્ષિત છે. એમાં એક ઊંચી દીવાદાંડી અને 'અવર લૅડિ ઑવ્ સી' નામનું પ્રાર્થનાઘર પણ છે. ૧૬૧૦માં રચાયેલું સૅન્ટ પૉલ નામનું દેવળ તેની કાષ્ઠકળાથી જાણીતું છે અને તે ગૉથિક વાસ્તુકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. ત્યાં 'સૅન્ટ ફ્રાન્સિસ ઑવ્ એસિસિ'ના દેવળનો જીર્ણોદ્ધાર કરાયો છે. પૉર્ટુગલ રાજ્યકાળની લાકડા તથા પથ્થરની કોતરણીવાળી અનન્ય મૂર્તિઓ અહીંના સંગ્રહાલયમાં રાખવામાં આવી છે. અહીંના સાગરતટ પર આવેલાં ગંગેશ્વર, પાર્શ્વનાથ, મહાલક્ષ્મી અને કંકઈનાં મંદિરો પણ ભાવિકો માટે આકર્ષણરૂપ છે.

દીવ ગુજરાતનાં મુખ્ય શહેરો સાથે સડકમાર્ગોથી જોડાયેલું છે. રેલ અને વાયુયાન સેવા ત્યાં જવા માટે ઉપલબ્ધ છે. મુંબઈથી હવાઈમાર્ગે ત્યાં જઈ શકાય છે. ('યોગક્ષેમ'ને આધારે)



આંગણમાં આવીને વરસી
જુદી પડેલી એક વાદળી કોને રહી છે તલસી?
જળથી ભીની ટેકરીઓ ત્યાં જળથી ભીનાં ઝાડ
જળ વચ્ચે ઘૂઘવતી નદીઓ જાય વીંધતી પ્હાડ
પાણીપાણી સીમ-ગામ ને કોરાં રહ્યાં ઊંઘણશી.

('છુટ્ટી મૂકી વીજ'માંથી) - મનોહર ત્રિવેદી

આનંદ શંકરની વિદાય

'બાબા (બાપુજી) મને છુટ્ટી પડતાં સ્કૂલે લેવા આવતા ત્યારે મારા પ્રાણ જે આનંદથી નાચી ઊઠતા એ નાચ કંપોઝ કરવો બાકી છે. છુટ્ટીનો બેલ પડતાં વિદ્યાર્થીઓનો જે ઉલ્લાસ ઊમટે છે, એ સાઉન્ડનું એક મસ્ત મ્યૂઝિક બની શકે છે. છુટ્ટીનો સંકેત મળતાં જ મારી નાનકડી છાતીમાં નદી કાંઠા તોડીને ખળખળાટ વહેવા લાગતી. મુક્તિના આનંદથી પંખીઓનું એક ઝુંડ કિલકિલાટ કરી ઊઠતું. આ મૂડ પરથી એક જબરદસ્ત ઑરકેસ્ટ્રા બનાવી શકાય. મારે માટે છુટ્ટીનો અર્થ બીજો જ હતો - છુટ-ટી...'

- આ શબ્દો છે આનંદ શંકરના. મોટી ઉંમરે પણ નાનપણના છુટ્ટીના આનંદ ને રોમાંચ જાણે એ જ હતા. સંગીતના ઉન્મેષોથી કાયમ ઊભરાતા રહેતા. આંતરરાષ્ટ્રિય સંગીતસૃષ્ટિમાં આનંદ શંકર એક માતબર નામ છે. પિતા ઉદય શંકર અને માતા અમલા શંકરનો કળાનો વારસો એમની આગવી રીતે જાળવ્યો અને દીપાવ્યો. અવસાન વખતે ઉંમર ખાસ નહોતી, માત્ર છપ્પન વર્ષ. ગઈ ૨૭મી માર્ચે અચાનક કળારસિકોને આંચકો આપીને કાયમની છુટ્ટી લીધી.

સદા અવનવા સર્જનમાં વ્યસ્ત રહેતા. દુનિયા યાદ રાખશે એમના બહુઆયામી અને અનેક તથા નવનવા ઉન્મેષોથી ઉભરાતાં સંગીતસર્જન માટે. યામાહા સિન્થેસાઈઝર અને સિતાર અહીં અડખે-પડખે ચાલતાં. ભારતીય મેલડીના રિધમમાં વિદેશી બેઝનો એમનો સ્પર્શ કોઈ અપૂર્વ આસ્વાદ જગાડતો.



મા અમલા શંકર, બહેન મમતા, કાકા રવિ શંકર, પિતા ઉદય શંકર સાથે તરુણ આનંદ

કળા તો ગળથૂથીમાં જ મળી હતી. તેમાં આગળ વધવું જેટલું સહજ હતું એટલું જ વિકટ હતું એમને માટે 'સ્પિરિટ ઑવ્ ઈન્ડિયા' ઉદય

શંકરની લાંબી પ્રભાવછાયમાંથી બહાર નીકળવાનું. એ જ રીતે સિતારવાદક આનંદ શંકરને ઘેરી રહેલી હતી કાકા રવિ શંકરની 'લાર્જર ધૅન લાઈફ' ઇમેજ. સિંધિયા સ્કૂલની સ્કૂલ ફાઈનલના આ વિદ્યાર્થી એટલે જ નૃત્યને બદલે સંગીત તરફ ઢળ્યા હતા અને સિતાર કે સરોદ, રવિશંકર કે અલી અકબર? - ની દ્વિધામાંથી છૂટીને બનારસના લાલમણિ મિશ્ર આગળ પોતાનામાંના કંપોઝરને પ્રગટાવવા તરફ વળ્યા હતા.

૧૯૭૦માં અમેરિકાથી આનંદ શંકરનું પહેલું આલબમ 'આનંદશંકર ઍન્ડ હિઝ ઑરકેસ્ટ્રા' બહાર પડ્યું. તેના પ્રકાશક વૉર્નર બ્રધર્સની ઇચ્છા આનંદ શંકરને રવિ શંકરના ભત્રીજા તરીકે પ્રોજેક્ટ કરવાની હતી. આનંદ એ માટે તૈયાર નહોતા. આ માનસિકતાએ કરીને જ પોતાની ઇમેજ પોતાની કલાપ્રતિભામાંથી શોધી અને પ્રકટાવી. પિતા ઉદય શંકર બીમાર હતા ત્યારે સાથે રહેવાનું બન્યું એ દરમિયાન અમેરિકાના સાન્ટિયાગો શહેરમાં અનેક દેશીવિદેશી કલાકારોનું સંગીત સાંભળ્યું. જેમાંથી એક અદ્દ્ભુત રસાયન આનંદના માનસમાં પ્રકટ્યું. એક તરફ શુદ્ધ માર્ગસંગીત, બીજી તરફ સિનેમા - આ ખાલી જગ્યા સ્વસ્થ સંસ્કૃતિ વડે પૂરવી જરૂરી છે એમ વિચારીને પૉપ્યુલર સંગીતને પડછે સર્જક સંગીતરચનાઓ પાછળ આનંદ મચી પડ્યા. દેશી વાજિંત્ર અને સૂરની ગત સાથે પશ્ચિમી બીટ, તે સાથે મંચ પર સાઇકેડેલિક પ્રકાશની માયાજાળ મેળવીને આનંદે એક અલૌકિક વ્યંજનાસૃષ્ટિ ઊભી કરી હતી. પછીથી તેમાં નૃત્યનું પણ ઉમેરણ કર્યું હતું. વિઝ્યુઅલ ઇમેજ અને સંગીતના લયતાલનું એ મિશ્રણ હતું. દિલ્હીના નેહરુ સ્ટેડિઅમના 'ભારતીયમ્' અથવા કલકત્તા ખાતે યુવવાણીના ઉદ્દ્ઘાટનસમારંભમાં આનંદ શંકરે એમની સંગીતમુદ્રા ઉપસાવી હતી. એકમાંથી અનેકના પ્રતિધ્વનિ અને ફરી અનેકમાંથી એકનો ગુંજારવ. સાર્ક અથવા એશિયન ગેમ્સનું થીમ મ્યૂઝિક, રિલાયન્સ વર્લ્ડ કપ અથવા રશિયા ખાતેનું ભારતોત્સવનું સમાપ્તિસંગીત, વિમલની જાહેરાતનું મૂડ મ્યૂઝિક અથવા સદ્દ્ભાવના, સ્વાતંત્ર્યપ્રકારનું એકતા-સંગીત અથવા 'આત્મોદય' - બધે આનંદસંગીતનો સર્જનવ્યાપ શ્રુતિગોચર થાય છે.

બ્રિટિશ ઍરવેઝે આનંદ શંકરે રચેલું સંગીત પીરસવા માટે એક ચેનલ ઊભી કરી હતી, જે બિના એમની સંગીતભાવનાના આંતરરાષ્ટ્રિય પાસાની માન્યતાને સમતુલ્ય છે. બૅકગ્રાઉન્ડ મ્યૂઝિક-રચનાની આનંદની મેધા ખાસ કરી મૃણાલ સેનના 'કલકત્તા ૭૧', 'પદાતિક' અને 'કોરસ'ના સાઉન્ડટ્રૅકમાં જળવાયેલી છે. ચલચિત્રક્ષેત્રે સંગીતદિગ્દર્શન માટેનો રાષ્ટ્રિય પુરસ્કાર એની જ સ્વીકૃતિ છે. બાસુ ચૅટરજીની દૂરદર્શન શ્રેણી 'વ્યોમકેશ' અથવા દેવ આનંદની 'પ્યાર કા તરાના' માટે એમણે સંગીત આપ્યું હતું. પણ સિનેમા સંગીત એ વાત્સવમાં પોતે તનુશ્રી સાથે સંગીતસર્જનની જે અવિરામ દડમજલ કરી રહ્યા હતા તેનું એક સામાન્ય વિરામસ્થાન હતું.

'પતંગ અને ફીરકી મને ખૂબ પ્રિય છે. ફિરકી જમીન ઉપર રહે છે. પતંગ આકાશમાં રહે છે. શરીર જમીન પર હોય છે... આકાશમાં કલ્પનાની પાંખ ગજા પ્રમાણે વીંઝવાની છે. જમીન પર વાસ્તવ છે, ઉપર કલ્પના. જીવન પણ ઘણી રીતે પતંગ જેવું જ છે. કલ્પના અવાસ્તિક અથવા ગજા બહાર ચાલી જતાં - ગોથું ખાઈને પડે છે - વો કાડડડ્ઢા. એમ આનંદ કહેતા. એ એકાએક એકીઆંચકે દોરી કાપીને અસીમમાં મળી ગયા! - રતિલાલ જોગી ('જનસત્તા'માંથી)

લેખકોની દુકાન

ખ્યાતનામ લેખક અસગર વજાદતના હંગેરી પ્રવાસની વાતો તો આપણે વાંચી છે, સાંભળી છે કે 'હંગેરી'માં પુસ્તક વાંચવાનો



શોખ ખૂબ જ પ્રસરેલો છે. એનું ઉદાહરણ ત્યાંના રાષ્ટ્રપતિ પણ છે, જે કલાકો સુધી પુસ્તકોની દુકાનમાં પુસ્તકો શોધતા રહે છે. હંગેરીની આ પુસ્તક સંસ્કૃતિ વિશે થોડું જાણીએ.

શું તમે એ કલ્પના કરી શકો છો કે કોઈ દેશના રાષ્ટ્રપતિ પુસ્તકોની એક દુકાનમાં એટલો રસ લે છે કે ફક્ત ત્યાં જતા હોય એટલું જ નહિ, પણ બેસે છે, વાંચે છે, સાહિત્યિક કાર્યક્રમોમાં ભાગ લે છે, ઉપરાંત દુકાનના પ્રમુખ પણ છે? આપણા જેવા દેશમાં જ્યાં પુસ્તકો અને સાહિત્યનો કોઈ ભાવ પૂછતું નથી ત્યાં આ હકીકત કંઈક વિચિત્ર જ લાગશે. હંગેરીના રાષ્ટ્રપતિ ગોયનેઝ પોતે ખૂબ જાણીતા હંગેરિયન લેખક છે. પુસ્તકોની એક દુકાન 'ઇરોક બોલત્યા'ના અધ્યક્ષ છે. આ પુસ્તકોની દુકાન 'લેખકોની દુકાન' ના નામે ઓળખાય છે, જે બુડાપેસ્ટની એક ખૂબ જ સુંદર સડક અન્દ્રાશી ઉત્સા પર આવેલી છે.

હંગેરીમાં સો ટકા ભણતર નથી. શિક્ષણ પણ છેલ્લાં પચાસ વર્ષથી ઉપલબ્ધ બન્યું છે. આમે પોતાની ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યના પ્રત્યે પ્રેમ, સમર્પણ અને કર્મઠતાનો ભાવ આપણે ત્યાં છે તેથી ત્યાં ઘણો જુદો છે. આપણે આંતરરાષ્ટ્રિય હિન્દી સંમેલન યોજીને સંતોષ મેળવી લઈએ છીએ. પરંતુ હંગેરિયન પોતાની ભાષામાં નવીનતમ અને આધુનિકતમ જ્ઞાન-વિજ્ઞાન ઉપલબ્ધ કરાવે છે. શ્રેષ્ઠ વિશ્વસાહિત્ય હંગેરિયન ભાષામાં ઉપલબ્ધ છે. સાહિત્ય વિશ્વકોશના તેર ભાગ પ્રકાશિત થઈ ચૂક્યા છે!

'ઇરાક બોલત્યા' એટલે કે 'લેખકોની દુકાન' ફક્ત પુસ્તકોની

દુકાન જ નથી, પરંતુ પોતાની રીતે તે એક સંસ્થા છે. આ સંસ્થાની વાત પણ ઘણી રોચક છે. બીજા વિશ્વયુદ્ધના દિવસોમાં જ્યારે બુડાપેસ્ટ શહેરની પૂરી નાકાબંધી થઈ ગઈ હતી તો અંદ્રાશી સડક પર એક 'જાપાન'નામનું રેસ્તુરાં હતું જે લેખકો માટે મળવાનું કેન્દ્ર હતું. પરંતુ યુદ્ધમાં આ કેન્દ્ર નાશ પામ્યું હતું. યુદ્ધ પછી આ રેસ્તુરાં એક પ્રકાશક મંડળે ખરીદી લીધું. તથા એના એક ભાગમાં પુસ્તકો રાખવામાં આવ્યાં. પુસ્તકોની સાથે સાથે રેસ્તુરાંના એક ભાગમાં સાહિત્યિક ગોષ્ઠિઓ વગેરે કરવા માટે પણ જગ્યા ફાળવવામાં આવી, અને પુસ્તકપ્રદર્શનનું આયોજન પણ રેસ્તુરાંનો એક મહત્ત્વનો ભાગ બની ગયો, ધીમે ધીમે એંસીના દશકા સુધી એની લોકપ્રિયતા ઘણી વધી ગઈ અને પ્રવૃત્તિઓનો ફેલાવો થયો.

૧૯૮૯માં જ્યારે સમાજવાદી સરકારનું પતન થયું તો બીજી સંસ્થાઓની જેમ આ સંસ્થાનું નિજીકરણ કરવા માટેની સમસ્યા સામે આવી. લેખકો, ચિત્રકારો, સંગીતકારો તથા બીજા કલાપ્રેમીઓએ સંસ્થાના કર્મચારીઓ સાથે મળીને સંસ્થાને નવું રૂપ આપવાનો પ્રસ્તાવ મૂક્યો. બધાએ એમાં ભાગ ખરીદ્યા. રાષ્ટ્રપતિ ગોયનેઝે આ સંસ્થાના અધ્યક્ષ બનવાનું સ્વીકાર્યું. આ રીતે લેખકોની દુકાન અસ્તિત્વમાં આવી.

આ ફક્ત પુસ્તકોની દુકાન નથી. અહીં આવી તમે કોઈ પણ પુસ્તક ઉઠાવી શકો છો. રેસ્તુરાંમાંથી કૉફી લઈ આરામથી બેસીને જ્યારે ઇચ્છો ત્યારે પુસ્તક વાંચી શકો છો. આ લેખકોની દુકાન એ વાત પર ભાર મૂકે છે કે તમે પુસ્તકો વાંચો, નહિ કે એનો ઉદ્દેશ્ય પુસ્તકો વેચીને પૈસા કમાવાનો. આ કારણે જ લેખકોની દુકાન પુસ્તકનો ધંધો ચલાવવાની ટ્રેઈનિંગ પણ આપે છે. ત્યાં સુધી શીખવવામાં આવે છે કે 'શો વિન્ડો'માં પુસ્તકોને કેવી રીતે સજાવવામાં આવે. હંગેરિયન પુસ્તકો ઉપરાંત અહીં પરદેશી ભાષાઓનાં પુસ્તકો પણ ખરીદી શકાય છે, અને વાંચી શકાય છે. આ લેખકોની દુકાન દુનિયાના ચારસો પ્રકાશકોના સંપર્કમાં છે અને અહીં જુદી જુદી જાતનાં છ હજાર પુસ્તકો દર વર્ષે મંગાવવામાં આવે છે.

- યશવન્ત કડીકર

પં. રવિ શંકરને એક અધિક પુરસ્કાર

તાજેતરમાં જ 'ભારતરત્ન'ના ખિતાબથી ભારત સરકાર દ્વારા નવાજાયેલા વિશ્વખ્યાત સિતારવાદક પંડિત રવિ શંકરને ૧૯૯૯ના વર્ષ માટેનો જર્મનની 'આંતરરાષ્ટ્રિય ફિલ્મ અને મીડિયા' સંસ્થા દ્વારા સંગીતક્ષેત્રે રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચે સાંસ્કૃતિક



સૌહાર્દ વધારવાની સાંગીતિક પ્રવૃત્તિ બદલ પુરસ્કૃત કરવામાં આવ્યા છે. ૧૯૯૫માં સિનેમાની સહસ્ત્રાબ્દી નિમિત્તે જર્મનીએ શરૂ કરેલો આ પુરસ્કાર પ્રાપ્ત કરનાર રવિ શંકર ત્રીજા મહાનુભાવ છે. જર્મનીની મહત્ત્વની સાંસ્કૃતિક સંસ્થાઓના સભ્યોની બનેલી એક સમિતિ આ પુરસ્કાર માટે વિશ્વભરમાંથી યોગ્ય વ્યક્તિની પસંદગી કરે છે. આ સંસ્થાઓમાં ત્યાંનાં ગ્યૂથે પ્રતિષ્ઠાન, જર્મન મ્યૂઝિક કાઉન્સિલ અને જર્મન ફોનો અકાદમીનો સમાવેશ થાય છે. જૂન ૧૯૯૯ની ૧૨મી તારીખે બૉનમાં એક સમારોહ યોજી આ પુરસ્કાર એનાયત થયો. દશ્ય-શ્રાવ્ય માધ્યમનાં ક્ષેત્રે સંગીતના સાંસ્કૃતિક અને આર્થિક મહત્ત્વપૂર્ણ પ્રદાનને કેન્દ્રમાં રાખી યોગ્ય કલાકારની આ પુરસ્કાર માટે વરણી કરવામાં આવે છે. પંડિત રવિશંકરના સન્માન દ્વારા જાણે કે ભારતના કલાક્ષેત્રનું જ બહુમાન થયું છે!

અનુસંધાન] કલાવૃત્ત [પૃ.૪૨૧થી

જ પ્રકારની બોર્ડરની ડિઝાઈન, રંગકામ અને આકારોના આલેખનમાં ચોકસાઈ અને સ્વચ્છતા ખાસ ધ્યાનપાત્ર છે. 'ગીતગોવિંદ' પર આધારિત આ આકર્ષક સંરચનાઓ તેઓ વર્ષોથી કરતા આવ્યા છે અને તે માટે મધ્યપ્રદેશનાં પારિતોષિકો પણ પ્રાપ્ત કર્યાં છે.

ભરત પંચાલનાં 'રામાયણ'ના પ્રસંગો પર આધારિત ચિત્રો પણ ભારતીય ચિત્રશૈલીની પરિપાટીનાં છે. 'લંકાદહન' શીર્ષકવાળું ચિત્ર તેની સંરચના તથા રંગયોજના માટે ખાસ ધ્યાનપાત્ર બન્યું છે. અન્ય ચિત્રોમાં માનવ આકૃતિઓ કરતાં શૈલીગત વૃક્ષો વધારે પડતાં મોટાં દર્શાવવામાં આવ્યાં છે.

બળદેવ પુરબિયા કલાઅધ્યાપક ઉપરાંત સ્વયં રમતવીર છે. તેથી તેમનાં ચિત્રો રમતોના તેમના અનુભવ પર આધારિત છે. સ્ફૂર્તિવાળા ફૂટબૉલના રમતવીરોની ગતિશીલતા, તેમની ઊંચી, પાતળી આકૃતિઓ, દોડ અને ટેન્શનની લાગણી સર્જતી સંરચનાઓ ધ્યાનપાત્ર છે.

ભરત પટણીનાં શ્વેતશ્યામ ડ્રૉઇંગ્સમાં સશક્ત ગ્રાફિક ગુણવત્તા છે. તેમનાં અગાઉનાં ચિત્રોની માફક આ ચિત્રોનાં જૂનાં ભગ્ન મકાનો, નિસરણીઓ, બારીઓ જેવા આકારો રજૂ કરવામાં આવ્યાં છે. તેમાં રેખાઓનો કલાત્મક વિનિયોગ આકારો સર્જવા માટે કરવામાં આવ્યો છે.

- બંસીલાલ દલાલ

મન બન્ધન ભોગવે, મને મિથ્યા વ્યવહાર;
એ મન જ્યારે ઉન્મુની થયું, દીસે અપરંપાર.

— ગોપાળદાસ

ટૉમસ આલ્વા એડિસન પોતાના સંશોધનકાર્યમાં વારંવાર નિષ્ફળ જતાં તેમના સહકાર્યકરો હતાશ થઈ ગયા. ૭૦૦મી વાર તેઓ પ્રયોગમાં નિષ્ફળ ગયા ત્યારે એક સાથીએ કહ્યું કે, હવે તમે આ શોધ પડતી મૂકી અન્ય પર કામ કરવાનું શરૂ કરો. એડિસને ખૂબ જ ધૈર્યથી જવાબ આપ્યો કે, જો હજારમી વારના પ્રયોગ વખતે સફળતા નિર્માઈ હશે તો તો હવે આપણે માત્ર ૨૯૯ વાર જ પ્રયોગ કરવાના રહ્યા! નિષ્ફળતાથી નિરાશ થયેલા સહુ સાથીઓમાં આશાનો પુનઃ સંચાર થયો.

*

કળથીનો ઉકાળો પીવાથી પથરીના દુખાવામાં રાહત અનુભવાય છે.

*

સામાન્ય રીતે બાળક જન્મે છે ત્યારે તેના મોંમાં દાંત હોતા નથી. પરન્તુ ફ્રાન્સનો રાજા લૂઈ જન્મ્યો ત્યારે તેના મોંમાં બે દાંત હતા!

*

કલકત્તાના બોટનિકલ બગીચામાં એક એવું વૃક્ષ છે જેને ૧૭૭૫ ડાળીઓ છે. વળી, તેનો ઘેરાવો ૧૩૫૦ ફૂટ છે અને તે આ બાગની ૧૩ એકર જમીન પર પથરાયેલું છે.

*

બ્લૂ વ્હેલ નામક માછલીની લંબાઈ ૧૧૩ ફૂટ અને તેનું વજન ૧૯૦ ટન હોવાનું નોંધાયું છે.

*

BMX એટલે શું તે જાણો છો? ઈ. ૧૯૮૦ના દાયકામાં સાઈકલ દ્વારા અજાણ પ્રદેશમાં પ્રવાસનું સાહસ કરવામાં આવ્યું ત્યારે સ્ટંટ સવારી માટે કોઈ પણ યુવકને બહુગીઅરવાળી અને ચકચકિત રંગવાળા શક્તિશાળી સાઈકલ વગર ચાલતું નહિ. આવી સાઈકલને 'bycycle motocross' કહેવામાં આવતી. એના આદ્યાક્ષરો તે BMX સંજ્ઞાથી પ્રસિદ્ધ થયા.

ગણિતગમ્મત

૧૨૩૪૫૬૭૯ની ખૂબીઓ - ૧.

૮ સિવાયના ૧ થી ૯ સુધીના અંકોને ક્રમિક રીતે ગોઠવીને આઠ આંકડાની બનતી સંખ્યા ૧૨૩૪૫૬૭૯ ઘણી રીતે વિશિષ્ટ છે. અહીં તેના જાણીતા અને ન જાણીતા વિશિષ્ટ ગુણધર્મોનું રસદર્શન કરીએ.


આ સંખ્યાને ૨ થી ૮ સુધીની પણ ૩ થી વિભાજ્ય ન હોય તેવી સંખ્યા વડે ગુણતાં જે ગુણાકાર મળે છે તેમાં પણ ૧ થી ૯ સિવાયની બાકીની ૮ સંખ્યા હોય છે. નીચે જુઓ :

૧૨૩૪૫૬૭૯X૧=૧૨૩૪૫૬૭૯ (૮ ગુલ)
૧૨૩૪૫૬૭૯X૨=૨૪૬૯૧૩૫૮ (૭ ગુલ)
૧૨૩૪૫૬૭૯X૪=૪૯૩૮૨૭૧૬ (૫ ગુલ)
૧૨૩૪૫૬૭૯X૫=૬૧૭૨૮૩૯૫ (૪ ગુલ)
૧૨૩૪૫૬૭૯X૭=૮૬૪૧૯૭૫૩ (૨ ગુલ)
૧૨૩૪૫૬૭૯X૮=૯૮૭૬૫૪૩૨ (૧ ગુલ)

(સંકલિત) - નૌતમભાઈ વખારિયા

*

પૅરિસમાં ભરાઈ ગયેલા ઑટોમોબાઈલોના આન્તરરાષ્ટ્રિય મેળામાં સૌથી વધુ પર્યાવરણરક્ષક વીડબ્લ્યૂ લ્યૂપો નામની કાર રજૂ થઈ હતી. ત્રણ લીટરથી પણ ઓછા ડિઝલમાં આ કાર ૧૦૦ કિ.મી.થી પણ વધુ મજલ કાપી શકે છે.



શાંતિથી સાંભળે, સારું સ્વીકારે અને નરસું ત્યજી દે તે ખરો બુદ્ધિમાન.
(ચિન્મયાનંદજી)

નગ્ન સત્ય

કોઈ પ્રસંગ કે વસ્તુ અંગે જ્યારે કશુંજ છુપાવવાનું ન હોય ત્યારે 'નગ્ન સત્ય' એ શબ્દ પ્રયોગ યોજાય છે.

આ અંગે પૌરાણિક કથા એવી છે કે સત્ય અને જૂઠની દેવીઓ પોતપોતાનાં કપડાં સરોવરને કાંઠે ઉતારીને નહાવા પડી. જૂઠની દેવી પ્રથમ બહાર નીકળી અને તે જાણી જોઈને સત્યની દેવીનાં કપડાં પહેરીને ચાલી ગઈ. (જૂઠ ઘણી વાર સત્ય જેવું દેખાવાનો ડોળ કરે છે તે આ જ કારણે) સત્યની દેવી બહાર નીકળી અને તેને પરિસ્થિતિનો ખ્યાલ આવતાં પૂરી વિચારણા બાદ જૂઠનાં કપડાં પહેરવાને બદલે તેણે નગ્ન રહેવાનું જ પસંદ કર્યું!

ધીરુભાઈ એન. શાહ (વલ્લભવિદ્યાનગર)

*

રાતના અન્ધારામાં એક પાગલખાનામાં બે પાગલો વાતે ચઢ્યા. એકે અંધારામાં ઊંચે આકાશ તરફ ટૉર્ચ ચાલુ કરી અને બીજાને કહ્યું, 'તું આ ટૉર્ચના અજવાળે અજવાળે ઉપર ચઢ. સ્વર્ગે પહોંચી જઈશ.'

બીજાએ કહ્યું; 'પણ તું અધવચ્ચે ટૉર્ચ બંધ કરી દે તો!'



કલાકણિકા : નૃત્યની મુદ્રામાં ગણપતિ. ઉત્તર બંગાળમાંથી મળી આવેલી ૧૧મી શતાબ્દીની એક પ્રતિમા.